શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૬મું
માર્ચ : ૨૦૨૩ ● અંક : ૯
કુલ પાના : ૫૨

૧૫ માર્ચ, ૨૦૨૩ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૩-૨૦૨૩ કિંમત : રૂા. ૧૮/-



## ક્રાંતિકારી અમર શહીદ
## હેમુ કાલાણી

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
Website : www.kutchisamajahmedabad.org.

તંત્રી મંડળ :
અશોક મહેતા (મુખ્ય તંત્રી)
હિમાંશુભાઈ ઠક્કર

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

કચ્છ શ્રુતિને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

સાચા મિત્રોના હાથ પર ક્યારેય
ફ્રેંડશિપ બેલ્ટ નથી હોતા
મિત્રતાના દિવસ નહિ,
પણ દાયકાઓ હોય છે.

મિત્રતા હોય તો સુદામા - કૃષ્ણ
જેવી હોવી જોઈએ સાહેબ
એક કશું માંગતો નથી,
એક બધું જ
આપીને જણાવતો નથી.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

# CIMS સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ







**Dr. Dhiren Shah**
Director and consultant
Cardiac surgeon and
Cheif Heart Transplant
Surgeon,
Cims Hospital

**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઇનોલોજી
- ઇએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એસ્થેટીક એન્ડ આઇવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઇ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેક્શન એન્ડ એલર્જીક ડિસીઝ
- ઇન્ટરનલ મેડિસીન
- જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઇન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિએશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઇન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ**
**જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ**
**કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ**
**જ્યાં સફળતા પૂર્વક**
**ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા**
**5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન)**
**ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH | Ethics Committee | NABL | ACC | Green OT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઇમેલ : info@cims.org | www.cims.org

**એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:

# 'નવનીત'નાં જનરલ નોલેજ માટેનાં પ્રકાશનો




શૈક્ષણિક, વૈજ્ઞાનિક, વ્યાપારિક, રાજકીય, માનવીય, શારીરિક, માનસિક, બૌદ્ધિક, વ્યાવસાયિક, સ્વાસ્થ્યલક્ષી, વાસ્તુલક્ષી, ખેચર-ભૂચર-જળચર, પશુ-પંખી-જીવ-જંતુ-કીટાણુ, વાનસ્પતિક, જૈવિક, ભૌગોલિક, ખગોળીય, બ્રહ્માંડીય/વૈશ્વિક–તમામ વિષયો માટે "ગાગરમાં સાગર' સમાં ને જ્ઞાનના ખજાના જેવાં આ પ્રકાશનો દરેક ઘરમાં અવશ્ય હોવાં જ જોઈએ. આજે જ વસાવી લેશો. આબાલ-વૃદ્ધ સૌ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે !

દરેક બુકસેલરને ત્યાં મળે છે.

વર્ષ-૩૬ ● અંક – ૯
૧૫ માર્ચ, ૨૦૨૩

● માનદ્ સલાહકાર ●

શ્રી હંસરાજ કંસારા

● તંત્રી મંડળ ●

અશોક મહેતા - મુખ્ય તંત્રી
મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯/૯૮૭૯૦ ૬૩૧૦૦

હિમાંશુભાઈ ઠક્કર
મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪

❖

પત્ર વ્યવહારનું સરનામું

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,
કોચરબ આશ્રમની સામે,
એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

❖

'Kutch-Shruti' Available on

www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

❖

કચ્છ શ્રુતિ લવાજમ

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

*ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ – અમદાવાદ'ના નામનો મોકલવો.*

*'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી.*

*- મુખ્ય તંત્રી*

## આ અંકમાં....

**તંત્રી લેખ**
● ભારતીય જન સમુદાયની આવતીકાલ ............ **અશોક મહેતા**....૭

**પ્રેરણાત્મક વિચારણા**
● મણકો-૧૫ : આનંદ અને ઉત્સાહને જીવનના અભિન્ન ભાગ બનાવો ... **પ્રવીણચંદ્ર ઠક્કર**....૧૦

**ક્રાંતિ કથા**
● ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિકથા
ચરણ-૧૬ : ક્રાંતિકારી અમર શહીદ – હેમુ કાલાણી............ **સંજય પી. ઠાકર**....૧૧

**સત્યાગ્રહ**
● દાંડીયાત્રાનો અહેવાલ............ **ડૉ. મિહિર એમ. વોરા**....૧૨

**સામુદ્રિક સમૃદ્ધિ**
● ભારતની સામુદ્રિક સમૃદ્ધિ અને સાવધાની............ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૧૪

**લોકસાહિત્ય**
● શ્રી હમીરજી રત્નુ લોક સાહિત્ય કેન્દ્ર, ભુજ - કચ્છ... **સંકલન : પુષ્પદાન શંભુદાન ગઢવી**....૧૫

**શિક્ષણ**
● પરીક્ષા પે ચર્ચા ............ **વનરાજસિંહ એચ. જાડેજા**....૧૯

**હાજીપીર**
● હાજીપીર (રહમતુલ્લાહ અલયહ) ............ **હાજી મહમદ લોઢિયા**....૨૦

**સ્મરણાંજલી**
● "ઝાલા... ગયા" ............ **યસુફ મીર**....૨૨
● **A Heart Warming Story** ............ ૨૪

**તંદુરસ્તી**
● માનસિક બીમારીઓ વિશે પ્રવર્તતી ગેરસમજ
અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૩............ **ડૉ. મણિલાલ ગડા/ડૉ. દિપ્તી શાહ (ગડા)**....૨૫

**વડીલ વંદના**
● ગામડું છોડીને સુરત આવેલા અનેક પરિવારોના વડીલોની સ્થિતિ ............ ....૨૭

**પુસ્તક પરિચય**
● 'નામ સ્મરણ અને જપ' (સંકલન : હરેશ ધોળકિયા) ............ **નિખિલ એચ. ઠક્કર**....૨૮

**વિશિષ્ટ દિવસ**
● માર્ચ ૨૧ના રોજ આખા વિશ્વમાં 'વિશ્વ વન દિવસ' ............ **ડૉ. મિહિર વોરા**....૨૯
● ૨૧મી માર્ચ : વિશ્વ વન દિવસ............ **ભરત'કુમાર' પ્રા. ઠાકર**....૩૦

**વ્યક્તિ વિશેષ**
● ભારતીય ઉદ્યોગના મૂલ્યનિષ્ઠ મહાનાયક : રાહુલ બજાજ ............ **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**....૩૩
● કચ્છના લોકસાહિત્યના કળાએલ મોરલા : દુલેરાય કારાણી .... **જગદીશચંદ્ર છાયા 'શ્રેયસ'**...૩૫
● લઘુકથા : વાત્સલ્ય : શ્રીમતી નિહારીકા અંજારીયા ● લઘુકથા : હક! : નજમા ગોલીબાર ......... ૩૭
● વૃદ્ધત્વ પગથી ઉપર તરફ શરૂ થાય છે! ............ ૩૮
● **વિજ્ઞાન જગત / માહિતી જગત ......... સંકલન : રસીકલાલ ખીમજી મહેતા**....૩૯
● **માતૃભૂમિ કચ્છના સમાચાર ............ સંકલન : ચૌલા કુરૂવા**....૪૦
● **અન્ય સંસ્થાઓના સમાચાર** ............ ....૪૭
● પ્રતિભાવ ● શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : અવસાન નોંધ ............ ૪૮

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

**ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો. સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :

પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૯૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૯૦
મેઘાણીનગર : મો. ૯૯૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

તંત્રીલેખ

# ભારતીય જન સમુદાયની આવતીકાલ



અશોક મહેતા

*પુરાતન સમયમાં ભારત એક દેશ તરીકે નહીં પરંતુ અનેક રાજ્યોમાં વહેંચાયેલું હતું. આ રાજ્યો અંદરો અંદર ઝઘડતા પણ હતા. બધા જ એકસંપ થઈને રહી શકતા ન હતા. પરિણામે એક રાજ્ય પર લૂંટારાઓ કે ધાડા આવતા ત્યારે અન્ય રાજ્યો તે જોઈ રહેતા પરંતુ એકબીજાની મદદે ના જતા. પરિણામ એ આવ્યું કે આજથી હજારેક વર્ષ અગાઉ ચંગીઝખાન, મહમ્મદ ઘોરી જેવા અનેક ધાડાઓએ ભારતના અનેક રાજ્યો પર લૂંટ ચલાવવા આક્રમણ કર્યું. લૂંટ બાદ કાં તો તેઓ પરત ફર્યા અથવા અહીં રહી, સત્તા કબજે કરી, પોતાની મહત્ત્વતા જાળવી રાખી. આ રીતે બાબર અહીં આવ્યા પછી અહીં રોકાઈ ગયા અને મોઘલોએ લાંબા સમય સુધી અહીં રાજ્ય કર્યું. ત્યારબાદ અંગ્રેજો આવ્યા. તેઓ ભારતના એક પછી એક રાજ્ય સર કરતા ગયા અને લગભગ ૨૦૦ વર્ષ સુધી અહીં રાજ્ય કર્યું.*

*એ સમયે ભારતીય નેતાગીરીની જાગૃતતા, દેશ માટે મરી ફીટવાની તમન્ના અને દેશને આઝાદ કરવાની ઝુંબેશના કારણે વર્ષ ૧૯૪૭માં ભારત આઝાદ થયું. વિદેશી સત્તા ગઈ, રાજાશાહી પણ નાબૂદ થઈ અને પ્રજાકીય સરકાર આવી. પ્રજામાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓએ સેવાકીય ભાવનાથી અને દેશને પ્રગતિના પંથે લઈ જવા અથાગ મહેનત કરી, જરૂરી કાયદા બનાવ્યા. શિક્ષણ, ખેતી, ઉદ્યોગ, વ્યાપાર, હેલ્થ વગેરે વિભાગોને પ્રોત્સાહન આપ્યું અને દેશને પ્રગતિના પથ પર લઈ જવા કોશિશ જારી રાખી. આઝાદી બાદની ૭૫ વર્ષની અથાગ મહેનત રંગ લાવી અને દેશ વિવિધ દિશામાં દોડતો થયો.*

*વર્ષ ૧૯૪૭ની આઝાદીના સમયે ભારતીયોની સરેરાશ ઉંમર ૪૬ વર્ષની હતી કે જે આજે ૬૮ વર્ષને પાર કરી ગઈ છે. સરકારે બારમાસી નદીઓ પર વિશાળ બંધો બાંધીને કેનાલો દ્વારા ખેતરે ખેતરે પાણી પહોંચાડતા ખેત પેદાશમાં ખૂબ જ વધારો થયો છે. ભારતના દરેક રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ઉદ્યોગોને પ્રોત્સાહન અપાતા, એક તરફ MSME સેક્ટર અને અન્ય તરફ મહાકાય ઉદ્યોગોથી ભારત ધમધમવા લાગ્યું છે. કાયમી દુષ્કાળગ્રસ્ત રહેતા કચ્છ જેવા પ્રદેશની સીકલ બદલાઈ અને તે ઉદ્યોગોથી ધમધમવા લાગ્યું છે. વિશ્વના અનેક દેશોમાં ભારતીય ઉદ્યોગોએ બનાવેલ પ્રોડક્ટ્સની આજે જોરદાર નિકાસ થાય છે. કોરોના સમયે આપણે સહુએ જાણ્યું કે કોરોનાને મહાત કરવાની વેક્સિનને ભારતે તત્કાલપણે અનેક દેશોમાં નિકાસ કરેલ હતી. શૈક્ષણિક ક્ષેત્રની વાત કરીએ તો આજે પ્રાથમિક, માધ્યમિક અને હાયર એજ્યુકેસનમાં ભારતના મોટાભાગના બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. નિરક્ષરતા નાબૂદ થવા આવી છે. આઝાદી સમયે ભારતમાં જ્યાં જૂજ સંખ્યાની યુનિવર્સિટીઓ અને કોલેજો હતી ત્યાં આજે ૯૦૦થી પણ વધુ યુનિવર્સિટીઓ અને ૩૬,૦૦૦થી પણ વધુ કોલેજો વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના અભ્યાસ કરાવી રહેલ છે.*

*આજે ભારતનો વિદ્યાર્થી વધુ અભ્યાસ અર્થે અમેરિકા, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં જઈ, જરૂરી પદવી મેળવી, આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવા ત્યાં જ રહી પોતાના નસીબને અજમાવતો થયો છે. તેને ભારતમાં ઉપજતી આવક કરતાં વિકસિત દેશમાં વધુ આવક થતાં, તે ત્યાં જ સેટલ થઈ રહેલ છે. ભારતીય વિદ્યાર્થીની સરેરાશ બુદ્ધિનું પ્રમાણ અને કામ પ્રત્યે સમર્પિત થઈ જવાની ભાવના અને પ્રામાણિકતા થકી તે ત્યાંના સ્થાનિક તેમજ અન્ય દેશોના તેની જ કક્ષાના યુવાનો સાથે દરેક ક્ષેત્રે ઝળહળી ઉઠે છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે તો ભારતીય અમેરિકનોએ ભારતનું નામ દુનિયાભરમાં રોશન કરી દીધેલ છે.*

*અમેરિકામાં યુ-ટ્યુબના સી.ઈ.ઓ. ભારતીય અમેરિકન **નીલ મોહન** છે અને હવે વર્લ્ડ બેંકના વડા તરીકે **અજય બંગા**નું નામ યુ.એસ. પ્રેસિડેન્ટ બાઈડેને જાતે જ નોમિનેટ કરેલ છે. અજય બંગાએ આઈ.આઈ.એમ. – અમદાવાદથી*

---

**ઘટનાઓનું તટસ્થભાવે અર્થઘટન કરવામાં મનની સાર્થકતા સમાયેલ છે.**

*સ્નાતક થઈ, વૈશ્વિક કંપનીઓમાં વિવિધ પદો પર રહી ત્રણ દાયકાનો અનુભવ લીધેલ છે. માઈક્રોસોફ્ટના સી.ઈ.ઓ.* ***સત્ય નાડેલા****, ગૂગલના સી.ઈ.ઓ.* ***સુંદર પીચાઈ****, એડોબમાં* ***શાન્તનું નારાયણ****, અસ્તિમાં* ***જયશ્રી ઉલોલ****, ઓલ્ડ નેવીમાં* ***સોનિયા સેનેગલ****, આઈ.બી.એમ.માં* ***અરવિંદ ક્રિષ્નન*** *પોતાની ફરજ બજાવી રહેલ છે. એ જ રીતે પેપ્સીમાં* ***ઇન્દ્રા નૂયી*** *અને ટ્વિટરમાં પરાગ અગ્રવાલ સી.ઈ.ઓ. તરીકે ફરજ બજાવી ચૂકેલ છે. આ બધી કંપનીઓ ટેકનો જગતની કેલિફોર્નિયા રાજ્યની સિલિકોન વેલીમાં રહી સમસ્ત દુનિયામાં પોતાનો વાવટો ફરકાવી રહેલ છે. એક અંદાજ મુજબ ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે કાર્યરત વ્યક્તિઓમાં ૧૦ ટકા જેટલો હિસ્સો તો ભારતીય અમેરિકનોનો છે.*

*એ જ રીતે જાહેર જીવનના નાણાંકીય કે ફાર્મા કે અન્ય કોઈપણ ક્ષેત્રે પણ ભારતીય - અમેરિકન્સની બોલબાલા દિવસા-દિવસ વધતી રહે છે. અમેરિકામાં ભારતીયોએ કોર્પોરેટ, લીગલ કે વહીવટી ક્ષેત્રમાં પણ સરસાઈ પ્રાપ્ત કરી લીધેલ છે.*

*અમેરિકામાં બાઈડન પછી પ્રમુખપદના ઉમેદવાર ભારતીય મૂળના* ***નિક્કી હેલી*** *છે તો અન્ય પક્ષે એટલે કે રીપબ્લિકન પાર્ટીમાં* ***વિવેક રામસ્વામી*** *અને ડોનાલ્ડ ટ્રમ્પ પણ મેદાનમાં છે.*

*કેલિફોર્નિયાની સેક્રોમેન્ટો શહેરની ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં એસોસિએટ જસ્ટીસ તરીકે* ***શમા હકીમ મેસીવિલા****ની નિમણુંક તાજેતરમાં જ કરવામાં આવેલ છે.*

*અમેરિકાના કેટલાક રાજ્યોના મેયર, વહીવટી પાંખ, ન્યાયતંત્ર અને અન્ય જાહેર સેવાઓની જવાબદારી માટે ભારતીયો નિયુક્ત થાય છે અથવા ચૂંટાઈ આવે છે. વિશ્વની અન્ય સંસ્થાઓ તથા નાસા જેવી અવકાશ સંસ્થાઓમાં પણ ભારતીયોની મહત્ત્વતા છે. અમેરિકન પ્રમુખ બાઈડેનની અંગત ટીમમાં* ***પ્રેસ સેક્રેટરી સહિતની ૧૭ જગ્યા પર*** *ભારતીયો બિરાજમાન છે અને ત્યાં રહી પોતાની ફરજ બજાવી રહેલ છે.*

*અમેરિકાના રાજકીય ક્ષેત્રે ઈન્ડિયન અમેરિકન* ***રો ખન્ના****નું નામ બહુ જાણીતું છે. તેઓએ અમેરિકામાં ઈન્ટરનેટ ટેકનોલોજી સંદર્ભના કાયદા બનાવવામાં સક્રિય ભાગ ભજવેલ હતો.*

*અમેરિકામાં ઈન્ડિયન અમેરિકન્સ (N.R.I.) રાજકારણ, સરકારી હોદ્દાઓ, સમાચાર માધ્યમો, મેડિકલ ક્ષેત્ર, સોશિયલ ક્ષેત્ર વગેરેમાં મોટી સંખ્યામાં કામ કરી રહ્યા છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે તો ઈન્ડિયન અમેરિકનોનો ડંકો વાગે છે. એ જ રીતે હેલ્થ સેક્ટરની વાત કરીએ તો અમેરિકામાં* ***૭ ટકા ડોક્ટરો ઇન્ડિયન અમેરિકન્સ છે.***

*ઉપરોક્ત હકીકતની આગળ વાત કરીએ તો ભારતીયોની પ્રગતિ અને સફળતાથી મૂળ અમેરિકન, અશ્વેત, મેક્સિકન, કેનેડિયન, બ્રિટીશ કે ઓસ્ટ્રેલિયનને વિચાર કરતા કરી મૂકેલ છે કે તેઓની જ શિક્ષણ સંસ્થા અને તેઓના જ દેશનું વાતાવરણ અને તેમાં પણ ભારતીય યુવાઓની સંખ્યા લઘુમતીમાં હોવા છતા ત્યાં રહેલા ભારતીયો સમગ્ર સમાજ પર કેમ છવાઈ જાય છે તે વિચારવા લાગ્યા છે. ખુદ અમેરિકા અને યુરોપના સમાજશાસ્ત્રીઓ, શિક્ષણવિદો, બાળ ઉછેરના નિષ્ણાતો અને કોર્પોરેટ જગતના વિશ્લેષકો એ અભ્યાસ કરતા થઈ ગયેલ છે કે તેમની મૂળ પ્રજા કરતાં ભારત જેવો દેશ કે જે તુલનાત્મક રીતે પછાત છે, તેમના નાગરિકો સફળતા સર કરે છે, આર્થિક રીતે પ્રગતિ કરે છે અને દાંપત્યજીવન તથા પારિવારિક જીવન સારી રીતે વિતાવે છે તેમજ તેઓ માનસિક રીતે ખૂબ જ મજબૂત છે તો તે અંગેના કારણોના અભ્યાસ કરતા થઈ ગયા છે.*

*તેના જવાબ સ્વરૂપે* ***મેનેજમેન્ટ ગુરુ પ્રહલાદે*** *અમેરિકાના ચિંતકોની હાજરીમાં જ ભારતીયોની સફળતાનું ચોટદાર કારણ જણાવતા કહ્યું હતું કે ભારતમાં ઉછેર પામવો તે જ વહીવટ અને સંચાલનની એક પ્રકારની તાલીમ છે. ભારતમાં દરેક વ્યક્તિનો તમામ સ્તરે સંઘર્ષ અને સ્પર્ધા સાથેનો ઉછેર થતો હોય છે, કે જે વિશ્વસ્તરે ઝળકવા માટેની તાલીમ પુરવાર થાય છે. વિદેશમાં ભારતીયો આ હદે તમામ ક્ષેત્રમાં સફળ થાય છે તે માટેનું સૌથી મહત્ત્વનું કારણ જ એ છે કે તેઓનું બચપણ અને ઉછેર, અભ્યાસ અને ઘડતરમાં પડતી તકલીફોના કારણે તે સક્ષમ બને છે. ભારતમાં ભારે સ્પર્ધાત્મક શૈક્ષણિક પરીક્ષા, એક એક માર્કની મહત્ત્વતા, વિષમ પડકાર, ગરીબી, ગીચતા અને સાધન-સગવડોનો અભાવ જોવા મળે છે. ભારતમાં જન્મ સર્ટીફિકેટથી માંડી મૃત્યુ સર્ટીફિકેટ માટે ધક્કા ખાવા, શાળા અને કોલેજમાં પ્રવેશ મેળવવો તે પણ પરીક્ષા પછીની*

***શ્રમ શરીરને અને મુશ્કેલીઓ મનને મજબૂત બનાવી શકે.***

*અને તેના કરતાં પણ અઘરી કસોટી રહેલ છે. અગાઉ મુખ્ય શહેરના વિદ્યાર્થીઓ વચ્ચે જ ડિગ્રી, માસ્ટર કે નોકરી માટેની પ્રવેશ પરીક્ષા રહેતી, પરંતુ હવે અમુક હજાર બેઠકો માટે ભારતભરના ગામડાંઓ સહિતના લાખો પરીક્ષાર્થીઓ જોરદાર તૈયારીઓ સાથે ઉતરતા હોય છે. ઉત્તીર્ણ થનારાઓમાંથી ૧૦ ટકા વિદ્યાર્થીઓને માંડ ઈન્ટરવ્યૂ માટે બોલાવાતા હોય છે. આઈ.આઈ.ટી., આઈ.આઈ.એમ. અથવા ક્લાસ વન કે ક્લાસ-ટુ જેવી પરીક્ષામાં ઉત્તીર્ણ થવું અને પસંદ થવું એ કઈ હદે પડકારજનક છે તે વિદેશી અન્ડર ગ્રેજ્યુએટ કે ગ્રેજ્યુએટની કલ્પના બહારનું છે.*

*ભારતીયોની સફળતાનું એક મહત્ત્વનું કારણ એ પણ છે કે માત્ર આર્થિક પ્રગતિ કે ભૌતિકતા જ નહીં પણ મૂલ્યો, સંસ્કાર કે આધ્યાત્મિક વિચારો સામે ઈશ્વરના ડર સાથે ઉછેર થતો હોય છે. પરિવાર, શાંતિ, ધર્મ અને સંપ્રદાયના સારા-નરસા પ્રસંગોમાં જૂથમાં રહીને કાર્ય સોંપણી સાથે નેતૃત્વના ગુણો બહાર લાવીને પ્રસંગ પાર પાડવામાં આવતો હોય છે. સૌથી વધુ ઉલ્લેખનીય કારણ એ પણ છે કે ભારતીય મેનેજરનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ સારું હોય છે. તેઓ અંગ્રેજીમાં વિચારીને તેમના કાર્યોની સોંપણી તે રીતે કરી શકે છે. કમ્યુનિકેશન માટે પણ અંગ્રેજીની રીતે સજ્જ થતો રહે છે.*

*વિદેશમાં ભારતીયોએ મેળવેલ સફળતામાં આવતીકાલે તેમાં અનેરો વધારો થતો રહેશે તેમાં શંકાને કોઈ સ્થાન જ નથી. આપણે ઉત્તરોત્તર વિકાસ કરતા રહેશું તો આવતીકાલે આપણે ભારતને જગદ્‌ગુરૂના પદ પર બેસાડી શકીશું.*

*છેલ્લા ૭૫ વર્ષથી ભારતીય નેતાગીરી, શિક્ષણ શાસ્ત્રીઓની મહેનત, ઉદ્યોગો પ્રત્યેની સજાગતા, સામાજિક નેતાગીરી તથા અન્ય વિભાગો તરફની આપણી વિચક્ષણતા આગળને આગળ વધતી રહેશે અને આવતીકાલે આપણે વધુ ઉજ્જવળ ભાવિ તરફ પ્રયાણ કરીશું એ હકીકત સર્વવિદિત બની રહેશે.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦***

## ટોલ ફ્રી રસીદની કિંમત સમજો અને તેનો ઉપયોગ કરો

***ટોલ બુથ પર મળેલી આ રસીદમાં શું છુપાયેલું છે? અને શા માટે તેને સાચવવી જોઈએ? તેના વધારાના ફાયદા શું છે? – ચાલો જાણીએ.***

૧. જો તમારી કાર ટોલ રોડ પર મુસાફરી કરતી વખતે અચાનક અટકી જાય, તો ટોલ કંપની તમારી કારને ટોઈંગ કરવા માટે જવાબદાર છે.

૨. જો એક્સપ્રેસ હાઈવે પર તમારી કારમાં પેટ્રોલ સમાપ્ત થઈ જાય અથવા બેટરી છૂટી જાય તો ટોલ કલેક્શન કંપની તમારી કારના સ્થાને આવવા અને પેટ્રોલ અને બાહ્ય ચાર્જીંગ પ્રદાન કરવા માટે જવાબદાર છે. તમારે કોલ કરવો જોઈએ. તમને દસ મિનિટમાં મદદ મળશે અને તમે ૫ થી ૧૦ લીટર પેટ્રોલ મફતમાં મેળવો. જો કારમાં પંચર પડી જાય તો પણ તમે આ નંબર પર સંપર્ક કરી મદદ મેળવી શકો છો.

૩. જો તમારી કાર અકસ્માતમાં સંડોવાયેલી હોય, તો પણ તમે અથવા તમારી સાથેના કોઈપણ વ્યક્તિએ પહેલા ટોલ રસીદ પર આપેલા ફોન નંબર પર સંપર્ક કરવો જોઈએ.

૪. જો તમે કારમાં મુસાફરી કરી રહ્યા હોવ ત્યારે જો કોઈ વ્યક્તિની તબિયત અચાનક બગડી જાય, તો તે વ્યક્તિને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાની જરૂર પડી શકે છે. આવા સમયે એમ્બ્યુલન્સ તમારા સુધી પહોંચાડવાની જવાબદારી ટોલ કંપનીઓની છે.

***જેમને આ માહિતી જાણવા મળી છે, તેમણે તેને બને તેટલા વધુ લોકો સુધી પહોંચાડવી જોઈએ. એક્સપ્રેસ વે નો સૌથી મોટો ફાયદો સમયની બચત છે.***

***પ્રો. રંજના પ્રવીણ દેશમુખ***
***મહારાષ્ટ્ર રાજ્ય પ્રમુખ – ગ્રાહક સુરક્ષા સમિતિ***

# પ્રેરણાત્મક વિચારયાત્રા

## મણકો-૧૫ : આનંદ અને ઉત્સાહને જીવનના અભિન્ન ભાગ બનાવો



પ્રવીણચંદ્ર ઠક્કર

દરરોજ સવારે ઊઠીને તમે વ્યાયામ, કસરત, આસન કરો છો. તાજા, હૂંફાળા પાણી અને મનપસંદ સાબુ-શેમ્પુનો ઉપયોગ કરીને શરીર સ્વચ્છ કરો છો. તે જ રીતે દરરોજ સવારે મનગમતાં ગીત, ભજન કે મંત્રોનું ગાન કરીને સુખ અને શાંતિના વિચારો - કલ્પના કરીને મનને તાજગીથી ભરી દો. જીવનને આનંદ, ઉત્સાહથી છલકાવી દો.

કુટુંબમાં બાળકનું આગમન અને લગ્ન જેવા પ્રસંગ પૂરતા તમે ખુશ છો. પ્રસંગ પૂરો થઈ જાય એટલે ફરી ચિંતા, ભય અને ઉદાસીનતા મનને ઘેરી વળે છે. હવેની પરીક્ષામાં કેટલા ટકા આવશે? મારી પસંદગીની કોલેજમાં પ્રવેશ મળશે કે કેમ? ભણ્યા પછી કેવા નોકરી-ધંધો પ્રાપ્ત થશે? નોકરી મળી તો પછી પગાર વધારો ક્યારે થશે? મારા મિત્રો કોણ થશે? જીવનસાથી કેવો મળશે? વૃદ્ધાવસ્થા કઈ રીતે પસાર થશે? આવા અનેક પ્રશ્નોની હારમાળા સર્જાય છે. તમે તમારી જાતમાં શ્રદ્ધા, વિશ્વાસ રાખો એટલે દરેક પ્રશ્નનો જવાબ મળી જશે. તમે ક્યારેય એકલા અટુલા નથી. તમારી સાથે તમારો પ્રાણવાન આત્મા છે, સર્વશક્તિમાન ઈશ્વર છે. તમે હિંમત, આત્મવિશ્વાસ રાખશો એટલે ઈશ્વર દરેક પ્રશ્નનું સમાધાન શોધી આપશે.

તમારા ગુણો, શક્તિ, સામર્થ્યને સતત યાદ રાખો. 'દરેક કામ હું કરી શકીશ જ' તેવી ખાતરી સેવો. તમારી નિષ્ફળતા, નિર્બળતા, નિરાશા ખંખેરી નાખો. ભૂલોને ભૂલી જાઓ. મહાન ચિંતક રોબર્ટ બર્જેટ કહે છે, 'સપ્તાહમાં બે દિવસ ચિંતામુક્ત હોય છે : એક તો ગઈકાલનો દિવસ. તમે જે ભૂલો કરી, ચિંતા કરી તે ગઈકાલ તો વીતી ગઈ છે, ઇતિહાસ બની ગઈ છે અને બીજો આવતીકાલનો દિવસ. તેને તો હજુ વાર છે. તે તો ઈશ્વરનો દિવસ છે. તે દિવસ સારો જ વીતશે.' દરરોજ સવારે તમારી પાસે બે વિકલ્પ આવે છે. આજનો દિવસ તમે કેવો પસંદ કરો છો? આનંદમય કે ઉદાસીન? તમારી પસંદગી મુજબ આગળ વધો.

નાની નાની અનેક વસ્તુઓ, પ્રસંગો, બનાવોમાંથી આનંદ-ઉત્સાહ મેળવો. કુદરતની અપાર સૃષ્ટિ કેવી રંગબેરંગી - અજાયબ છે! સરોવર કે નદીનાં પારદર્શક નીર; પર્વતો-ખીણો, જંગલોમાં પથરાયેલી વિવિધ અફાટ વનરાજી; સૂર્યોદય, ઝાકળભીનો કુમળો તડકો; સૂર્યાસ્તથી રંગાયેલું રતુંબડું આકાશ, આનંદ ક્યાં નથી? પાઈનનાં વૃક્ષો તેની ડાળીઓ પર પડતા બરફને ઉત્સાહથી ઝીલે છે. બરફ ઓગળશે એટલે તેનો ભાર ચાલ્યો જશે તો પછી વજનની ચિંતા શાને? મુન્શી, દર્શક કે રઘુવીર ચૌધરીની નવલકથાઓ; અમૃત ઘાયલ, રમેશ પારેખ, પ્રિયકાંત મણિયાર કે મનોહર ત્રિવેદીનાં ગીત, ગઝલ; દુષ્કાળ, અતિવૃષ્ટિ, સુનામી કે કોઈપણ સંકટ સમયે સ્વાર્થ વિના આંસુ લૂછવા માટે દોડી જતા અજાણ્યા સામાન્ય લોકો; અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ કે જાહેર દવાખાનામાં સ્નેહ, લાગણી અને હૂંફ આપતા લોકોની કથાઓ; અને વળી મિત્રોની મહોબ્બત, નાનાં બાળકોનો ખિલખિલાટ, ગામના તળાવમાં ધુબાકા મારતા યુવાનોના લાલ લાલ ચહેરાઓ, સરસ મજાના બાજરાના રોટલા અને રીંગણાના ઓળાનું ભોજન — આ બધામાં આનંદ જ આનંદ છે. આંખો - મન ખુલ્લાં રાખીશું, તો અનેક રીતે તમારી પસંદગી મુજબ આનંદ - ઉત્સાહનો અંદરથી અનુભવ થશે.

ઇટાલીમાં જન્મેલા ખ્રિસ્તી સાધુ સંત ફ્રાંસિસને ૭૮૦ વર્ષ પછીય વિશ્વના તમામ સંપ્રદાયના લોકો પ્રેમ અને આદરથી આજે પણ યાદ કરે છે તે તેમના લોકો માટેના પ્રેમને કારણે. સંત ફ્રાંસિસ ઑફ ઓસીસી પોતાના શિષ્યને એકવાર કહે છે, 'ચાલો, આપણે લોકોને ઉપદેશ આપવા જઈએ.' સંત તો રસ્તામાં મળતા કૂતરાને પંપાળે છે, રસ્તો ઓળંગવા જતી વૃદ્ધા સ્ત્રીને ટેકો આપે છે, વરુણદેવના આશીર્વાદથી લહેરાતા ઘાસ પર હાથ ફેરવે છે. ફરીને પોતાના સ્થાનકે જાય છે ત્યારે શિષ્ય પ્રશ્ન કરે છે, 'મહારાજ, આપણે તો ઉપદેશ માટે ગયા હતા ને?' જવાબ મળે છે, 'હા, આપણે પ્રાણીઓને, લોકોને, જીવનને ચાહવા ગયા હતા. આ જ આપણો ધર્મ-ઉપદેશ.'

જીવનમાં અનેક મુસીબતો, સંકટો આવશે તેમની તૈયારી રાખવાની છે, પણ તેમને મન ઉપર સવાર થવા દેશો નહીં. વીજળીના દીવા (બલ્બ), તાર મોકલવા માટેનું સાધન મોર્સ યંત્ર અને ફોનોગ્રાફ (ટેપ રેકોર્ડર, ટેલિવિઝન પ્રચલિત નહોતાં ત્યારે ગીત-સંગીત સાંભળવા માટેનું ધ્વનિયંત્ર)ના શોધક થોમસ આલ્વા એડિસનના ઘરમાં ૧૯૧૪માં ભયંકર આગ લાગી. રૂા. ૨૦ લાખ જેટલી કિંમતનાં તેના બધા સંશોધન-સાધનો, મૂલ્યવાન યંત્રો, સંપત્તિ નાશ થઈ ગયા. ૬૭ વર્ષની વયના એડિસને પોતાના દીકરા ચાર્લ્સને કહ્યું, 'આ આગમાં આપણી બધી ભૂલો, મર્યાદાઓ નાશ પામી છે, આપણી આશાઓ નાશ પામી નથી.' ■

*પરિસ્થિતિ અનુકૂળ ન થતી હોય ત્યારે પરિસ્થિતિને અનુકૂળ મનઃસ્થિતિ બનાવી લેવી જોઈએ.*

# ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિ કથા

## ચરણ-૧૬ : ક્રાંતિકારી અમર શહીદ : હેમુ કાલાણી



સંજય પી. ઠાકર

*સિંધ પ્રાંતના સખ્ખર ખાતે ૨૩મી માર્ચ, ૧૯૨૩ના રોજ જન્મેલા હેમુ કાલાણીએ દેશની આઝાદીની ચળવળમાં ઝંપલાવી, માત્ર ૧૯ વર્ષની ઉંમરે ૧૯૪૩માં ફાંસી પર ચડી જઈ પોતાનું બલિદાન આપ્યું હતું. આ હુતાત્માની જન્મ શતાબ્દી અવસરે એક શ્રદ્ધાંજલિ!*

ભારતના એક ક્રાંતિકારી અને સ્વતંત્રતા સંગ્રામ સેનાની, હુતાત્મા હેમુ કાલાણી સિંધના ઐતિહાસિક નગર સખ્ખરના વતની હતા. તેમનો જન્મ ૨૩મી માર્ચ, ૧૯૨૩ના રોજ સખ્ખર (હાલના પાકિસ્તાન) ખાતે સિંધી જૈન પરિવારમાં થયો હતો. એમના પિતાનું નામ પેસુમલ કાલાણી અને માતાનું નામ જેઠીબાઈ હતું. તેમનું મેટ્રીક સુધીનું શિક્ષણ સખ્ખરમાં જ થયું હતું. એક દિવસ કુસ્તીમાં તેમણે અંગ્રેજ પહેલવાનને પછડાટ આપી. તેમના આ પરાક્રમ બદલ વિદ્યાર્થીઓએ વિજય સરઘસ કાઢ્યું. ગોરાઓથી આ સહન ન થયું. સરઘસ ઉપર લાઠી પ્રહાર કર્યો. આ બનાવથી હેમુની અંદર અંગ્રેજો પ્રત્યે નારાજગી વ્યાપી ગઈ. તેઓએ વિદ્યાર્થી સંગઠન 'સ્વરાજ સેના'ની સ્થાપના કરી. પોલીસ દમનના વિરોધમાં તેમના દ્વારા ફરી સરઘસ કાઢવામાં આવ્યું. આ વખતે લાઠી ચાર્જને બદલે ગોળીબાર થયો. સ્વરાજ સેનાના કેટલાય સૈનિકો ઘવાયા. નીડર દેશભક્ત હેમુ હિંમત ન હાર્યા. બ્રિટીશ સરકારને ગોળીનો જવાબ બોમ્બથી આપવા એ બોમ્બ બનાવવાનું શીખ્યા. કિશોર હેમુએ પોતાના સાથીઓ સાથે વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કર્યો અને લોકોને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા આગ્રહ કર્યો. એ વખતે ક્રાંતિકારી ડૉ. મંઘારામ કાલાણી જેલમાં હતા. હેમુએ તેમને છોડાવવાનું બીડું ઝડપ્યું. રાત્રે બાર વાગે સાથીદારો સાથે જઈ હેમુએ મંઘારામ કાલાણી જે કારાગૃહમાં કેદ હતા તેના પર બોમ્બ ફેંક્યો. જેલની દીવાલ ધરાશાયી થઈ ગઈ. ધડાકો થતાં જ પોલીસ દોડી આવી. સામસામે ગોળીબાર થયો. ૪૦ જેટલા પોલીસના માણસો મૃત્યુ પામ્યા. હેમુના પણ ૧૦ સાથીઓ શહીદ થયા. હેમુને પકડવા પોલીસ અસફળ રહી. હેમુને બ્રિટીશ સરકાર વિરોધી છાપામાર પ્રવૃત્તિઓ, વાહનોને જલાવવા અને વિપ્લવી સરઘસો જેવી ક્રાંતિકારી ગતિવિધિઓ માટે ઓળખવામાં આવતા હતા.

૧૯૪૨માં દેશમાં મહાત્મા ગાંધીના સૂચનથી 'હિંદ છોડો' ચળવળ ઊપડી. સિંધમાં પણ આ આંદોલન વેગવંતું બન્યું. હેમુ પણ આ આંદોલનમાં પૂરી તાકાતથી કૂદી પડ્યા. સિંધમાં ચળવળને મળેલા જન સમર્થનને કારણે બ્રિટીશ વસાહતી સત્તાવાળાઓએ ત્યાં યુરોપિયન બટાલિયન સહિતની લશ્કરી ટુકડીઓ મોકલવી પડી હતી. સરકાર આ ચળવળને દબાવી દેવા બેબાકળી બની હતી. ત્યાં હેમુ પાસે ગુપ્ત જાણકારી આવી કે 'હિંદ છોડો' ચળવળના સેનાનીઓને ખતમ કરવા હથિયાર ભરેલી અંગ્રેજ ફોજની એક ટ્રેન કોઈટિયા જવાની છે. હેમુએ દ્રઢ સંકલ્પ કર્યો કે, હથિયાર ભરેલી ટ્રેનને સખ્ખરથી આગળ જવા ન દેવી. ઓક્ટોબર ૧૯૪૨ની એ સાંજે સ્મશાનગૃહના ઓરડામાં ક્રાંતિકારીઓની બેઠક મળી. જેમાં ટ્રેનના પાટા અસ્તવ્યસ્ત કરવાની યોજના તૈયાર કરવામાં આવી. ચાંદની રાતે આ ક્રાંતિકારીઓ સખ્ખરની બિસ્કીટ ફેક્ટરી પાસેથી રેલના પાટા નીકળતા હતા ત્યાં પહોંચી ગયા. હેમુએ ઓજારો વડે ફિશ પ્લેટ કાઢવાનું શરૂ કર્યું. શાંત વાતાવરણમાં ઓજારનો ઠક ઠક અવાજ બિસ્કીટ ફેક્ટરીના જમાદાર સુધી પહોંચ્યો. જમાદારે ફેક્ટરીની અંદર જઈ પોલીસને ફોન કર્યો. તુરતાતુર્ત પોલીસ આવી પહોંચી. હેમુ ઓજાર સાથે ઝડપાઈ ગયા. તેમના બે સાથીદારો નંદ અને કિશનની પણ ધરપકડ કરવામાં આવી. અદાલતમાં બધો આરોપ હેમુએ પોતાના માથે ઓઢી લીધો. તેમને આજીવન કારાવાસની સજા કરવામાં આવી. પાછળથી જજ કર્નલ રીચર્ડસને તેને ખતરનાક ગણાવી સજા આજીવન કારાવાસમાંથી ફાંસીમાં તબદિલ કરી નાખી. એ વખતના સિંધના ગણમાન્ય લોકોએ એક પીટીશન દાખલ કરી અને વાઈસરોયને અપીલ કરી કે હેમુને ફાંસીની સજા ન દેવાય. વાઈસરોયે એ શરત પર સ્વીકાર કર્યો કે હેમુ કાલાણી પોતાના સાથીઓના નામ અને ઠેકાણા બતાવે. પરંતુ હેમુએ આ શરતનો અસ્વીકાર કર્યો. 'ઈન્કલાબ ઝીંદાબાદ' અને 'ભારત માતા કી જય'ના નારા સાથે એમણે ફાંસીનો સ્વીકાર કર્યો. ફાંસી પર ચડવાથી પહેલાં જ્યારે એમને આખરી

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૩ ઉપર)**



ડૉ. મિહિર એમ. વોરા

# દાંડીયાત્રાનો અહેવાલ

મિત્રો, ભારતની આઝાદીનો અમૃત મહોત્સવ જ્યારે દેશમાં ઉજવાય છે ત્યારે ભારતની આઝાદીના એક સુવર્ણ પ્રકરણની ચર્ચા જરૂરી છે અને તે છે ગાંધીજીની અહિંસક લડત એટલે દાંડી યાત્રા. આના વિશે ઘણું બધું લખાયું છે. મેં વિવિધ સંદર્ભોનો ઉપયોગ કરીને માત્ર માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે જેની નોંધ લેવા વિનંતી છે. ૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ મહાત્મા ગાંધીએ મીઠા પર ટેક્સ લગાવવાના અંગ્રેજોના નિર્ણય સામે અમદાવાદના સાબરમતી આશ્રમથી મીઠાના સત્યાગ્રહની શરૂઆત કરી હતી. જેને ૯૨ વર્ષ પૂરા થયા છે.

સવારે સાડા છ વાગે ૭૮ સત્યાગ્રહીઓ સાથે ગાંધીજીએ મીઠાના કાયદાને તોડવા માટે દાંડી તરફ કૂચનો આરંભ કર્યો હતો. દાંડીમાર્ચના સત્યાગ્રહીઓએ ૧૨મી માર્ચની પહેલી સાંજ અસલાલીમાં ગાળી હતી. ત્રીજા દિવસે ગાંધીજીની સાથે બીજા બે સત્યાગ્રહીઓ પણ જોડાયા હતા. કુલ સંખ્યા ગાંધીજી સહિત ૮૧ સત્યાગ્રહીઓ સુધી પહોંચી હતી.

નવાગામ, માતર, નડિયાદ અને આણંદના રસ્તે આ સંઘ પાંચ એપ્રિલે નવસારી થઈને દક્ષિણ ગુજરાતના દરિયા કિનારાના દાંડી ગામે પહોંચ્યો હતો. છઠ્ઠી એપ્રિલે સવારે સાડા છ વાગે મહાત્મા ગાંધીએ દાંડીના દરિયાકાંઠે મીઠાના કાયદાનો ભંગ કર્યો હતો. આ એક એવો સમય હતો, જ્યારે દેશ આઝાદી માટે લડાઈ લડી રહ્યો હતો. એકબાજુ ભગતસિંહ જેવા યુવાન નેતાઓએ અંગ્રેજોને પરેશાન કરી દીધા હતા, તો બીજી બાજુ મહાત્મા ગાંધી અહિંસાત્મક આંદોલન દ્વારા અંગ્રેજોના મીઠાનો કાયદો તોડવા નીકળી પડ્યા હતા.

૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ મહાત્મા ગાંધીએ મીઠા પર ટેક્સ લગાવવાના અંગ્રેજોના નિર્ણય સામે અમદાવાદમાં સાબરમતી આશ્રમથી મીઠાના સત્યાગ્રહની શરૂઆત કરી. તે અંતર્ગત સમુદ્ર કિનારે વસેલા એક ગામ દાંડી સુધી ૨૪ દિવસની લાંબી યાત્રા કરવામાં આવી. જ્યાં પહોંચીને ગાંધીજીના નેતૃત્વમાં હજારો લોકોએ અંગ્રેજોના મીઠાના કાયદાને તોડી નાખ્યો. આ એક અહિંસાત્મક આંદોલન અને પદયાત્રા હતી. દેશની આઝાદીના ઈતિહાસમાં દાંડી યાત્રાનું વિશેષ મહત્ત્વ છે.

દાંડી યાત્રા એટલે મીઠાના સત્યાગ્રહની શરૂઆત ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ થઈ હતી. મહાત્મા ગાંધીજીના નેતૃત્વમાં ૨૪ દિવસની આ અહિંસા કૂચ ૬ એપ્રિલે દાંડી પહોંચી અને અંગ્રેજોના મીઠાના કાયદાને તોડી નાખ્યો. તે સમયે દેશમાં અંગ્રેજોનું શાસન હતું અને કોઈપણ ભારતીયને મીઠું એકઠું કરવા કે વેચવા પર પ્રતિબંધ હતો. એટલું જ નહીં, ભારતીયોને મીઠું અંગ્રેજો પાસેથી જ ખરીદવું પડતું હતું. મીઠું બનાવવાના મામલે અંગ્રેજોની મોનોપોલી ચાલતી હતી અને તે મીઠા પર ભારે ટેક્સ વસૂલતા હતા. મીઠાનો સત્યાગ્રહ અંગ્રેજોના અત્યાચાર સામે એક મોટી રેલી હતી.

દાંડીમાં સમુદ્ર કિનારે પહોંચીને મહાત્મા ગાંધીએ ગેરકાયદેસર રીતે મીઠું બનાવ્યું અને અંગ્રેજોના મીઠાના કાયદાને તોડી નાખ્યો. આગળ ચાલીને આ એક મોટો મીઠાનો સત્યાગ્રહ બન્યો અને હજારો લોકોએ માત્ર મીઠું બનાવ્યું જ નહીં, પરંતુ અંગ્રેજોના કાયદાના લીરેલીરા ઉડાડતાં ગેરકાયદેસર મીઠાની ખરીદી પણ કરી.

મીઠાના સત્યાગ્રહની શરૂઆત લગભગ ૮૦ લોકોની સાથે થઈ હતી. જેમ જેમ આ યાત્રા અમદાવાદથી દાંડી સુધી આગળ વધી, તેમ તેમ ૩૭૦ કિ.મી. લાંબી યાત્રામાં લોકો જોડાતા ગયા. દાંડી પહોંચ્યા ત્યારે આ અહિંસક મીઠાના સત્યાગ્રહમાં ૫૦ હજારથી વધારે લોકો જોડાઈ ગયા હતા.

મીઠાનો સત્યાગ્રહ જે પ્રમાણે કોઈપણ જાતની હિંસા વિના આગળ વધ્યો અને શાલીનતાથી અંગ્રેજોના એકતરફી કાયદાને તોડી નાખ્યો, તેની દુનિયાભરમાં ચર્ચા થવા લાગી. આ ઐતિહાસિક દાંડી માર્ચે અંગ્રેજી શાસનને ધ્રુજાવીને રાખી દીધું હતું. મીઠાના સત્યાગ્રહે વર્તમાનપત્રોમાં પણ મોટું સ્થાન મેળવ્યું અને તેનાથી ભારતના સ્વાધીનતા આંદોલનને નવી દિશા પણ મળી.

દાંડીયાત્રા સાથે અમદાવાદનો દાંડીપુલ જોડાયેલો છે. સાબરમતી આશ્રમથી નજીક આવેલા આ પુલ પરથી થઈને જ ગાંધીજી સત્યાગ્રહીઓ સાથે દાંડી પહોંચ્યા હતા. સવિનય કાનુનભંગની ચળવળના ભાગરૂપે ગાંધીજીએ દાંડી ગામના દરિયા કિનારે એ મીઠાના કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું.

૧૧ માર્ચ ૧૯૩૦ની સાંજે ગાંધીજીએ અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમમાં હજારો લોકોની સભાને સત્યાગ્રહનો સંદેશો આપ્યો. ધરપકડ થાય તો પણ લોકોની

*લોભીને પૈસા અને અભિમાનીને પ્રશંસા હંમેશાં ઓછી લાગે છે.*

મક્કમતાપૂર્વક અહિંસક રીતે અંગ્રેજ સરકાર સામે લડત આગળ વધારવા તેમણે અનુરોધ કર્યો. ગાંધીજીએ અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમમાં એટલે કે હાલના ગાંધી આશ્રમથી ૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે...' ગવાયા બાદ પોતાના ૭૮ સત્યાગ્રહીઓ સાથે નવસારી જિલ્લાના દાંડી બંદરના દરિયા કિનારા સુધી પદયાત્રા યોજી. જે યાત્રા ઐતિહાસિક યાત્રા 'દાંડી કૂચ'ના નામે ઓળખાઈ.

૨૯ માર્ચ ૧૯૩૦ના રોજ દાંડીયાત્રામાં ગાંધીજીએ પ્રતિજ્ઞા કરી કે, 'હું કાગડા કૂતરાના મોતે મરીશ, પરંતુ સ્વરાજ્ય મળે નહીં ત્યાં સુધી આશ્રમમાં પાછો નહીં ફરું.' આ દાંડીયાત્રાનું અંતર અમદાવાદથી આશરે ૩૭૦ કિ.મી. જેટલું હતું. દાંડીયાત્રામાં અસલાલી, બારેજા, નડિયાદ, આણંદ, બોરીઆવી, રાસ, જંબુસર, ભરૂચ, સુરત, નવસારી જેવા નાના મોટા નગરોમાં સભાઓ કરી.

લોકોને સવિનય કાનૂનભંગ અને મીઠાના કાયદાનો ભંગ શા માટે કરવાનો તેની સાચી સમજ આપી. દાંડીયાત્રા જે ગામોમાંથી પસાર થતી હતી ત્યાં લોકો રસ્તાની સફાઈ કરતા. પાણી છાંટી તોરણો બાંધી શણગારતા. દરેક ગામમાં ગાંધીજી સભા યોજીને લોકોને જાગૃત કરતા. ગાંધીજી અને તેમના સાથીઓ ૨૪ દિવસની પદયાત્રા બાદ ૫ એપ્રિલ ૧૯૩૦ના દિવસે દાંડી પહોંચ્યા. ૬ એપ્રિલ ૧૯૩૦ના રોજ સૂર્યોદય સમયે ગાંધીજીએ દાંડીના દરિયા કિનારે અગરમાંથી મુઠ્ઠી મીઠું લઈ, મીઠાના કાયદાનો ભંગ કર્યો અને ધરપકડ વહોરી લીધી. ગાંધીજીએ ગગનભેદી અવાજે જણાવ્યું : 'મૈંને નમકકા કાનૂન તોડ દીયા!' ગાંધીજીએ ત્યાં ઉપસ્થિત જનસમુદાયને સંબોધતા કહ્યું કે, 'હું બ્રિટીશ સામ્રાજ્યરૂપી ઈમારતના પાયામાં લૂણો લગાડું છું.' દાંડીકુચે ભારતના લોકોમાં અપૂર્વ જાગૃતિ, અપાર શ્રદ્ધા અને એકતા જગાવવાનું અદ્ભુત કાર્ય કર્યું. સમગ્ર દેશમાં મીઠાના કાયદાનો ભંગ કરવાના સત્યાગ્રહો થયા. શ્રી મહાદેવ દેસાઈએ દાંડીકૂચને ગૌતમ બુદ્ધના 'મહાભિનિષ્ક્રમણ' સાથે સરખાવી.

ભારતની આઝાદીમાં મહત્ત્વનો ભાગ ભજવનાર આ દિવસ આઝાદી તરફ પ્રયાણનો ખૂબ જ યાદગાર દિવસ છે. આમ તો ભારતના ઈતિહાસમાં રસ ધરાવતા દરેક વ્યક્તિને દાંડીકૂચ યાત્રા વિશે ખ્યાલ તો હશે જ.

આધુનિક શિક્ષણમાં પણ આજે ભારત દેશની આઝાદીમાં ફાળો આપનાર ક્રાંતિકારીને, દાંડીકૂચ જેવા બનેલા અનેક પ્રસંગો વિશે ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવે છે. આવું જ એક પ્રકરણ જે ધોરણ ૯ સામાજિક વિજ્ઞાનમાં ભણાવવામાં આવે છે. દાંડીકૂચ દરમિયાન વિદેશી કાપડનો બહિષ્કાર, દારૂબંધી, હિંદુ-મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતા નિવારણ વગેરે અનેક રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. આમ, આ એક ઐતિહાસિક પ્રકરણ છે ભારતની આઝાદીનું, જે દરેક પેઢીએ જાણવું જરૂરી છે.

*સંદર્ભ : વીકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો, વિવિધ લેખકોના બ્લોગના વિચારો.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિ કથા

**(અનુસંધાન : પાના નં. – ૧૧ ઉપરથી ચાલુ)**

ઈચ્છા પૂછવામાં આવી તો એમણે ભારતવર્ષમાં ફરીથી જન્મ લેવાની ઈચ્છા જાહેર કરી. માત્ર ૨૦ વર્ષના ભારત માતાના આ પનોતા પુત્ર ૨૧મી જાન્યુઆરી, ૧૯૪૩ના રોજ હસતા મોઢે ફાંસીએ ચડી ગયા અને વીરગતિ પામ્યા. સિંધુ નદીના કિનારે ૨૩ જાન્યુઆરીના અંતિમ સંસ્કાર કરાયા તે દિવસને સિંધી યુવા દિન તરીકે મનાવાય છે અને શહીદી દિને હેમુ કાલાણીને અંજલિ આપતાં કાર્યક્રમો યોજાય છે.

ભારતના આ ક્રાંતિકારી શહીદની યાદમાં અનેક સંસ્થા, સંગઠનો, માર્ગો, વસાહતો, વિદ્યાલયો, ઉદ્યાનોને તેમનું નામ અપાયું છે. ૧૯૮૩માં તેમની સ્મારક ટપાલ ટિકિટ ભારતીય ટપાલ વિભાગે બહાર પાડી છે. ઊભા આકારની આ ટપાલ ટિકિટ ૫૦ પૈસાના મૂલ્યની અને સીંગલ કલરની છે. ભારતના સંસદ ભવનના પ્રાંગણ સહિત અનેકાનેક શહેરોમાં તેમની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. કચ્છમાં સિંધી સમુદાયની સારી વસતી છે એવા ગાંધીધામ - કંડલા સંકુલના આદિપુર ખાતે મૈત્રી સ્કૂલના રસ્તે, ગાંધી સમાધિ નજીક તેમની અર્ધપ્રતિમા મૂકવામાં આવી છે અને તે માર્ગને હેમુ કાલાણી માર્ગ નામ અપાયું છે. આદિપુર ખાતેના બાવલાનું અનાવરણ ૫મી જાન્યુઆરી, ૧૯૯૯ના રોજ તત્કાલીન કેન્દ્રીય ગૃહમંત્રી લાલકૃષ્ણ અડવાણીના હસ્તે થયું છે. ગાંધીધામ નગરપાલિકા દ્વારા નિર્મિત આદિપુરના બસ સ્ટેશન પાસે બારવાળી વિસ્તાર ખાતેનો હેમુ કાલાણી પાર્ક પણ અસ્તિત્વ ધરાવે છે.

અમર શહીદ હેમુ કાલાણીની જન્મ શતાબ્દી અવસરે આપણી ભાવાંજલિ...!

*(વિશેષ સહયોગ : અમૃતલાલ ચુનીલાલ સોની - આદિપુર)*

***'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩***

# ભારતની સામુદ્રિક સમૃધ્ધિ અને સાવધાની



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

આપણું ભારત ૭,૦૦૦ કિ.મી. જેટલો દરિયા કિનારો તથા ૧,૦૦૦ કરતાં વધુ કિનારા નજીક ટાપુઓ ધરાવે છે. દરિયાકાંઠે વિવિધ પ્રકારની વનસ્પતિઓ, વિવિધ તટીય સમુદાયોના નિવાસ સ્થાન છે. તો બીજી તરફ, બાકી વિશ્વ સાથે એક તરફ વ્યવસાય તો અન્ય તરફ માહિતી સંચાર પરિવહન ધરાવે છે. સમુદ્રી પરિવહન દ્વારા દેશના કુલ વેપાર જથ્થામાંથી ૯૫% વેપાર જથ્થો સમુદ્રી ક્ષેત્ર દ્વારા થાય છે. મેરીટાઈમ ઈન્ડિયા વિઝન - ૨૦30ની રચના વૈશ્વિક સામુદ્રિક ક્ષેત્રમાં ભારત અગ્રીમ રહ્યું છે.

ભારતના દરિયા કિનારા ઉપર દરિયા કિનારા ધરાવતા ૯ રાજ્યો, ૪ કેન્દ્રશાસિત પ્રદેશો છે અને ૧૨૯૫ ટાપુઓ પથરાયેલા છે. દરિયા કે મહાસાગરો એટલા બધા વિશાળ છે, જે આશરે ૩૬૩ ચોરસ મિલિયન કિ.મી. એટલે કે અંદાજે ૭૨% ભાગમાં પથરાયેલા છે. ૬૦૦ મિલિયનથી વધારે લોકો એટલે કે દુનિયાની વસતીના ૧૦% લોકો દરિયા કિનારાના વિસ્તારોમાં વસે છે. ભારતમાં આશરે ૧૪.૨૦% લોકો દરિયા કિનારાના જિલ્લાઓમાં રહે છે. મૂલ્યની દૃષ્ટિએ ૬૮% વ્યાપાર દરિયા કિનારેથી થાય છે.

પ્રતિવર્ષ આપણા દરિયા કિનારાની નજીકથી એક અંદાજ મુજબ એક લાખ જહાજોની અવરજવર થઈ રહી છે. આને દરિયાઈ અર્થતંત્ર 'બ્લ્યુ ઈકોનોમિ' કહે છે. પરિણામે દરિયાઇ અર્થતંત્રને પ્રોત્સાહન આપવા સંદર્ભે અનેક યોજનાઓ આરંભવામાં આવી છે. જેમાં કેટલીક એજન્સીઓ દા.ત. દરિયાઇ સુરક્ષા દળ, ભારતીય નૌકાદળ, ભારતીય તટરક્ષક દળ, પોલીસ, કસ્ટમ્સ વગેરે સામેલ છે. દરિયાઇ કિનારાઓના રાજ્યોમાં 'સ્ટેટ મેરીટાઈમ બોર્ડ' તથા ખાસ માછીમારો માટે બાયોમેટ્રીક ઓળખ જેવી વિવિધ પહેલ પણ કરવામાં આવેલ છે. દરિયા કિનારાથી પચ્ચીસ નોટીકલ માઇલ સુધી ઇલેક્ટ્રોનિક દેખરેખ માટે કોસ્ટલ સર્વેલન્સ નેટવર્ક ઊભું કરાયું છે.

ભારતીય તટરક્ષક દળના જહાજો દ્વારા તથા વિમાનો દ્વારા ૧૩૮૨ ટાપુઓ પર ચાંપતી નજર રખાય છે. વિકાસલક્ષી ગતિવિધિઓને કારણે દરિયાકાંઠાના નાજુક માહોલ પર દબાણ આવેલું જણાય છે. જેમાં કેરળ, મુંબઈ, કોચી, વિશાખાપટ્ટનમ, કોલકતા આદિ રાજ્યો સમાવિષ્ટ છે. ધોવાણની અસર સૌથી વધારે કેરળમાં જોવા મળી છે. જે ૧૯૬૦ના દાયકામાં ૫૭% હતી. ઇ.સ. ૧૯૮૦માં લગભગ ૮૫% લંબાઈ ધોવાણમાં હતી.

દરિયાકાંઠાના વિવિધ પરિબળોને ધ્યાનમાં રાખીને ૨૫મી માર્ચ ઇ.સ. ૨૦૧૫ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા મહત્ત્વાકાંક્ષી રાષ્ટ્રીય પ્રોજેક્ટ "સાગરમાલા"ને મંજૂરી અપાઈ. ભારતના ૭૫૦૦ કિ.મી.ના દરિયા કિનારાના વ્યાપક વિસ્તારને સુરક્ષિત વિકાસલક્ષી બનાવવા ૧૪,૫૦૦ કિ.મી. સંભવિત સંચાલન જળમાર્ગોનું વિમોચન ૧૪ એપ્રિલ ૨૦૧૬ના 'મેરીટાઈમ ઈન્ડિયા સમિટ' વડા પ્રધાનને હસ્તે આરંભવામાં આવ્યું.

સાગરમાલા પ્રોજેક્ટના ચાર સ્તંભો તૈયાર કરવામાં આવ્યા છે : (૧) નૂતન બંદર વિકાસ, (૨) પોર્ટ કનેક્ટીવિટીમાં વૃદ્ધિ, (૩) પોર્ટ લીંક્ડ ઔદ્યોગિકીકરણ, (૪) કોસ્ટલ કોમ્યુનિટી ડેવલપમેન્ટ. ગુજરાત ૧૬૦૦ કિ.મી.ના દરિયાકાંઠા સાથે વિકાસનું પ્રવેશદ્વાર છે. કચ્છ જિલ્લામાં કંડલા, જખૌ, તુણા, કોટેશ્વર બંદરોનો વિકાસ થઈ રહ્યો છે. માંડવી તથા મુંદ્રા બંદરો અવિરતપણે વિકસી રહ્યા છે.

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી પર ૭૫ દરિયા કિનારાઓ પર સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું. આ વિશિષ્ટ કહેવાય તેવું અભિયાન ૧૭ સપ્ટેમ્બર ઇ.સ. ૨૦૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય દરિયા કિનારા સ્વચ્છતા દિવસ પર સંપન્ન થયું. એ સમયે ૧૫૦૦ ટન કચરો દૂર કરવામાં આવ્યો એમ દરિયાઇ તજજ્ઞો જણાવે છે.

દરિયાઈ સુરક્ષા અને સંવર્ધન અર્થે વિશ્વમાં ભારતની પહેલ અનોખી છે.

*૬/એ, સહજાનંદ, લીમડા લેન, સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*જીભ પરની ઈજા સૌથી પહેલા રૂઝાઈ જાય છે એવું મેડિકલ સાયન્સ કહે છે. પરંતુ જીભથી થયેલી ઈજા જીવનભર રૂઝાતી નથી એવું અનુભવ કહે છે.*

*આપણને સૌથી વધુ કોઈ નડતું હોય તો તે છે આપણો પોતાનો અહંકાર.*

# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી સંચાલિત
# શ્રી હમીરજી રત્નુ લોક સાહિત્ય કેન્દ્ર - ભુજ (કચ્છ)

• સંકલન •
પુષ્પદાન શંભુદાન ગઢવી

આ સાહિત્ય કેન્દ્રની રચના ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી સાથે રાજકવિ શ્રી શંભુદાન ઈશ્વરદાન ગઢવી મેમોરીયલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અજય પુષ્પદાન ગઢવીએ તા. ૧૧-૦૧-૨૦૨૧ના રોજ એક M.O.U. માં સહી કરી ત્યારથી કરવામાં આવી છે. જેનું વિધિવત ઉદ્દઘાટન ગુજરાત સાહિત્ય પરિષદના અધ્યક્ષ શ્રી પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યાના કરકમલો દ્વારા અને કચ્છ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી જયરાજસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને તા. ૦૪-૧૦-૨૦૨૧ના રોજ આયોજિત એક કાર્યક્રમમાં કરવામાં આવેલ છે.

રાજકવિ શ્રી શંભુદાન ઈશ્વરદાન ગઢવી મેમોરીયલ ટ્રસ્ટ તરફથી આ કેન્દ્રને રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂપિયા પાંચ લાખ)નું અનુદાન ચેક દ્વારા તા. ૨૮-૭-૨૦૨૧ના રોજ આપવામાં આવેલ છે.

આપણને સૌને વિદિત છે કે શ્રી હમીરજી રત્નુ, એ કચ્છના મહારાઓશ્રી દેશળજી પહેલાના રાજકવિ હતા. મહારાઓશ્રી દેશળજી પહેલા (શાસનકાળ : ઈ.સ. ૧૭૧૯-૧૭૫૨) કે જેઓને કચ્છમાં 'દેશરા કે પરમેશ્વરા'ના બિરૂદથી ઓળખવામાં આવે છે અને તેમના વારસ મહારાઓશ્રી લખપતજી કે જેઓએ સમગ્ર ભારતવર્ષમાં એકમાત્ર અને અજોડ એવી મહારાઓશ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળાની સ્થાપના કરી હતી (તેઓનો શાસનકાળ : ઈ.સ. ૧૭૫૨થી ૧૭૬૧ હતો). શ્રી હમીરજી રત્નુ મહારાઓશ્રી લખપતજીના વિદ્યાગુરૂ હતા.

હમીરજી રત્નુનાં દાદા શ્રી ભારમલજી રત્નુને કચ્છના રાજવી મહારાઓશ્રી તમાચીજીએ રાજસ્થાનનાં બાડમેર જિલ્લામાં આવેલા ઘડોઈ ગામેથી ખૂબ જ માન-સન્માન સાથે કચ્છ બોલાવી રાજકવિનું પદ સંવત ૧૭૧૧-૧૨ના અરસામાં આપ્યું હતું. આ ભારમલજીના ત્રણ પુત્રો : (૧) ગીરધર, (૨) ગોકળ અને (૩) હરિરામ પૈકી ગીરધરના પુત્ર હમીરજી થયા. જેઓ ઘણા જ વિદ્વાન હતા અને સંસ્કૃત, પ્રાકૃત ભાષા સાહિત્યમાં પીંગળ શાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, રાજનીતિ શાસ્ત્ર આદિમાં કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, રાજસ્થાન આદિનાં કવિઓમાં મોખરાનું સ્થાન ધરાવતા હતા.

શ્રી હમીરજી રત્નુ માટે તે વખતના સમયમાં એક કહેવાયેલા દોહા પરથી તેમની વિદ્વતા અને ખ્યાતિ માટેનો ખ્યાલ આવી શકે છે.

*બેઆ કવેસર બરડા, નદીઆ હંદા નીર,*
*(પુનઃ) ગુણ સાગર ગિરધર તણો, હય દરિયાવ હમીર.*

શ્રી હમીરજી રત્નુએ પોતાના જીવનકાળ દરમિયાન અનેક સાહિત્યિક રચનાઓ કરી હતી જેનો ઉલ્લેખ ડૉ. નિર્મલા આસનાનીએ 'કચ્છકી વ્રજભાષા પાઠશાળા એવમ્ ઉસસે સંબંધિત કવિયોંકા કૃતિત્વ' શોધ મહાનિબંધમાં કરેલ છે. તેમાં શ્રી હમીરજી રત્નુની કૃતિઓ અંગે ઉલ્લેખ કરવામાં આવેલ છે, જે નીચે જણાવ્યા પ્રમાણે છે :

(૧) ગુણ પિંગલ પ્રકાશ, (૨) લખપતિ ગુણ પિંગલ, (૩) લખપતિ પિંગલ, (૪) હરિજસ પિંગલ, (૫) હરિજસ નામમાલા, (૬) શ્રી કૃષ્ણ રામ જુગલ સ્વરૂપ રો છંદ, (૭) શ્રી ખેચીરો છંદ, (૮) શ્રી જોગ માયારો છંદ, (૯) શ્રી ગીત ચોવીસ જાતરા, (૧૦) જ્યોતિષ જડાવ, (૧૧) બ્રહ્માનંદ પુરાણ, (૧૨) શ્રી ભાગવત દર્પણ, (૧૩) શ્રી દેશલ વચનિકા, (૧૪) શ્રી જદુવંશ વંશાવળી, (૧૫) શ્રી જામ લાખાજીની નિશાની.

શ્રી શંભુદાનજી ગઢવી રચિત 'કચ્છ દર્શન' પુસ્તકમાં શ્રી હમીરજી રત્નુની કેટલીક રચનાઓ પ્રસિધ્ધ કરેવામાં આવી છે. જે પૈકીની કેટલીક કૃતિઓ નીચે જણાવી છે.

શ્રી હમીરજી રત્નુએ જાડેજા રાજ્યની એક વંશાવલી અંગેનું બૃહત કાવ્ય બનાવ્યું હતું. જેમાં શરૂઆતમાં તેઓ દેવ વંદન કરતા છંદો લખે છે.

આના પછી પ્રકૃતિ પુરુષના જોગે મહા તત્ત્વો ઉત્પન્ન થયાનું જણાવી, તેમના ગુણભેદોનું વર્ણન છે. બાદમાં ઈંડા સ્વરૂપ શ્રી વિષ્ણુ નારાયણના નાભિકમળથી બ્રહ્મા, તેમના અત્રિ, તેમના સોમ, તેમના બુધ, તેના પુરૂરવા એમ વિસ્તાર તેમની સંક્ષિપ્ત કથાઓ સહિત આ કાવ્યમાં આગળ ચાલે છે. ઠેઠ વાસુદેવના પુત્ર કૃષ્ણ સુધી આવી તેમની જન્મની કથાકાળે તેમના ગ્રહયોગો વગેરેનું વર્ણન કરેલ છે. એ જ રીતે કાવ્યકથા આગળ વધી ઠેઠ

*પોતાની ભૂલો પ્રત્યે અને પોતાના દોષો પ્રત્યે માણસ બહુધા બેદરકાર હોય છે.*

કચ્છ ભુજના મહારાવશ્રી પહેલા ખેંગારજીએ ઝારા પર બાર ખાનો સાથે જે પરાક્રમ બતાવેલું તેનું થોડું વર્ણન આવે છે.

ત્યારબાદ ખેંગારજીથી લઈ ઠેઠ મહારાવશ્રી દેશળજી સુધીનો વંશવિસ્તાર બતાવી એ વખતની દેશળજીની જાહોજલાલીનું વર્ણન કર્યું છે. દેશળજી પહેલાનો જન્મ કેવા ગ્રહોમાં થયો તે બતાવતા છંદો પણ લખેલ છે.

લાંબા છંદોમાં તેમની પૂરતી યશ પ્રશસ્તિ લખી અંતે આ વંશાવળીની નોંધમાં ટૂંકમાં જણાવતાં છંદ દ્વારા જણાવે છે.

મહારાઓશ્રી લખપતજી દ્વારા શરૂ કરવામાં આવેલ વ્રજભાષા પાઠશાળાની સ્થાપનામાં શ્રી હમીરજી રત્નુનું યોગદાન અમૂલ્ય હતું. આ પાઠશાળામાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓ માટે રહેવા તથા જમવાની બધી જ સગવડ કચ્છ રાજ્ય દ્વારા કરવામાં આવતી હતી. જે પ્રથા મહારાઓશ્રી લખપતજીથી લઇ તેમના પછીના તેમના વારસ મહારાઓશ્રી મદનસિંહજી સુધી ખૂબ જ સારી રીતે નિભાવવામાં આવી હતી. મહારાઓશ્રી મદનસિંહજીએ પોતાના કચ્છ રાજ્યનું જોડાણ જુન-૧૯૪૮માં ભારતના ગણતંત્ર રાજ્ય સાથે કચ્છ મર્જર એગ્રીમેન્ટ પર સહી કરીને કરેલ.

બહુ જ દુઃખ સાથે જણાવવાનું કે, ભારતને સ્વતંત્રતા મળી ત્યારે આપણી સંસ્કૃતિનું રક્ષણ કરવામાં વ્રજભાષા, પિંગલ અને ડિંગલ સાહિત્યનું ઘણું મોટું પ્રદાન હતું તેવું શિક્ષણ આપતી ભારતની એકમાત્ર વ્રજભાષા પાઠશાળાને કોઈપણ જાતનો વિચાર કર્યા વગર બંધ કરી દેવામાં આવી.

મારા પિતાજી શંભુદાનજીએ આ પાઠશાળામાં ૭ વર્ષ સુધી અભ્યાસ મેળવ્યો હતો અને પાઠશાળાનાં અંતિમ આચાર્ય તરીકે સેવા આપવાનો અવસર પણ પ્રાપ્ત કર્યો હતો. તેઓને આ પાઠશાળા બંધ થવાનો ઘણો રંજ હતો અને આપણી લોકશાહીના પ્રજાતંત્રમાં આ જાતનું પ્રશિક્ષણ આપતી પાઠશાળા ફરીથી કચ્છમાં શરૂ થાય તે માટેના ઘણા પ્રયાસો કર્યા હતા પરંતુ તેમાં સફળતા ન મળવાનો તેઓને તેમના જીવનના અંત સુધી ઘણો જ રંજ હતો.

અત્રે હું ઉલ્લેખ કરવાનું ઉચિત સમજીશ કે વ્રજભાષા, પિંગલ તથા ડિંગલ સાહિત્યને સામાન્ય રીતે અને પ્રચલિત માન્યતા પ્રમાણે તેને જનસમાજમાં 'ચારણી સાહિત્ય' તરીકે ઓળખવામાં આવે છે. આ ચારણી સાહિત્ય એ કોઈ જાતિવાચક નામથી ઓળખાતું સાહિત્ય નથી. પરંતુ વિશેષ કરીને આ સાહિત્યના ક્ષેત્રનો અભ્યાસ અને તેની જાણકારી અને જાળવણી ચારણો તરફથી વિશેષરૂપે કરવામાં આવતી અને ચારણોને સરસ્વતી પુત્ર - સરસ્વતીના ઉપાસક તરીકે ઓળખવામાં આવતા. તેથી આ સાહિત્યને ચારણી સાહિત્ય તરીકે ઓળખવામાં આવતું હતું.

આવા ચારણી સાહિત્યના પ્રશિક્ષણ, પ્રચાર અને પ્રસાર માટે આદરણીય રતુભાઈ અદાણી કે જેઓ ગુજરાત રાજ્યમાં મંત્રી હતા ત્યારે જુનાગઢ ખાતે લોકકાવ્ય શાળા શરૂ કરવા માટેના તેઓ દ્વારા સંન્નિષ્ઠ પ્રયાસો કરવામાં આવ્યા હતા અને તે વખતે આવી લોકકાવ્ય શાળા થોડા સમય માટે શરૂ પણ થઈ હતી, જે પાછળથી બંધ થઈ ગઈ.

રાજકોટના નામદાર ઠાકોર સાહેબ મનોહરસિંહજી સાહેબ જ્યારે ગુજરાતના શિક્ષણ મંત્રી હતા ત્યારે તેઓએ આ શિક્ષણ સામાન્ય લોકોને પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસો કર્યા હતા, પરંતુ તેમાં તેઓને સફળતા મળી ન હતી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ આદરણીય શ્રી ડોલર રાયભાઈ માંકડે પોતાની આગવી કોઠા સુઝબુઝને લઇ તથા તેઓની આગવી પ્રતિભાને કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આ સાહિત્યના વિષયો પર સંશોધન થાય, આ સાહિત્યને લગતી હસ્તપ્રતો જ્યાં હોય ત્યાંથી મેળવી તેની જાળવણી કરી તેના પર સંશોધન થાય તે પ્રકારની કલ્પના કરી, આ કામ માટેના અતિ જાણકાર અને નિષ્ણાત શ્રી રતુદાનજી રોહડિયાની (કે જેઓ બહેરા અને મૂંગા હતા) સેવા મેળવવાનું ભગીરથ કાર્ય કર્યું. ભગીરથ કાર્ય એટલા માટે જણાવું છું કે યુનિવર્સિટીમાં આ પ્રકારનું કામ કોઇને સોંપવું હોય તો તેવી વ્યક્તિ પાસે ડિગ્રી કે સર્ટિફિકેટ હોવું જોઈે. જ્યારે રતુદાનજી પાસે તો તેવી કોઈ ડિગ્રી કે સર્ટીફિકેટ હતા નહીં. પરંતુ માત્ર અને માત્ર સન્માનીય શ્રી માંકડ સાહેબની ઇચ્છાશક્તિ અને કોઠા સુઝબુઝને લઇ રતુદાનજીને આ કાર્ય તેઓએ સોંપ્યું અને પરિણામે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં આ સાહિત્યને સ્થાન મળ્યું. અને આ યુનિવર્સિટી પાસે આજે આ સાહિત્યનાં હસ્તલિખિત પ્રતોની ત્રીસ હજાર કરતા પણ વધારે પ્રતોનો સંગ્રહ છે. તથા આ વિષય પર શોધ નિબંધ અને મહાશોધ નિબંધ લખી ડૉક્ટરેટ (પીએચ.ડી.)ની ડિગ્રી પ્રાપ્ત કરનારાઓની સંખ્યા ૧૫ થી ૨૦ કે તે કરતા પણ વધારેની થઈ છે.

મારા પિતાશ્રીની જન્મ શતાબ્દિનો ઉત્સવ ભુજ મધ્યે તા. ૧૬-૦૧-૨૦૧૦ના રોજ ઉજવવામાં આવ્યો હતો. તે વખતે ગુજરાતના સન્માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી આ ઉત્સવમાં ખાસ પધાર્યા હતા. તે વખતે તેઓને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જે પ્રકારે આ સાહિત્યનું શિક્ષણ આપવાનું અને તેના

પર શોધ - સંશોધન કરવાની જે સુવિધા આપવામાં આવી છે તે પ્રકારની સુવિધા રાજ્યમાં બધાને પ્રાપ્ત થાય અને ખાસ કરીને નવી શરૂ થયેલ કચ્છ યુનિવર્સિટીમાં પણ આ પ્રકારનાં શિક્ષણ માટેની સુવિધા મળે તેવી તે વખતે રજુઆત તેઓશ્રી સમક્ષ કરવામાં આવતા, માનનીય શ્રી નરેન્દ્રભાઈએ ખાસ અંગત રસ લઈને ગુજરાત સરકાર આ જાતના શિક્ષણની પ્રવૃત્તિને ખાસ પ્રોત્સાહન આપવા માટે જરૂરથી હકારાત્મક રીતે અને સક્રિયપણે વિચારશે તેવું આશ્વાસન આપ્યું હતું. અને મને જણાવતા આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપેલ આશ્વાસનનું ઘણા જ ટૂંકા સમયમાં પાલન કરી, ગુજરાત રાજ્યે આ લોક સાહિત્યના પ્રચાર - પ્રસાર માટે "શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર"ની રચના કરી. જેનું વિધિવત ઉદ્ઘાટન વિશ્વ વંદનીય સંત શ્રી પ.પૂ. મોરારીબાપુના હસ્તે રાજકોટ મધ્યે તા. ૧૨-૦૩-૨૦૧૨ના રોજ કરવામાં આવ્યું હતું અને આ કેન્દ્ર માટે ગુજરાત સરકારે દર વર્ષે રૂા. ૨૫ લાખ જેટલી રકમની ફાળવણી કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. જે રકમમાંથી લોકસાહિત્યના શોધ, સંશોધન, જાળવણી વગેરે કાર્યો થઈ રહ્યા છે, જેનો મને ઘણો આનંદ છે. વિશેષમાં આ કેન્દ્રના પ્રથમ ડાયરેક્ટર તરીકેની જવાબદારી આ સાહિત્યનાં જ્ઞાતા, વિદ્વાન, ઊંડા અભ્યાસી ડૉ. અંબાદાનજી રોહડિયા સાહેબને સોંપવામાં આવી છે, જે પણ એક અતિ આનંદની વાત છે.

મહારાઓશ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળા વિશે ગુજરાતનાં લબ્ધ પ્રતિષ્ઠિત કવિશ્રી નાનાલાલ દલપતરામનો અભિપ્રાય :

"કાવ્ય કળા શીખવાની કચ્છ ભુજમાં પોશાળ હતી, આજે પણ છે. કવિઓ સર્જવાની એ કાવ્યશાળા કદાચ દુનિયાભરમાં અદ્વિતીય હશે. ઘણા કાવ્ય રસિકો ત્યાં ભણી રાજદરબારમાં કવિરાજ થયા છે. એ કાવ્યશાળાં કાવ્યશાસ્ત્રો શીખવાય છે ને રસોપાસોને નવરસની વાડીઓમાં ઘુમાવી ઋતુઓને તડકી છાંયડી, અભિસિંચન, ઉછેર, ફૂલ વીણન, ગૂંથન, બગીચા શાસ્ત્રનો શાસ્ત્રી ઉછરતા બાગબાનને ભણાવે એમ ત્યાં ભણાવાય છે. કચ્છના મહારાવનો ભુજીયો સિંહાસન છે, પણ ભુજની પોશાળા તે કચ્છના મહારાવનો કીર્તિ મુગટ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત "શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર" દ્વારા લોકસાહિત્ય તથા ચારણી સાહિત્યના પ્રચાર - પ્રસાર માટે અતિ પ્રશંસનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે.

લોકસાહિત્ય અને ચારણી સાહિત્યના પ્રચાર-પ્રસાર થતો રહે અને જેનો લાભ આ સાહિત્યના જ્ઞાન પિપાસુઓ અને તે માટેના વિદ્યાર્થીઓ વધુને વધુ પ્રમાણમાં મેળવી શકે તે ઉદ્દેશથી ઉપર જણાવ્યા મુજબ શ્રી હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્રની રચના કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત શ્રી ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર અને કચ્છ યુનિવર્સિટી સંચાલિત શ્રી હમીરજી લોકસાહિત્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે "ગુજરાત લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્યમાં ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ" એ વિષય પર રાજ્ય કક્ષાના એક પરિસંવાદનું આયોજન તા. ૨૩-૬-૨૦૨૨ના રોજ ભુજ ખાતે કચ્છ યુનિવર્સિટીમાં કરવામાં આવેલ. જેમાં હમીરજી લોકસાહિત્ય કેન્દ્રના નિયામકશ્રી ડૉ. કાશ્મીરાબેન મહેતાએ મહેમાનોને આવકાર્યા હતા અને આ કાર્યક્રમની ભૂમિકા શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના નિયામકશ્રી જે. એમ. ચંદ્રવાડિયાએ રજૂ કરી હતી.

આ પરિસંવાદમાં વિશિષ્ટ વક્તાઓ તરીકે પદ્મશ્રી ડૉ. વિષ્ણુભાઈ પંડ્યા તથા અજમેરના ડૉ. સી.પી. દેવલે પોતાનું વિશિષ્ટ વક્તવ્ય રજૂ કર્યું હતું અને આ પરિસંવાદના અન્ય સત્રોમાં અન્ય વક્તાઓ તરીકે શ્રી પુષ્પદાન શંભુદાન ગઢવી, ડૉ. અંબાદાન રોહડિયા, ડૉ. વિમ્મી સદારંગાણી તથા કચ્છના જાણીતા લેખક શ્રી માવજી મહેશ્વરીએ પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતા.

આ કેન્દ્ર દ્વારા લોકસાહિત્ય અને ચારણી સાહિત્યને લગતા પુસ્તકો માટેની એક લાઈબ્રેરીનું આયોજન કરવામાં આવેલ છે અને જેના માટે શ્રી શિવશક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટ (ભુજ - કચ્છ) દ્વારા ચારણી સાહિત્યના અમૂલ્ય અને કેટલાક અપ્રાપ્ય એવા ૨૫૧ પુસ્તકો તા. ૧૬-૦૧-૨૦૨૨ના રોજ ભેટ આપવામાં આવ્યા છે. જેનો લાભ અનેક લાભાર્થીઓ દ્વારા લેવી રહ્યો છે.

સાંપ્રત સમયમાં ખાસ કરીને નવી પેઢીમાં વાંચવાની વૃત્તિ ધીરે ધીરે ઓછી થતી જાય છે ત્યારે આ પેઢીને ૩૦૦ વર્ષ જૂની વ્રજભાષા પાઠશાળાના ઈતિહાસની એક ઝલક મળી શકે અને તે અંગે વિશેષ માહિતી મેળવવામાં રસ - રૂચિ વધે તેવા હેતુથી આ પાઠશાળા પર એક શોર્ટ ફિલ્મ (ડોક્યુમેન્ટરી) બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું અને આવી શોર્ટ ફિલ્મ બનાવવા માટે આ વિષયના નિષ્ણાત એવા શ્રી રાજેન્દ્ર હેમુભાઈ ગઢવીને વિનંતી કરતા, તેઓએ ખૂબ જ ટૂંક સમયમાં આ વિષય પરની ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી આપી. જેનું અનાવરણ કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. જયરાજસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને તથા અતિથિ વિશેષશ્રીઓ ડૉ. અંબાદાન રોહડિયા, શ્રી રાજેન્દ્ર હેમુભાઈ ગઢવી તથા પુષ્પદાન ગઢવીની ઉપસ્થિતિમાં સ્વ. શંભુદાનજી ગઢવીની જન્મતિથિ તા. ૧૬-૦૧-૨૦૨૩ના

*અહંકાર ન છૂટે તો આપણામાં રહેલી તમામ ઉત્તમતા છૂટી જાય.*

રોજે કચ્છ યુનિવર્સિટી - ભુજ, કચ્છ ખાતે કરવામાં આવેલ. આ શોર્ટ ફિલ્મ જોવા માટે યુ-ટ્યુબમાં વ્રજભાષા પાઠશાળા ચેનલ પર જઈ SUBSCRIBE કરવાથી આ અંગેના બધા વીડિયો ત્યાં જોવા મળશે.

ઓલ ઇન્ડિયા સાહિત્ય એકેડેમિ દ્વારા ભારતીય સાહિત્યના નિર્માતાઓની શ્રેણીમાં જોધપુર નિવાસી ડૉ. સોહનદાન ચારણ લિખિત 'હમીરજી રત્નુ' પરની એક નાનકડી પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ સને ૨૦૨૨માં બહાર પાડવામાં આવી છે. જેની કિંમત રૂા. ૫૦/- છે. જે સાહિત્ય એકેડેમિના મુખ્ય કાર્યાલય અને અન્ય ક્ષેત્રીય કાર્યાલયો પરથી મેળવી શકાય છે.

ભવિષ્યમાં આ કેન્દ્ર દ્વારા કચ્છના લોક સાહિત્યમાં કચ્છની લોક વાર્તાઓ પૈકી કેટલીક મહત્ત્વની લોક વાર્તાઓનું ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર કરી પ્રસિદ્ધ કરવાનું પણ આયોજન છે તથા અન્ય લોક સાહિત્ય અને ચારણી સાહિત્યના વૈકલ્પિક વિષય તરીકે અભ્યાસ કરાવવા માટેની વધુમાં વધુ સુવિધાઓ કચ્છ યુનિવર્સિટીમાં પ્રાપ્ત થાય તે માટેના આયોજન વિચારણા હેઠળ છે.

શ્રી કલ્યાણપુર પ્રાથમિક શાળાના (કલ્યાણપુર, તા. ભાણવડ, જિ. દેવભૂમિ દ્વારકા) મદદનીશ શિક્ષકશ્રી પ્રવીણકુમાર પી. સાંજવાએ ડૉ. અંબાદાન રોહડિયાના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી "કવિ હમીરજી રત્નુ : એક અધ્યયન" વિષય પર પોતાનો શોધ - મહાનિબંધ સને ૨૦૧૯માં તૈયાર કરી, પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે અને તેઓએ મેળવેલ આ પીએચ.ડી.ની ડિગ્રીના કારણે તેઓએ કોલેજના પ્રાધ્યાપક તરીકેની લાયકાત પ્રાપ્ત કરતાં, પ્રાધ્યાપકની સ્પર્ધાત્મક પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબર મેળવી તેઓ હાલે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ઓખા મંડળમાં પ્રાધ્યાપક તરીકેની સેવા બજાવી રહ્યા છે.

હું કોઈ લેખક કે સાહિત્યકાર નથી, પરંતુ ચારણી સાહિત્ય અને લોક સાહિત્યના પ્રચાર પ્રસાર વધુને વધુ થાય તે માટે મારા તરફથી જે કંઈ યોગદાન આપી શકાય તે આપવામાં મને અંતરનો અતિ નિજાનંદ પ્રાપ્ત થાય છે. તે હેતુથી એક સંકલનકર્તા તરીકે મારી જાણમાં જે વિગતો આવે છે તે રજૂ કરવામાં મને અતિશય આનંદ પ્રાપ્ત થાય છે. તે હેતુથી આ લખાણ મેં લખેલ છે. જેમાં ભાષાકીય કે જોડણી જેવી કોઈ ક્ષતિ કે અન્ય કોઈ ભૂલચૂક હોય તો સુજ્ઞ વાંચકો મને ક્ષમા કરશે તેવી મારી ક્ષમા પ્રાર્થના સાથે સૌને મારા હૃદયપૂર્વકના સપ્રેમ જય માતાજી - અસ્તુ.

*ભુજ, કચ્છ*

## પરીક્ષા પે ચર્ચા

**(અનુસંધાન : પાના નં. – ૧૯ ઉપરથી ચાલુ)**

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે એક વખત તમે આ વાતનો સ્વીકાર કરી લો કે મારી આ ક્ષમતા છે, આ સ્થિતિ છે તો મને તેના અનુકૂળ વસ્તુ શોધવી પડશે. તેમણે કહ્યું કે મોટાભાગના લોકો સામાન્ય હોય છે. અસાધારણ લોકો ઘણા ઓછા હોય છે. સામાન્ય લોકો અસામાન્ય કામ કરે છે અને જ્યારે સામાન્ય લોકો અસામાન્ય કામ કરે છે ત્યારે તે ઊંચાઈ પર જાય છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે મહેનતની બાળકોને ચિંતા રહે છે કે હું મહેનત કરું છું અને કેટલાક લોકો ચોરી કરીને પોતાનું કામ કરી લેશે. આ જે મૂલ્યોમાં ફેરફાર આવ્યો છે તે સમાજ માટે ખતરનાક છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે હવે જિંદગી બદલી ગઈ છે, જીવન બદલી ગયું છે. આજે દરેક પગલે પરીક્ષા આપવી પડે છે. નકલથી જિંદગી બની શકે નહીં. તેમણે કહ્યું કે આજે દુનિયામાં જ્યારે આર્થિક સરખામણી કરવામાં આવી તો તેમાં ભારતને એક આશાના કિરણના રૂપમાં જોવામાં આવી રહ્યું છે. ૨-૩ વર્ષ પહેલા અમારી સરકારના વિષયમાં લખવામાં આવતું હતું કે તેમની પાસે કોઈ અર્થશાસ્ત્રી નથી. બધા સામાન્ય છે અને પીએમને અર્થશાસ્ત્ર વિશે કશું ખબર નથી. જે દેશને સામાન્ય કહેવાતો હતો તે આજે ચમકી રહ્યો છે.

તરસ્યા કાગડાની વાર્તા અને મિકેનિકલના દૃષ્ટાંતો દ્વારા તેમણે સમજાવ્યું કે કેટલાક એવા લોકો છે જે ઘણી મહેનત કરે છે. કેટલાક લોકો માટે સખત મહેનત તેના જીવનના શબ્દકોશમાં ઉપલબ્ધ નથી. કેટલાક મુશ્કેલથી સ્માર્ટ વર્ક કરે છે અને કેટલાક સ્માર્ટ રીતથી હાર્ડ વર્ક કરે છે. આપણે આ બાબતોને બારીકાઈઓથી શીખવી જોઈએ અને પરિણામ માટે તે પ્રમાણે જ કામ કરવું જોઈએ.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે અમે રાજનીતિમાં કેટલી પણ ચૂંટણી કેમ ના જીતી લઈએ એવું દબાણ ઊભું કરાય છે કે અમારે હારવાનું નથી. ચારેય બાજુ દબાણ બનાવવામાં આવે છે. શું આપણે આ દબાણોથી દબાવવું જોઈએ? જો તમે પોતાની એક્ટિવિટી પર ફોકસ કરો છો તો તમે સંકટથી બહાર આવી જશો. ક્યારેય પણ દબાણોના દબાણમાં ના રહો. વાલીઓએ સંતાનો ઉપર ખોટું દબાણ ન લાદવું જોઈએ. સમાજના વિવિધ પહેલુઓને જાણવાનો તેમને અવસર આપવો જોઈએ.

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ દેશભરના લાખો વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, પ્રબુદ્ધવર્ગ તેમજ દેશભરના શિક્ષણ જગત માટે જીજ્ઞાસા સમાધાનરૂપી પ્રેરણાદાયી રહ્યો.

*સંદર્ભ : વિકીપીડિયા અને મીડિયામાં પ્રસારિત અહેવાલો*

*ભુજ, કચ્છ. • મો. ૮૮૪૯૧ ૮૪૦૧૧*

*ઉત્તમનું જતન કરતાં રહેવું એ પતનથી બચવાનો સરળ ઉપાય છે.*

# પરીક્ષા પે ચર્ચા



વનરાજસિંહ જાડેજા

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ એ વિદ્યાર્થી, વાલી, સમાજ અને શિક્ષણને દિશા નિર્દેશ કરતું સટીક જન આંદોલનનું રૂપ લઈ ચૂક્યો છે. સ્વચ્છતા અભિયાન હોય, ફીટ ઇન્ડિયા દ્વારા યોગ દિવસની ઉજવણીના માધ્યમ દ્વારા શારીરિક સ્ફૂર્તિ સાથે સ્વસ્થ - તંદુરસ્ત રહેવાની વાત હોય. આવી પ્રેરક પહેલો દ્વારા મોદીજી અનેક જન આંદોલનના જનક રહ્યા છે. મોદીજી દ્વારા લખાયેલ પુસ્તક 'એક્ઝામ વોરિયર્સ' અનેક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે. ભારતની ૧૩ ભાષાઓમાં એનો અનુવાદ થઈ ચૂક્યો છે. તેવી રીતે પરીક્ષા પે ચર્ચા પણ એક નવું પ્રરૂપ બનેલ છે. ૨૩મી જાન્યુઆરી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતીના અવસર ઉપર સમગ્ર દેશમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. પરીક્ષા પે ચર્ચા, એક્ઝામ વોરિયર્સ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વગેરે એક સિક્કાની અનેક બાજુઓ છે. તેમાંથી માર્ગદર્શન અને પ્રેરણા લઇ સહજતાથી ભવિષ્યનું ભારત ૨૧મી સદીની દિશામાં ઝડપથી આગળ વધે, તે માટે તૈયાર થાય, તે મા. પ્રધાનમંત્રીજીનું સ્વપ્ન છે.

**પરીક્ષા પે ચર્ચા, એ ૨૦૧૮થી દર વર્ષે યોજાતી વાર્ષિક ઇવેન્ટ છે.** ઈવેન્ટ દરમિયાન ભારતના વડા પ્રધાન દેશભરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે વાર્તાલાપ કરે છે અને પ્રવેશ પરીક્ષાઓ હળવાશથી અને તણાવમુક્ત રીતે લેવામાં આવે તે સંદર્ભે મૂલ્યવાન સૂચનો શૅર કરે છે.

ઈવેન્ટ માટે સહભાગીઓ સામાન્ય રીતે સ્પર્ધા દ્વારા પસંદ કરવામાં આવે છે. સ્પર્ધાના વિજેતાઓને કાર્યક્રમમાં હાજરી આપવાની તક આપવામાં આવે છે અને કેટલાક વિજેતાઓને વડાપ્રધાન સાથે સીધો સંપર્ક કરવાની તક મળે છે. પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી વિદ્યાર્થીઓને તેમના સપના અને ધ્યેયો પૂરા કરવા માટે પ્રેરણા આપે છે. આ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને પીએમ મોદીજી સાથે વાત કરવાનો મોકો મળે છે. પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ભાગ લેવા માટે સહભાગીઓએ ચોક્કસ વિષય પર લખવાનું હોય છે.

પરીક્ષા પે ચર્ચાની પ્રથમ આવૃત્તિ ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ યોજાઈ હતી. બીજી આવૃત્તિ ૨૯ જાન્યુારી ૨૦૧૯ના રોજ નવી દિલ્હીમાં યોજાઈ હતી. ત્રીજી આવૃત્તિ ૨૦૨૦માં અને ચોથી આવૃત્તિ ૭ એપ્રિલ ૨૦૨૧ના રોજ ઓનલાઈન મીટિંગ દ્વારા યોજાઈ હતી અને નવીનતમ આવૃત્તિ ૨૭ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં સવારે ૧૧ કલાકે યોજાઈ હતી.

લગભગ ૧૫૦ દેશોના વિદ્યાર્થીઓ અને ૫૧ દેશો ઉપરના શિક્ષકોએ પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ માટે રજિસ્ટ્રેશન કરાવેલ હતું. પ્રાપ્ત થયેલા ૨૦ લાખથી વધારે પ્રશ્નોમાંથી અગત્યના કેટલાક પ્રશ્નોના ઉત્તર મા. વડાપ્રધાનશ્રી મોદીજી દ્વારા આપવામાં આવ્યા હતા. બોર્ડ પરીક્ષા પહેલા આયોજિત પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં મા. વડાપ્રધાનશ્રી મોદીજી દ્વારા વિદ્યાર્થીઓના સવાલોના રસપ્રદ અંદાજમાં જવાબ આપ્યા હતા.

પરીક્ષા પે ચર્ચા દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ બાળકો, પેરેન્ટ્સ અને ટીચર્સ સાથે વાત કરી હતી. બોર્ડ પરીક્ષા પહેલા આયોજિત આ કાર્યક્રમમાં પીએમ શ્રી મોદીજીએ વિદ્યાર્થીઓના સવાલોના રસપ્રદ અંદાજમાં જવાબ આપ્યા હતા અને પરીક્ષાની તૈયારીને લઇને પણ ઘણી સલાહ પણ આપી હતી. આ દરમિયાન વિપક્ષની ટીકા અને આરોપોને લઇને એક વિદ્યાર્થીએ સવાલ કર્યો હતો. જેના પર મજાકના અવાજમાં કહ્યું કે આ આઉટ ઓફ સિલેબસ છે. હું જાણું છું કે તમે મને કેમ લપેટામાં લીધો છે કારણકે તમારા પરિવારના લોકો પણ આ સાંભળી રહ્યા છે.

***મા. વડાપ્રધાનશ્રી મોદીજીની ખાસ વાતો :***

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે મારો એક સિદ્ધાંત છે. હું માનું છું કે સમૃદ્ધ લોકતંત્ર માટે ટીકા એક શુદ્ધિ યજ્ઞ છે. ટીકા સમૃદ્ધ લોકતંત્રની પૂર્વ શરત છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે પરીક્ષા પે ચર્ચા તેમની પણ પરીક્ષા છે અને દેશના કોટિ કોટિ વિદ્યાર્થી તેમની પરીક્ષા લઈ રહ્યા છે. મને આ પરીક્ષા આપવામાં આનંદ આવે છે. પરિવારોને પોતાના બાળકોથી આશા હોવી સ્વાભાવિક છે. જોકે આ ફક્ત સામાજિક સ્થિતિ બનાવી રાખવા માટે છે તો ખતરનાક થઈ જાય છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે ફક્ત પરીક્ષા માટે નહીં, જીવનમાં આપણે સમયના મેનેજમેન્ટ પ્રત્યે જાગરુક રહેવું જોઈએ. કામનો ભાર તેથી થઈ જાય છે કારણકે સમય પર તેને કર્યું નથી. કામ કરવામાં ક્યારેય થાક લાગતો નથી. કામ કરવાથી સંતોષ થાય છે. કામ ના કરવાથી થાક લાગે છે કે આટલું કામ બચ્યું છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૮ ઉપર)**

*ક્રોધ એ એક એવી શક્તિ છે કે જે એના સંગ્રાહકને ખતમ કરીને જ રહે છે.*

## હાજીપીર (રહમતુલ્લાહ અલયહ)

હાજી મહમદ લોટીયા

હાજીપીરના બાપદાદાઓ અરબસ્તાનથી ઈરાન, અફઘાનિસ્તાન થઈ પંજાબમાં વસ્યા. સન ૭૧૨માં લંકાના રાજાએ બગદાદના ખલીફા અબ્દુલ મલીકને વહાણમાં કિંમતી ઝર ઝવેરાતો મોકલેલ, પણ સિંધના કેવળ બંદરે ચાંચિયાઓએ આ વહાણ લૂંટી લીધું. ઈરાકના સુબા હિઝાઝને આની જાણ થતાં, તેમણે પોતાના જમાઈ મહમદબીન કાસમને જંગી સેના સાથે સિંધ પર હુમલો કરાવ્યો. તેમની સાથે હાજીપીરના બુઝુર્ગો આવેલ, જે પંજાબના મુલતાન શહેરમાં જ રોકાઈ ગયા. તે બુઝુર્ગોમાંથી ૪૫૦ વર્ષ રહીને તેમની પેઢીમાં, ઇ.સ. ૧૧૬૦માં મુલતાનમાં હાજીપીરનો જન્મ થયો. હાજીપીરના વાલીદ સાહેબનું નામ મોહસિન શાહ હતું. હાજીપીરનું નામ સૈયદ અલી અકબર જકરીયા. તેઓ બે વખત હજ કરી આવ્યા હતા. હાજીપીરના મોટા દાદાનું નામ શાહબુદ્દીન. તેઓ ઓલિયા હતા.

હાજીપીર યુવાન વયે ઇ.સ. ૧૧૮૭માં શાહબુદ્દીના લશ્કરમાં જોડાઈ ગયા હતા, પણ યુધ્ધમાં જ્યારે જીત થાય છે ત્યારે જીતના નશામાં સૈનિકો નિર્દોષ લોકોની કતલ કરીને માલ મિલ્કત લૂંટતા, અનેક દેવ મંદિરો લૂંટતા. આથી હાજીપીરનું મન નારાજ થઈ ગયું ફકીરી મિજાજી દિલને, યુધ્ધ પછીની જીતનું દૃશ્ય જોઈને! પોતાની તલવાર અને ફોજી પોશાકને નદીમાં ઘા કરીને ફોજી છાવણીથી દૂર ચાલ્યા ગયા. મનોમન નક્કી કર્યું કે, હવે ભલાઈના કામ સિવાય તલવાર નહીં ઉપાડું.

હાજીપીર એકેશ્વરવાદના પ્રચારક જરૂર હતા, પણ તલવારથી નહીં. તેમણે તકરીરથી ઇસ્લામનો પ્રચાર કર્યો. રાજ્યોને જીતીને નહીં, પણ દિલ જીતીને ઇસ્લામનો પ્રચાર કર્યો. તેઓ પાંચ વખતની નમાઝના પાબંદ હતા. કુરાનના આદેશનો અમલ કરતા. મુસીબતમાં માંગેલી હાજીપીરની દુવાઓ ખુદાએ મંજૂર કરી છે. લોકોને હાજીપીર ઉપર વિશ્વાસ બંધાતા તેમણે બતાવેલ રસ્તે ચાલવા લાગ્યા. હાજીપીર જીવ્યા ત્યાં સુધી યુધ્ધમાં થયેલ જીત પછીના ફોજીઓના પાપાચાર ન ભૂલ્યા.

હાજીપીર પંજાબથી સિંધમાં આપના મોટાભાઈ શાદીશાહને ત્યાં આવીને વસ્યા. જીવન નિર્વાહ માટે ભેંસો રાખી. મોટાભાઈ પાસે થોડો સમય રહ્યા પછી આપને એક રાતે સ્વપ્ન આવ્યું કે, હે અલી અકબર જકરીયા, તું આરામની જિંદગી ગુજારે છે તે યોગ્ય નથી. તારે કઠોર જીવન જીવવું જોઈએ. તું ફકીર બની કાયાની માયા મૂકી તું કચ્છના રણ પ્રદેશમાં જા. સ્વપ્ના પ્રમાણે બીજા જ દિવસે પોતાની ભેંસો લઇને કચ્છમાં નરા ગામથી થોડે દૂર ઝુંપડું બનાવીને ઇ.સ. ૧૨૦૦માં મુકામ કર્યો. ભેંસો સાથે આવેલ ફકીરના લિબાસમાં હાજીપીરને જોઈને ત્યાંના સોલંકી રાજપૂતોએ ફકીરનો વિરોધ કર્યો. ફકીરને કહ્યું કે, અય ફકીર, તું અહીંથી ચાલ્યો જા. નહીં તો તને મારી નાખશું. અહીં અમોને રણમાં પાણીની તકલીફ છે. હાજીપીરે કહ્યું કે, ઇન્શાઅલ્લાહ પાણીની તકલીફનું નિવારણ થશે. પણ હું અહીંથી નહીં જાઉં. સોલંકીઓએ કહ્યું કે, પાણીની તકલીફનું નિવારણ થશે, તે કરી બતાવ. પછી હાજીપીરના કહ્યા મુજબ સૌએ એક નાની તલાવડી બનાવી અને એ તલાવડીમાં હાજીપીરે પોતાની મસ્કમાંથી રાણી રેડ્યું. સાથે જમીનમાંથી આપોઆપ પાણી નીકળ્યું. તલાવડી ભરાઈ ગઈ. સ્થાનિક લોકો અને ચોપગાઓએ પાણી પીધું. પણ તલાવડી ભરેલી જ રહી. ત્યાં એકસો લોકો હાજર હતા. તેમણે ધરાઈને પાણી પીધું. માટે તલાવડીનું નામ 'સોધરાણા' પડ્યું.

આ ચમત્કાર જોઈને સોલંકી રાજપુતો ઇમાન લાવ્યા. કુરાનના આદેશોનો અમલ કર્યો. દારૂ જુગાર, વ્યભિચારથી દૂર થયા. સમય જતાં બાજુના અમિયા ગામનો ઇબ્રાહીમ ધરસ હાજીપીરનો મુરીદ બની ગયો. તે રણમાં ભટકેલા કે સિંધ તરફ જનારાઓને રોટલા પાણી ખવડાવીને લોકોને રસ્તે ચડાવતો. તે હાજીપીરનો મુરીદ બની ગયો.

હાજીપીર પાસે એક ઠાકુર નાની વાછડી લઈ આવ્યા ને કહ્યું કે, આ વાછડી દૂધ આપે તો હું તમારો આદેશ માનું. તરત વાછડીના આંચળ દૂધથી ભરાઈ ગયા. હાજર લોકોએ દૂધ દોહીને પીધું. પણ ઠાકોર ફરી ગયા. તેણે કહ્યું કે, વાછડી કાયમના માટે દૂધ આપે તો હું તમારો મુરીદ બનું. હાજીપીરે કહ્યું કે તમે કુદરતના બંધારણ પ્રમાણે વાત કરો. વાછડી ગાય થાય ત્યારે જ દૂધ આપે. ઠાકુર માન્યા નહીં. ચાલ્યા ગયા. મુસીબતના સમય પર અલ્લાના વલીઓ પાસે જાઇઝ માંગણી કરો, નાજાઇઝ માંગણી પૂરી નહીં થાય.

*અપકીર્તિથી બચવાનો શ્રેષ્ઠ વિકલ્પ અપકાર્યોથી બચતા રહેવું.*

એક પાવૈયાએ હાજીપીર પાસે પુત્રની માંગણી કરી. હાજીપીરના મુરીદોએ પાવૈયાને બહુ સમજાવ્યો કે દુનિયાદારીની રીત મુજબ માંગણી કર. પણ પાવૈયો માન્યો નહીં. જેથી તેની માંગણી મંજૂર થઈ. નવ મહિને પેટ ચીરાણું ને પુત્ર બહાર આવ્યો. પાવૈયો ને પુત્ર બંને મરણ પામ્યા. તેની કબરો બાજુની જ કબ્રસ્તાનમાં છે.

દર અગિયારસના એટલે કે કારઈની રાત્રે આપની દરગાહે અરબસ્તાનથી આકાશમાં ૧૮૦ જ્યોત ચિરાગ પસાર થાય છે. જેને હજારો રણ વાસીઓએ આ નઝારો નિહાળ્યો છે.

કચ્છ સહિત આખા ભારતમાં હાજીપીર બાબાના ચમત્કારો બહુ સાંભળ્યા છે છતાં વર્ષોથી હાજીપીરના સ્થાને યાત્રાળુઓ માટે કોઈ સુવિધા નથી. ત્યાં જવા માટે રસ્તાઓના કોઈ ઠેકાણા નથી. છતાં હાજીપીરના આશકોની કોઈ ફરીયાદ નથી. જન સમુદાયના દિલમાં હાજીપીરનું સ્થાન એટલું બુલંદ છે કે, સંકટ સહન કરીને અન્ય દિવસો સાથે સોમવારના મેળો મચે છે. તેમના ચહેરા ઉપર કંઈક પામ્યાની ખુશી છે. આ કરામત નહીં તો બીજું શું?

ઈ.સ. ૧૯૪૨માં હિંમતસિંહ બાવાએ કચ્છમાં બસ ચાલુ કરી. પ્રજાએ બાવા પાસે હાજીપીર માટે બસ ચાલુ કરવા માંગણી કરી. બાવાએ કહ્યું, બસ ચાલુ કરીએ પણ રસ્તો નથી. ત્યારે હાજીપીરના આશકોએ થોડા જ દિવસમાં રસ્તો બનાવી આપ્યો અને હિંમતસિંહ બાવાએ બસ ચાલુ કરી અને પ્રથમ મેળામાં જ કચ્છ રાજને ૨૦,૦૦૦ કોરીની આવક થઈ. પછી તો દર સોમવારના બસ ચાલુ થઈ. આઝાદી પછી રસ્તો ઠીકઠાક થયો અને બસ રોજ ચાલુ થઈ. વર્તમાને રોજ ચાર બસ હાજીપીર જાય છે. પ્રાઈવેટ વાહન અલગ. આ ચમત્કાર નહીં તો બીજું શું?

યાત્રાળુઓ વધતાં રણમાં પાણીનો પ્રશ્ન વિકટ બન્યો. ભુજમાં ત્રાંબિયાની એક હેલ પાણી અને મેળામાં એક ગ્લાસ પાણી એક કોરીમાં મળે. એક કોરીના ૪૮ ત્રાંબિયા થાય. તેમ એક કોરીના ત્રણ રૂપિયા થાય. આ હિસાબે મેળાર્થીઓનું ગજવું પાણીમાં ઘણું હલકું થઈ જતું.

ભુજના આગેવાન શેઠ રતનશી ગોપાલજી મહારાજના હાજીપીર થકી દુઃખ દર્દ દૂર થયા હતા. બસ ડેપો મેનેજર ગાંગજીભાઈ ગજ્જર અને રતનશી શેઠના સાથથી હાજીપીરના મેળામાં પાણીની ટેન્કર અને જનરેટર આવ્યા. જેથી પાણી અને લાઈટનો પ્રશ્ન હલ થઈ ગયો.

જેસલકેર નામનો બહારવટીયો પોતાના સાથીઓ સાથે નરા ગામની સીમમાં ધાડ પાડીને ગૌધન લૂંટી ચાલતો થયો. તેમાં એક હિંદુ વિધવા ડોસીની ગાય હતી. ડોસીએ હાજીપીરમાં ફરીયાદ કરી. હાજીપીરે લુંટારાઓનો પીછો કરીને મુકાબલો કર્યો. મુકાબલામાં હાજીપીરનું માથું ધડથી જુદુ થયું છતાં ધડ લડતું રહ્યું. અનેક લૂંટારા મરી ચૂક્યા હતા. બાકી માથા વગરના ધડને લડતું જોઈ ભાગ્યા. પણ આંધળા થઈ ગયા. હાજીપીરનું માથા વગરનું ધડ ગાયોનું ધણ પાછું લઈ આવ્યું. હાજીપીરે હિંદુ વિધવા ડોસીને ગાય હાથોહાથ પાછી આપ્યા પછી ધડ પડી ગયું. ત્યારે અમિયા ગામનો ઈબ્રાહીમ ધરસ ધડને સ્નાન કરાવી, કફન પહેરાવીને હાજીપીરે વસિયત કરેલી જગ્યા પર દફન કર્યું. આ મુકાબલામાં હાજીપીરના મુરીદ સોલંકીઓ ખપી ગયા. માત્ર એક મુબારક નામનો છોકરો જ બચ્યો. ઈબ્રાહીમ ધરસે તેને મોટો કર્યો ને પરણાવ્યો. હાજીપીરનાં હાલના મુજાવરો તેમની વંશના છે.

હાજીપીરનો (પ્રસાદ) તબરૂક મઝારથી ૧૦ માઈલ દૂર ન લઈ જવાય – આ નિયમ છે. આ નિયમ જેમણે તોડ્યો તે પરેશાન થાય છે. સેંકડો વર્ષ પૂર્વે રણમાં કાચા મકાનમાં હાજીપીરની મઝાર હતી. કચ્છ ધણી ખેંગારજી ત્રીજાએ પાકી મઝાર બનાવી આપેલ. પછી માંડવીના ભડાલા મુશાદાદા અને ઈસ્માઈલભાઈએ પાકી મઝાર બનાવી આપેલ છે.

*કોટડા (ચકાર), તા. ભુજ, કચ્છ*
*મો. ૯૯૭૮૪ ૬૫૩૦૦*

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110

**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

*અહંકારની જાલીમ ખતરનાકતા એ છે કે એ ઉપકારો લે છે પરંતુ આભારની અભિવ્યક્તિ કરતો નથી.*

સ્મરણાંજલી

## "ઝાલા...... ગયા!"

યુસુફ મીર

ઝાલાબાપુની ઓળખાણ આકસ્મિક થયેલી અને પછી તેમના મૃત્યુ પર્યંત અમારી દોસ્તી રહેલી. લાગે છે કે મારે એમની વાત શરૂથી જ કરવી પડશે. હું પાલડી પી.ઓ. માં શરૂઆતમાં ઇ.ડી. પોસ્ટમેન હતો ત્યારે જીવરાજ પાર્કની સામે આવેલી હરિ મુકુંદમાં એક પોસ્ટકાર્ડ આવ્યું. સરનામામાં લખેલું હતું : 'જી. કે. ઝાલા, પોસ્ટમેન પોલીટેકનિક.' હું ચમક્યો. હું જે ખાતા સાથે ભવિષ્યમાં જોડાવાનો હતો, તેનો જ એક કર્મચારી અહિંયા રહેતો હતો. મેં તો પત્ર નાખીને જે બહેન બહાર આવ્યા તેમને પૂછ્યું, 'ઝાલાબાપુ છે?' તેમણે હા પાડી. ઝાલા રૂમની બહાર આવ્યા. મને કહે, 'હું જ ઝાલા. બોલો શું હતું?' મેં કહ્યું, 'કામ તો કશું જ નહોતું પણ તમને મળવું હતું. હું પાલડી પી.ઓ.માં ઇ.ડી.માં છું.' એ હસીને કહે, 'કશો વાંધો નહીં, કાલ ઉઠી કાયમી થઈ જશો. કામકાજ હોય તો બેલાસક મને કહેજો.' પહેલી જ મુલાકાતમાં માણસ મિલનસાર લાગ્યો. પછી તો મારી અને એમની મુલાકાત મહિના પછી થઈ. કાયમી પોસ્ટમેન થઈ હું ઝાલાની પોલીટેકનિક પી.ઓ.માં જ નિમણુંક પામ્યો હતો. હું પોલીટેકનિકમાં કોઈનેય ઓળખું નહીં એટલે ફક્ત ઝાલા જ જાણીતા નીકળ્યા. એટલે સીધો એમની પાસે જઈ બેસી ગયો. પછી માસ્તરે મને સૈયદની બીટમાં સમાવ્યો. ત્યારથી મારી અને ઝાલાની દોસ્તી જામી. તે છેક એમના અંત સુધી. પાલડીમાં પણ એ મેઈલ ક્લાર્ક અને હું રજિસ્ટર બુકિંગ ક્લાર્ક. મેઈલ ક્લાર્કની નોકરી બે ટાઈમની. એક સાત વાગ્યાથી અગિયારની અને બીજી ચારથી સાત સુધી. મેં એમને પૂછ્યું, 'બાપુ, આ બે ટાઈમની નોકરી ફાવે છે?' એ મને કહે, 'મીર, ફાવતી તો નથી પણ ફવડાવવી પડે છે.' મેં કહ્યું, 'કેમ?' તો કહે, 'આ મોંઘવારીમાં સીંગલ પગારથી પૂરું થતું નથી. એટલે એક્સ્ટ્રા આવક માટે બપોરના ગાળામાં રીક્ષા ચલાવું છું. તે છેક ચાર વાગ્યા સુધી. મારી પોતાની રીક્ષા છે. ભલે ખખડધજ રહી પણ હજુ સુધી ચાલે છે. એટલે ઘેરથી ૬ વાગે નીકળી જાઉં છું. રીક્ષા લઈને જ દસ વાગ્યા સુધી ડ્યુટી કરું અને છેક બાર વાગ્યા સુધી રીક્ષા ચલાવું. બે પૈસાની આવક થાય તો ગામડે પણ મોકલાવાય અને આપણું ગાડું પણ સરળતાથી ચાલે.'

ઝાલાએ આખી જિંદગી ડબલ ટાઈમવાળી ડ્યુટી જ કરી અને બપોરના સમયે રીક્ષા ચલાવી. એમ કરી કરીને તેમના એકના એક પુત્ર રાકેશને અમેરિકા મોકલ્યો. પોસ્ટ ઓફિસમાં મારી અને ઝાલાની જુગલજોડી ગણાતી. એક વખતે મેં ગેસ કનેક્શન લીધું. હવે એ ગેસની કંપની છેક શ્રેયસ ક્રોસીંગ અને હું રહું જુહાપુરા. લાવવામાં જ ભાડુ સો-બસ્સો થઈ જાય. ઝાલાને ખબર પડી તે રીક્ષા લઇ આવ્યા અને મને અને મિસિસને બેસાડી શ્રેયસ ગેસની કંપનીએ લઈ ગયા. બાટલો અને સગડી રીક્ષામાં મૂકી જુહાપુરા લાવ્યા અને મારા રસોડામાં જઈ કનેક્શન ચાલુ કરી આપ્યું અને જેવું ગેસનું બર્નર ચાલુ થયું કે ઝાલા બાપુએ 'જય શક્તિ મા' કહીને નાળિયેર ફોડ્યું.

મારી બદલી નવરંગપુરા હે.ઓ.માં થઈ અને ઝાલાની બદલી એલિસબ્રિજ પી.ઓ.માં થઈ. એક દિવસ ફોન આવ્યો કે મારા મોટા સનનું સ્કૂલ આગળ એક્સિડન્ટ થયો છે, જલ્દી પહોંચો. એ સમયે મારી પાસે ગજવામાં દસ જ રૂપિયા હું હાંફળો ફાંફળો થઇ ઘેર પહોંચ્યો તો ખબર પડી કે મિસિસ તેને વાડીલાલમાં લઈ ગયા છે. વળી હું જીવરાજ પાર્કવાળા રસ્તે વાડીલાલ પહોંચ્યો તો ખબર પડી કે સનને દાખલ કરી મિસિસે એલિસબ્રિજ ઝાલાબાપુને ખબર પહોંચાડ્યા હતા. ત્યારે ઝાલાબાપુ પાંચ હજાર રૂપિયા લઈ હાજર થઈ ગયા હતા. પછી તો મારા બહેન, જે એન.આઈ.ડી. પાસે મોડર્ન ફ્લેટમાં રહેતા હતા તે પણ ત્યાં આવી ગયા હતા.

મારા મેરેજમાં તે એમની રીક્ષા ૯૧૪ લઇ હાજર થઈ ગયેલા. જેથી આંટાફેરામાં કામ આવે! આવા મારા પોસ્ટના જીગરી યાર ઝાલાબાપુની કસોટી પણ કુદરતે કરેલી. પેટે પાટા બાંધીને બપોરના ટાઈમે રીક્ષા ચલાવીને એમણે એમના ઘડપણની લાકડી રાકેશને અમેરિકા મોકલ્યો. ઘરમાં ઝાલા અને એમના પત્ની સરોજબા એકમેકના સહારે જીવતા હતા કે સરોજબાને પેટનો દુઃખાવો ઉપડ્યો. ડોક્ટરો બદલી બદલીને થાક્યા પણ કાંઈ ફેર ના પડ્યો. એ સમયે હું મારી સર્વિસના આખરી તબક્કામાં નારાયણનગરમાં એસ.પી.એમ. અને ઝાલા સરખેજ રોડમાં માસ્તર. હવે મારી આર્થિક સ્થિતિ બિલકુલ કંગાળ એટલે

*જીવનમાં ધરપતતા અનુભવવી હોય તો જીભને કરવત જેવી ન બનવા દેવી.*

મેં પોસ્ટ ઓફિસની આજુબાજુમાં દુકાન ધરાવતા રમણકાકા અને ચંપકભાઈ પાસેથી પંદર હજાર અને દસ હજાર એમ પચ્ચીસ હજાર ઉછીના લીધેલા. મારે રીટાયર થઈ ઓફિસ છોડું તે પહેલા પરત આપવા પડે. એટલે છેલ્લા દિવસે મેં મારા પગારમાંથી પંદર તો રમણકાકાને આપ્યા, પણ ચંપકભાઈના દસનું શું? પગારનો દિવસ એટલે ઝાલાબાપુનો પગાર પણ એ જ દિવસે. એટલે મેં તો ઓફિસ ખૂલતા જ બાપુને ફોન કરી દીધો કે પટાવાળાને મોકલું છું. દસ હજાર તાત્કાલિક હાથ ઉછીના આપજો. બે-પાંચ દિવસમાં પાછા આપી દઈશ. પછી તો મારા ડ્યુ આવવાના જ હતા.

એમણે કશું જ બોલ્યા વગર મને દસને બદલે પંદર હજાર આપ્યા અને કહ્યું કે, 'આજે પગારના દિવસે ખાલી ખિસ્સે ઘેર જશો તો કેવો ફજેતો થશે?' હું એમની મારી આંતરિક હાલતની જાણકારી વિશે જાણી ચકિત થઈ ગયો. એવામાં કુદરતે લપડાક ઉપર લપડાક મારવી હોય તેમ ઝાલાબાપુની જીવનસંગીની સરોજબેનને નિષ્ઠુર મોતે ઉપર બોલાવી લીધા. બાપુ એકલા પડ્યા. જોધપુર શ્વેતાંજલીના એ ટેનામેન્ટમાં એકલા પડેલા ઝાલાએ બે ટાઈમનું ટિફિન બંધાવી લીધું અને પોતાની સદાયની સાથી રીક્ષા ૯૧૪માં જાત ખુંપાવી દીધી. હું ઘણી વખત મારા ચોંત્રીસ વર્ષના સુખ-દુઃખના સાથી ઝાલાની હાલત વિશે વિચારી ખૂબ જ દુઃખી થતો હતો. પણ કોઈનાં દુઃખો આપણને ઉપરવાળો ઉછીના આપે ખરો?

એક દિવસ સવારના પહોરમાં ચાનો કપ હજુ તો મોઢે માંડ્યો જ હતો કે મારો ટેલિફોન ખખડ્યો. હવે સવાર સવારમાં ફોન આવે તો સમજી લેવાનું કે એકસો એક ટકા મોંકાણનો હોય! છતાં મેં ઉચ્ચક જીવે ફોન ઉપાડ્યો તો તે મારા એક હમદર્દ ગુરુ એલ.બી. જોશી સાહેબનો હતો. મને ફોનમાં કહે : 'મીર, ઝાલાબાપુ ગયા. સાડા આઠે કાઢી જવાના છે.' સાંભળી હું સુન્ન થઈ ગયો. એક સાચો મિત્ર, એક સાચો હમદર્દ ચાલ્યો ગયો. ભીખુમિયાં સૈયદ ગયા, રામસિંગ વડોદરિયા ગયા, કાયસ્થ ગયા, રહીમકાકા ગયા અને આજે જી.કે. ઝાલા પણ ગયા. હું અવાચક થઈ બેબસ નજરે મારા નાના સન તરફ જોઈ રહ્યો. એ મારી બેબસી સમજી ગયો અને એણે તરત બાઈક કાઢ્યું. મને કહે, 'બેસી જાઓ. તમને ઝાલાબાપુને ત્યાં પહોંચાડી દઉં. ઢીંચણના ઑપરેશન પછી હું ડગુમગુ ચાલતો હતો. એ મને ઝાલા બાપુની સોસાયટી શ્વેતાંજલિના નાકે ઉતારી જતો રહ્યો.

મેં દૂરથી ઝાલાના ટેનામેન્ટ તરફ જોયું. દસ પંદર માણસો સફેદ ખેસ (ફાળિયું) પહેરી આમતેમ દોડાદોડી કરતા હતા. એમાં મને દાઢીવાળાને જોઈ અને મારી બેઢંગી ચાલ જોઈ એક જણાએ મને ખુરશી લાવી આપી. પણ હું તેમને અવગણીને ઝાલાના રૂમ સુધી ગયો. બધાએ મારા માટે રસ્તો કરી દીધો. નનામીમાં મુશ્કેટાટ બાંધેલા ઝાલા બધી વિટંબણા પરહરી નિશ્ચિંત થઈ સૂતા હતા. મને જોઈ જાણે એમની ડેડ બોડી બોલી ઉઠી, 'મીર ભૈ, આવી ગયા? હવે હું શાંતિથી ઉપર જઈશ. બાકી એકનો એક સન રાકેશ નથી, સરોજ નથી, મિત્ર કાયસ્થ નથી અને તમે પણ મને વિદાય કરવા ના આવત તો વસવસો રહેત. મેં બે હાથ જોડી તેમની ડેડ બોડીને, દેહને પ્રણામ કર્યા. પછી આંખમાં આવેલા આંસુ છુપાવતો બહાર આવી ખુરસીમાં બેસી પડ્યો. શબવાહિની આવી ગઈ એવા સિગ્નલ મળ્યા પછી લોકોએ નનામી ઉઠાવી. મારે કાંધો દેવાનો સવાલ જ નહોતો (આપી શકત પણ નહીં). નનામીની પાછળ ડગુમગુ ચાલતો હું નાકે પહોંચ્યો તો ડાઘુઓ નનામીને શબવાહિનીમાં ગોઠવતા હતા. શબવાહિની ઉપડી. ઝાલા ગયા. મારા જીગરમાંથી ટીસ ઉઠી કે:

***"અય મેરે દોસ્ત, અય મેરે હમદમ મેરે મેહરબાં મેરે કરમ ફરમા***
***ઐ મેરા ગમ હૈ યા ખુશી મેરી અબ તલક તુને મેરા સાથ દિયા.***

*રહેમાની ટાવર, રોયલ અકબર ટાવર પાછળ,*
*જુહાપુરા, અમદાવાદ. મો. ૬૩૫૫૮૧૨૭૮૮*

## ACTUAL FORM OF SOME WORDS

- **NEWS PAPER :** North East West South Past and Present Events Report
- **CHESS :** Camel, Horse, Elephant, Soldiers
- **COLD :** Chronic Obstructive Lung Disease
- **JOKE :** Joy of Kids Entertainment
- **AIM :** Ambition In Mind
- **DATE :** Day and Time Evolution
- **EAT :** Energy and Taste
- **TEA :** Taste and Energy Admitted
- **PEN :** Power Enriched in Nib
- **SMILE :** Sweet Memories in Lips Expression
- **SIM :** Subscriber Identity Module
- **ETC. :** End of Thinking Capacity
- **OR :** ORL KOREC (Greek Word)
- **BYE :** Be With you Everytime

*માવજત વિના ગુણો ટકવાના નથી, મહેનત વિના દોષો રવાના થવાના નથી.*

## A HEART WARMING STORY

The day I got my postgraduate degree, I didn't waste a minute – I rushed back to my village, Ausgrum in Bengal to become a teacher. Yes, I had higher salary offers from schools in bigger towns, but for me, the 169 Rs. I was offered at my school village meant everything. I was hungry to teach the students from my village who needed a good teacher the most.

And I taught at my school for 39 years and only retired because I'd hit my 'retirement age' – 60, what a ridiculous concept!

So there I was at 60, retired and expected to spend my years drinking sugary tea and whiling away my time on the charpoy! But I was restless, I didn't want to retire and kept asking myself, 'What shall I do now?' A few days later, I got the answer.

One morning, around 6:30 am, I saw 3 young girls enter my house. I was shocked when they told me they'd cycled for over 23 kms to see the Master who'd retired! They were young tribal girls who were desperate to learn; with folded hands they asked, 'Masterji, will you teach us?' I immediately agreed and said, 'I can teach you, but you will have to pay my school fees for the whole year–are you ready to pay?'

They said, 'Yes, Masterji, we will manage the money somehow.'

So I said, 'Yes, my fees are Rupee 1 for the whole year!'

They were so happy, they hugged me and said, 'We will pay you 1 Rupee and 4 chocolates also!'

I was elated. So, after they left, I put on my dhoti and went straight back to my school and requested them to give me a classroom to teach... they refused. But I wasn't going to stop – I had years of teaching left in me, so I went back home, cleaned my verandah and decided to start teaching there.

That was in 2004 – my Pathshala started with those 3 girls and today we have over 3000 students per year, most of whom are young tribal girls. My day still starts at 6 am with a walk around the village and then I open my doors to students coming from all over – some of the girls walk for 20 plus kilometres; I have so much to learn from them.

Over the years, my students have gone on to become professors, heads of departments and IT professionals – they always call me and give me the good news and as always, I ask them to please give me some chocolates! And last year, when I won the Padmashree, my phone didn't stop ringing; the whole village celebrated with me – it was a happy day, but I still didn't allow my students to bunk class.

And my doors are open to all – come visit me and my Pathshala anytime; our village is beautiful and all my students are bright – I am sure you can learn something from them.

I am a simple teacher from Bengal who enjoys his tea and evening naps on his charpoy. The highlight of my life is being called Master Moshai – I want to teach until my last breath; it's what I was put on this planet to do!"

– ***Sujit Chattopadhyay***

***[Padma Shri winner 2021 for Literature and Education*. A 78 yrs retired school teacher from Purba Bardhaman, WB. He is recognised for his free coaching center named "Sadai Fakirer Pathsala".]***


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| નામ / Name | : શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / **Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ. |
| **Bank** | : **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૮૭૯૦ ૬૩૧૦૦


*સમસ્યા ઊભી કરે એ ક્રોધ, સમસ્યાને ઉકેલવા ન દે એ અભિમાન.*

# માનસિક બીમારીઓ અંગે પ્રવર્તતી ગેરસમજ અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-3

**(Mental Illness : Misunderstanding and Scientific Facts : Part-3)**




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

ગયા બે લેખોમાં આપણે માનસિક બીમારીઓ વિશે વૈજ્ઞાનિક સત્ય વિશે જાણકારી મેળવી.

- **વૈજ્ઞાનિક સત્ય-૧ :** *માનસિક બીમારીઓ ખરેખર બીમારીઓ છે. વ્યક્તિ ઢોંગ કે નાટક કરતો નથી.*
- **વૈજ્ઞાનિક સત્ય-૨ :** *માનસિક બીમારીઓમાં બ્રેઈનમાં આવેલા અવયવોમાં શારીરિક ફેરફારો (કદ, રચના, ન્યુરોટ્રાન્સમિટર્સમાં) થાય છે.*
- **વૈજ્ઞાનિક સત્ય-૩ :** *વધારે વિચારો આવવા, નકારાત્મક વિચારો આવવા, નિરર્થક શંકાઓ આવવી, વિચારો પરનો કાબૂ ગુમાવવો વગેરે માનસિક બીમારીના લક્ષણો છે.*

મનોચિકિત્સકને કન્સલ્ટ કરી નિદાન તથા યોગ્ય સારવારની જરૂરત છે, નહીં કે સલાહ આપવાની.

આ લેખમાં અન્ય ગેરસમજ તથા વૈજ્ઞાનિક સત્ય વિશે જાણકારી મેળવીએ.

## ગેરસમજ-૪

*"કોઈએ આ વ્યક્તિને કાંઈ કરી નાખ્યું છે. ભૂત-પિશાચ, શયતાનની અસર છે. માતાજી, દેવીની ખરાબ અસર છે.*

*ભુવા ડાકલિયા પાસે સારવારની જરૂરત છે, માતાજીને પગે લગાડવું જરૂરી છે."*

- **વૈજ્ઞાનિક સત્ય :**

વૈજ્ઞાનિક પ્રગતિની આ ડિજિટલ ૨૧મી સદીમાં જ્યાં ઈન્ટરનેટ, ઇ-મેઈલ તથા અન્ય માહિતી આંગળીના વેઢે મળે છે, એવા આ ડિજિટલ યુગમાં ઘણા લોકો દ્રઢતાપૂર્વક ખોટું માને છે કે અયોગ્ય વર્તણૂંક કરતી વ્યક્તિ ભૂત-પિશાચ, શયતાન દેવીની અસર હેઠળ આવેલ છે. એને ભુવા પાસે લઇ જવાની જરૂર છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ ભૂત, પિશાચ, શયતાનનું કોઈ અસ્તિત્વ જ નથી. આ માત્ર તાર્કિક આધાર છે કે તર્કસંગત ઉત્પત્તિનો આભાસ છે. એ સમયે બ્રેઇનના જ્ઞાનતંતુમાં તથા કદ, રચના તથા રસાયણોના (ન્યુરોટ્રાન્સમિટર્સના) ફેરફારો વિશે તથા માનસિક રોગના લક્ષણો (વિચાર, વાણી, લાગણી તથા વર્તણૂંકના ફેરફારો) વિશે જાણકારી ન હતી એટલે ઉપરોક્ત તર્ક ઉત્પન્ન થયેલ.

નીચે કેસ સ્ટડી આપેલ છે, જે પરથી આ મુદ્દો સમજાઈ જશે.

## કેસ સ્ટડી-૨

૩૬ વર્ષની ગૃહિણી હેત્વીએ (નામ બદલ્યું છે) છેલ્લા બે વર્ષથી બોલવાનું ધીમે ધીમે ઓછું કરી દીધું હતું. આખો વખત પોતાની દુનિયામાં રહેતી હતી. કોઈ બોલાવે અને એના મનમાં ન હોય તો ગમે તેટલા પ્રયત્નો કુટુંબીજનો કરે તો પણ હેત્વી ન જ બોલે. ઘરનું કામકાજ બિલકુલ કરતી ન હતી. ઘણી વખત કાલ્પનિક વ્યક્તિ જોડે વાતચીત કરતી હતી. કાનમાં ભણકારા સંભળાતા હતા. વગર કારણે હસ્યા કરતી હતી. દિવસો સુધી સ્નાન ન કરતી. મનમાં હોય તો જમે, નહીં તો નહીં. વજન સાતેક કિલો જેટલું ઓછું થઈ ગયું હતું.

બે વર્ષ પહેલા હેત્વી નોર્મલ હતી. બધા જોડે વ્યવસ્થિત વાતચીત કરતી હતી. ઘરનું કામકાજ, રસોઈ, ખરીદી કરતી હતી. બંને દીકરાઓને શાળામાં મૂકી આવતી તથા લઇ આવતી હતી. એક સમજદાર ગૃહિણી તરીકે બધી જ જવાબદારી હેત્વી સારી રીતે નિભાવતી હતી.

બે વર્ષથી ધીમે ધીમે હેત્વીએ કૌટુંબિક તથા સામાજિક પ્રસંગોએ જવાનું ઓછું કરી દીધું. બહાનું આપીને પ્રસંગોમાં જવાનું ટાળતી. ઘરમાં પણ જવાબદારી લેવાનું ઓછું કરતી ગઈ. અઠવાડિયામાં એક જ દિવસે બહાર નીકળતી. શાક તથા અન્ય વસ્તુઓ ત્યારે ખરીદી આવતી. પછીથી તો એ પણ બંધ કરી દીધું હતું. પતિ શાક લઇ આવે તો ઘરમાં શાક બનતું, નહીં તો શાક વગર બધાએ ચલાવી લેવું પડતું હતું. છએક મહિનાતી રસોઈ પણ મનમાં હોય તો હેત્વી બનાવે. નછૂટકે હોટલથી ખાવાનું મંગાવવું પડતું.

બાળકોને સ્કૂલે મૂકવા પણ ન જતી. બાળકો પોતાની મેળે સ્કૂલે ચાલ્યા જતા. રસોઈ બનાવતી વખતે ઘણી વખત શાક બળી જતું. ભાતમાં મીઠું વધારે થઈ જતું અથવા બિલકુલ ન રહેતું. ત્રણેક વખત ગેસનો ચૂલો બંધ કરવાનું હેત્વી ભૂલી ગયેલ. આખા ઘરમાં ગેસની વાસ આવતાં મોટા દીકરાએ ગેસ બંધ કર્યો એટલે

અકસ્માત થતા રહી ગયો.

ઘણી વખત હેત્વી વિચિત્ર હાવભાવ કરતી. લાંબો વખત સુધી અરીસામાં જોયા કરતી, હસ્યા કરતી. મનમાં ને મનમાં બોલ્યા કરતી, હોઠ ફફડાવ્યા કરતી. બીજી વ્યક્તિને હેત્વી શું બોલે છે એ સમજાતું નહીં. એને પૂછીએ તો કહેતી કે, 'હું કાંઈ બોલતી નથી.'

- **બહારની બુરી અસર?**

કુટુંબના વડીલોને લાગ્યું કે હેત્વી પર 'કોઈએ કાંઈ કરી નાખ્યું છે', 'કોઈની ખરાબ નજર લાગી છે', 'હેત્વીના શરીરમાં કોઈ આવ્યું છે' વગેરે.

૧. હેત્વીને ભુવા પાસે લઈ ગયા. એણે કહેલ બધી જ વિધિ કરી. ફરક પડવાને બદલે તબિયત વધારે બગડી ગઈ.

૨. કુળદેવીના સ્થાનકે જઈ પગે લગાડી આવ્યા. માનતા માની. પરિણામ શૂન્ય આવ્યું.

૩. દોરા, ધાગા, તાવિજ પહેરાવ્યા. વર્તણુંક બગડતી ગઈ. આ બધી વિધિઓમાં (૧) સમય નીકળતો ગયો, (૨) પરેશાની વધતી ગઈ, (૩) પૈસાની બરબાદી થઈ, (૪) બીમારી વધતી ગઈ.

- **નિદાન :**

છેલ્લા ઉપાય તરીકે હિતેચ્છુની સલાહથી મનોચિકિત્સકનો અભિપ્રાય લીધો.

હેત્વીના કિસ્સામાં મનના કાર્યો (૧) વિચારો (અસંબંધિત વિચારો), (૨) વર્તણુંક (ગૂમસૂમ રહેવાનું, કારણ વગર હસવાનું, વિચિત્ર હાવભાવ), (૩) વાણી (અસંબંધિત વાતચીત, હોઠ ફફડાવવાના), (૪) લાગણી (લાગણી શૂન્યતા), (૫) કાર્યશક્તિ (બેધ્યાનપણું, રસોઈમાં ભૂલો, ગેસ ચાલુ રાખવાનું - જાનનું જોખમ)માં ખલેલ પહોંચેલ છે.

***આ ચિત્તભ્રમ બીમારીનો કેસ છે.***

નિદાન તથા સારવારમાં વિલંબ થવાને લીધે (બે વર્ષનો) નીચેની નકારાત્મક અસરો થયેલ છે, જે અટકાવી શકાઈ હોત.

**૧. ધંધાકીય નાણાંકીય અસર :** છ મહિનાથી હેત્વીનો પતિ પોતાના કામકાજ પર ધ્યાન આપી શકતો ન હતો. મહિનાથી તો ધંધા પર ગયો જ ન હતો. ધંધો ઘટી ગયો હતો. આવક ઓછી થયેલ.

**૨. બાળકો, ભણતર પર અસર :** મોટો દીકરો યુનીટ ટેસ્ટમાં બે વિષયમાં નાપાસ થયેલ. બાળકો માનસિક તાણમાં જીવતા હતા. એમના વ્યક્તિત્વ પર અસર થયેલ.

**૩. કૌટુંબિક સામાજિક અસર :** હેત્વીની મમ્મી ઘર સંભાળવા હેત્વીને ત્યાં રહેતા હતા. હેત્વીની વર્તણુંક તથા સામાજિક પ્રસંગોમાં ગેરહાજરીથી નકારાત્મક સામાજિક અસર થયેલ.

- **સારવાર :**

સારવારમાં દવાઓ (Antipsychotic Medication) શરૂ કરી. બે અઠવાડિયામાં તો ઘણી રાહત મળી. બે મહિનામાં નોંધપાત્ર સુધારો થયો. હેત્વી પૂર્વવત કામ કરવા લાગી. જવાબદારી લેવા લાગી.

સારવાર દરમિયાન હેત્વીના પતિએ જણાવ્યું કે, 'હેત્વી એક બીમારીથી પીડાય છે એ અમને સમજ ન હતી. અમે કિંમતી સમય વેડફ્યો. જો સારવાર સમયસર શરૂ કરતા તો બાળકોના ભણતર પર અસર ન થાત, ધંધા પરની અસર અટકાવી શકાત. ડોક્ટર, ખૂબ ખૂબ આભાર.'

- **હેત્વીના કિસ્સામાં સારવારના ફાયદા :**

૧. કૌટુંબિક જીવન સામાન્ય થવું.

૨. પતિ ધંધા પર પૂર્વવત ધ્યાન આપવા લાગ્યો. આવક વધી.

૩. બાળકો પૂર્વવત ભણતર પર ધ્યાન આપવા લાગ્યા. મોટો દીકરો યુનીટ ટેસ્ટમાં બધા વિષયમાં પાસ થયો.

- **મનોવૈજ્ઞાનિક સમજણ :**

પહેલા શીતળાનો રોગ, એ 'દેવી'એ દીધેલ શ્રાપ મનાતો હતો તથા સારવારમાં દસેક દિવસ બાદ દેવીને મનાવવા મંદિરે જતા. આજે આ પ્રકારની માન્યતા ખોટી ઠરી છે. આજના વૈજ્ઞાકિ યુગમાં આપણે સૌ જાણીએ છીએ કે શીતળા એક રોગ છે, જે અતિ સૂક્ષ્મ જીવાણુંઓ વાઈરસથી થાય છે તથા તબીબી ઉપચારથી કાબૂમાં લઈ શકાય છે. શીતળા વિરોધી રસી વેક્સિનેશનથી રોગ થતો નથી.

માનસિક બીમારીઓ મગજના જ્ઞાન તંતુમાં થતા કદ, રચના તથા રાસાયણિક ફેરફારોને લીધે ઉદ્‌ભવે છે. આથી મનના કાર્યોમાં (વિચાર, વાણી, વર્તણૂંક, લાગણી, યાદશક્તિ વગેરે) ખલેલ પહોંચે છે. માનસિક બીમારીમાં દર્દી માટે ભુવા પાછળ દોડીને સમય, પૈસા, શક્તિનો વેડફાટ ન કરતાં મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરાવી પદ્ધતિસરની મનોચિકિત્સા ત્વરીત શરૂ કરવી જોઈએ જેથી અપેક્ષિત પરિણામ જલ્દી મેળવી શકાય.

- **સારાંશ :**

જે કોઈ વ્યક્તિ થોડા સમયથી અયોગ્ય વર્તણુંક કરતી હોય, વાણી પર કાબૂ ન રહેતો હોય તો એ વ્યક્તિ માનસિક બીમારીથી પીડાતી હોવાની શક્યતા છે. મનોચિકિત્સકને કન્સલ્ટ કરવું ખૂબ અગત્યનું છે.

***(ક્રમશઃ)***

# ગામડું છોડીને સુરત આવેલા અનેક પરિવારોના વડીલોની પરિસ્થિતિ

રોજી રોટી માટે વતન છોડીને સુરત આવેલા કેટલાય પરિવાર એવા છે કે જે માત્ર એક રૂમ રસોડાના મકાનમાં ભાડે રહેતા હોય અને માંડ માંડ ગુજરાન ચલાવતા હોય. આવા પરિવારમાં સૌથી વધુ કફોડી સ્થિતિ વડીલોની હોય છે. ગામડાંના મોટા ફળિયામાં રહેવા ટેવાયેલા વડીલોને શહેરની સંકડામણ ગૂંગળાવી નાખે પણ ઉંમરના કારણે અથવા જીવનસાથીની વિદાયના કારણે ગામડે એકલા રહી શકાય તેમ ન હોય. એટલે શહેરમાં આવવું પડે.

ગામડું છોડીને સુરત આવેલા આ વડીલો માટે એક બીજી મોટી સમસ્યા એ છે કે સવારે દીકરો કામે જતો રહે પછી ઘરમાં વહુ હોય અને એક જ રૂમનું ઘર હોય એટલે મહિલા વડીલને તો બહુ વાંધો ન આવે પણ પુરુષ વડીલને ઘરમાં રહેવામાં સંકોચ થાય અને એમાં પણ જો દાદા વિધુર હોય તો ઘરમાં બેસી રહેવા એનું મન કદાપિ ન માને. દીકરો કામે જાય એટલે વડીલો પણ ઘરની બહાર નીકળી જાય. બહાર મંદિર કે બગીચો કે પછી રોડ પર બેસીને સમય પસાર કરે અને સાંજે દીકરો ઘરે આવવાની રાહ જુએ. દીકરો કામ પરથી ઘરે આવે ને વડીલ પણ બહારથી ઘરે આવે. દીકરા અને વહુની પૂરી ઇચ્છા હોય કે વડીલો માટે બધી વ્યવસ્થા કરે પણ આવકના સાધનો જ એટલા ટૂંકા હોય કે એ શક્ય ન બને.

સુરતના સામાજિક અગ્રણી શ્રી વલ્લભભાઈ સવાણીના ધ્યાન પર આ વાત આવી. એટલે એમણે નક્કી કર્યું કે આવા વડીલો માટે કંઈક કરવું છે. વડીલોનો સમય મોજથી વિતે અને વધુ જીવવાની એમને ઇચ્છા થાય એવું સેવાકાર્ય કરવું છે. સુરતના અબ્રામા વિસ્તારમાં આવેલા પોતાના વિશાળ ફાર્મમાં આ માટે વલ્લભભાઈએ વડીલો માટે વિશિષ્ટ સુવિધા ઊભી કરી. સુરતના જુદા જુદા વિસ્તારોમાંથી વડીલો ફાર્મ સુધી પહોંચી શકે એ માટે વાહનની વ્યવસ્થા પણ કરી. પી.પી. સવાણી ગ્રુપની બસો બપોરે જુદા જુદા વિસ્તારમાં જાય અને વડીલોને ફાર્મ પર લઇ આવે. બપોરના ૨ વાગ્યા પહેલા બધા જ વડીલો જુદી જુદી જગ્યાએથી બસ દ્વારા ફાર્મ પર આવી જાય.

ફાર્મ પર આવે એટલે વડીલોના ટેસ્ટ મુજબની સરસ ચા-કોફી સાથે વડીલોનું સ્વાગત થાય. બેસવા માટે ફાર્મના એક ભાગમાં સુંદર શેડ તૈયાર કર્યો છે ત્યાં બેસે. સવાણી સ્કૂલના જ એક નિવૃત્ત આચાર્ય બધા વડીલોને જુદી જુદી કથાઓ કરે. વડીલો પણ પોતાની ઇચ્છા મુજબ વાતો કરે. ધૂન, ભજન ને કીર્તન થાય. જે વડીલો પહેલા માત્ર ઓટલે બેસી રહેતા એ વડીલોને જુદી જુદી રમતો પણ રમાડવામાં આવે. જાણે કે બાળપણ પાછું આવ્યું હોય એમ બધા દાદા-દાદીઓ મોજ-મસ્તી અને આનંદ કિલ્લોલ કરે. સાંજ પડે એટલે બધા વડીલોને પેટ ભરીને ઉંમરને માફક આવે એવો સ્વાદિષ્ટ નાસ્તો કરાવવામાં આવે અને પછી બસોમાં બેસીને સાંજે પોતપોતાના ઘરે જાય.

શ્રી વલ્લભભાઈ સવાણી આ પ્રવૃત્તિ છેલ્લા ૧૧ વર્ષથી કરી રહ્યા છે જેનો ૨૫૦ કરતાં વધુ વડીલો લાભ લઈ રહ્યા છે. વડીલોના આ મિલન સ્થાનને નામ આપવામાં આવ્યું છે 'પ્રેમ-લક્ષ્મી મંદિર.' વલ્લભભાઈએ એમના પિતાજી પ્રેમજીભાઈ અને માતા લક્ષ્મીબેનના નામ ઉપરથી આ અનોખું પ્રેમ-લક્ષ્મી મંદિર તૈયાર કર્યું, જે કેટલાય વડીલોના નીરસ જીવનને રસપૂર્ણ બનાવી રહ્યું છે. અહિયા આવતા પ્રત્યેક વડીલમા પોતાના માતા-પિતાની છબી દેખાય અને પૂર્ણ આદર સાથે એની સેવા થાય એટલે જ વલ્લભભાઈએ આવું નામ રાખ્યું હશે.

આ તમામ વડીલોને વર્ષમાં એકાદ વખત તીર્થયાત્રા પણ કરાવવામાં આવે છે. જુદા જુદા ઉત્સવો અને તહેવારોની ઉજવણીમાં સામેલ કરવામાં આવે છે. દર દિવાળીએ વડીલો એમની ઇચ્છા પ્રમાણે ખર્ચ કરી શકે એટલે રોકડ ભેટ પણ આપવામાં આવે છે અને સૌથી મહત્ત્વની વાત કે વડીલોને પૂર્ણ આદર અને સન્માન સાથે સાચવવામાં આવે છે. 'પ્રેમ-લક્ષ્મી મંદિર' બીજી રીતે જોઈએ તો દાદા-દાદીઓની શાળા છે. તેમાં ભણવાનું પણ છે, રમવાનું પણ છે અને રવિવારની રજા પણ છે. (રજાના દિવસે વડીલો પરિવાર સાથે સમય વિતાવી શકે એનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે.)

મિત્રો, કોઈ આ બાબત પર સંશોધન કરે તો ખબર પડે કે સામાન્ય લાગતી આ પ્રવૃત્તિથી કેટલાય વડીલોની અમુક દવાઓ બંધ થઈ ગઈ હશે. બી.પી. અને ડાયાબિટીસ પણ કંટ્રોલમાં આવી ગયા હશે.

**આખું સુરત જેને 'બાપુજી'ના હુલામણા નામથી ઓળખે છે અને માથા પરની ટોપી જેની આગવી ઓળખ છે, એવા વલ્લભભાઈ સવાણી આ વડીલ વંદનાના અનોખા પ્રકલ્પને સો સો સલામ.**

પુસ્તક પરિચય

# 'નામ સ્મરણ અને જપ'

નિખિલ એચ. ઠક્કર

**પુસ્તક : "નામ સ્મરણ અને જપ"**

**સંકલન : *હરેશ ધોળકિયા***

શેક્સપિયર ભલે કહે કે, 'નામમાં શું છે વળી?' પણ હમણાં આપણા કચ્છના જાણીતા કેળવણીકાર અને એક આદર્શ શિક્ષક એવા શ્રી હરેશભાઇ ધોળકિયાનું એક નાનકડું પુસ્તક હાથમાં આવ્યું, ત્યારે શેક્સપિયરનું વાક્ય ખોટું ઠરતું લાગ્યું. જે છે તે નામમાં છે અને તેમાંય પણ આજના આવા ભાગદોડના કળીયુગમાં નામ હરિનામ ભગવદ્ નામ સ્મરણ એક જ આધાર છે જિંદગી જીવવાનો. મારી વાતથી ચોંકી ન જશો, તમને પણ મન થશે. આ પુસ્તક વાંચીને ભગવદ્ નામ સ્મરણ કરવાનું. લેખક પ્રસ્તાવના (પાના નં.-૭)માં જ કહે છે કે, 'ભગવાનના ગુણધર્મ કયા? ભગવાન સર્વશક્તિમાન છે, સર્વજ્ઞ છે, સર્વત્ર છે, માત્ર તે જ છે. બસ, જપ કરવાથી વ્યક્તિમાં પણ આ ગુણો દાખલ થવા શરૂ થાય છે. કેવી અદ્‌ભુત વાત છે!! જપ અને હરિનામ સ્મરણથી જ ઈશ્વરના, ભગવાનના આધ્યાત્મિક ગુણો વ્યક્તિમાં ક્રમશઃ જાગૃત થાય છે. જો કે એમાં ધૈર્ય - ધીરજ ધરવાની એક મોટી શરત છે, પણ થાય છે ચોક્કસ, એમાં બે મત નથી. આ નાનકડા પુસ્તકમાં ચૌદ પ્રકરણો છે. એમાં હરિનામ, ભગવદ્ નામ સ્મરણ અને જપનો મહિમા, સાધકને, વાંચકને શ્રેયાર્થીને સુખરૂપ થઇ પડે તેવી રીતે સુંદર રીતે લેખકે ગાયો છે.

એક વિશેષ વાત આ પુસ્તકમાં છે અને તે છે પ્રકરણ-૩ માં નામ સ્મરણ સંબંધી ભજનો. રામનામ કહો, ગુરુનામ કહો કે ભગવદ્ નામ કહો. તેના અગિયાર ઉત્તમ ભજનોનો સંગ્રહ આ પ્રકરણમાં છે. મનુષ્ય જ્યારે ભૌતિક જગતમાં પોતાની માયા-મમતા-મોહ થકી ઘોર નિરાશામાં સરી પડે છે, ત્યારે તેને આ બધામાંથી પરમ શાંતિ પમાડનાર કોઈ ઉપાય હોય તો તે છે હરિનામ અને તે વિષયમાં લખાયેલા સંતો, સદ્‌ગુરુઓ, મહાન સંત પરંપરાના ભજનો. ભજનો ગાવા એ તો ઇશ્વરીય કૃપાનો આહ્લાદક આનંદ છે. તે સાંભળવાથી પણ હૃદયને તૃપ્તિનો અદ્‌ભુત અનુભવ થાય છે. ગૌસ્વામી તુલસીદાસની 'રામ સ્તુતિ' કોણે નહીં સાંભળી હોય? એવા રામના કે અન્ય ઇશ્વરીય ભજનો આ પ્રકરણમાં છે. જે આપણને પણ ગાવા માટે પ્રેરે છે. છેવટે, ઘરમાં કે ઘરના એકાંત ખૂણામાં ગણગણવા માટે તો પ્રેરે જ એવા આ અગિયારે ભજનો છે. સુજ્ઞ વાંચકો, શ્રદ્ધાળુઓ, સાધકોને કાયમ ઉપયોગી થાય એવા ભજનો છે.

આ પુસ્તકના પ્રથમ પ્રકરણમાં પૂ.શ્રી મોટા 'જપની પદ્ધતિ' વિશે વિગતે સમજાવે છે. 'જપનું માહાત્મ્ય' એ શીર્ષક હેઠળના બીજા પ્રકરણમાં વિવિધ સંદર્ભો છે. જેમાં 'મનુસ્મૃતિ', 'અગ્નિ પુરાણ', 'ભાગવત', 'ભગવદ્ ગીતા', ઉપનિષદ, ભક્ત પ્રહલાદ, ૠષિ માર્કંડેય, મુકુંદમાલા, ગૌસ્વામી તુલસીદાસ, સંત કબીર, ગુરુ નાનક, મીરાંબાઈ, નરસિંહ મહેતા, સંત પ્રીતમ, ભોજા ભગત, દાસી જીવણ, સ્વામી શિવાનંદ, સ્વામી કૃષ્ણાનંદ જેવા મહાન સંતો, ભક્તો, ગુરુઓના જપ નામ સ્મરણ વિશેના ઉત્કૃષ્ટ - બોધદાયક વચનોનો સંગ્રહ છે. જે સાધકને પોતાના ઈષ્ટના જપ કે નામ સ્મરણના ધ્યેયમાં પુષ્ટ કરવા માટે પૂરતો છે. ત્રીજા પ્રકરણમાં ભજનોની વાત અગાઉ કરી છે. આ ભજનો વિશે જો કે સાંભળી કે ગાઈ શકાય તો — જેને આપણે સંગીત, નૃત્યના દેવશ્રી ભગવાન નટરાજની પ્રસાદી માનીએ છીએ — તે સંગીતમાં ગાઈએ તો હૃદયમાં રહેલા રામ જરૂરથી સાંભળશે એવો જાત અનુભવ છે. આગળના પ્રકરણોમાં — જપ વિશે — સ્વામી વીરજાનંદ, શ્રીશ્રી મા શારદામણિ દેવી, 'હરિરસ' નામના પ્રકરણમાં ભક્ત ઇસરદાસ, શ્વાસ-પ્રશ્વાસ જપ, મં. વિજયકૃષ્ણ ગૌસ્વામી, 'રામનામ' વિશે ગાંધીજી, 'નામ સ્મરણ' નામના પ્રકરણોમાં સંત વિનોબા, પૂ. શ્રી મોટા, સ્વામી રામદાસ તે બધાની વાણી આપણને ઈશ્વરના રાજ્યમાં લઇ જઇ નામ સ્મરણ અને જપનો મહિમા સમજવા માટે મજબૂર કરે છે.

સ્વામી નિખિલેશ્વરાનંદજીએ 'નામ જપ મહિમા'માં સંત કબીરજીની સાખીનો સંદર્ભ આપીને વિગતે વાત સમજાવી છે એ સાખી આ પ્રમાણે ઘણું કહી જાય છે.

*'દુઃખમેં સુમિરન સબ કરે, સુખમેં કરે ન કોઈ,*
*જો સુખમેં સુમિરન કરે, દુઃખ કાહે કો હોઈ*
*કેવો છે નામ સ્મરવાનો મહિમા!!*

**(અનુસંધાન : જુઓ પાના નં. — ૩૨ ઉપર)**

# માર્ચ ૨૧ના રોજ આખા વિશ્વમાં 'વિશ્વ વન દિવસ'



ડૉ. મિહિર એમ. વોરા

દર વર્ષે માર્ચ ૨૧ના રોજ વિશ્વમાં 'વિશ્વ વન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ વનો દ્વારા મળતા અગણિત લાભો, પેદાશો અને ઉપકારોને યાદ કરી તેનું ઋણ ચૂકવવાનો છે. ૨૦૨૩ની થીમ 'જંગલો અને આરોગ્ય' છે. જંગલો આપણને આપણા સ્વાસ્થ્ય માટે ઘણું બધું આપે છે. તેઓ પાણીને શુદ્ધ કરે છે, હવાને શુદ્ધ કરે છે, આબોહવા પરિવર્તન સામે લડવા માટે કાર્બન મેળવે છે, ખોરાક અને જીવન બચાવતી દવાઓ પ્રદાન કરે છે અને આપણી સુખાકારીમાં વધારો કરે છે. આ અમૂલ્ય કુદરતી સંસાધનોનું રક્ષણ કરવું આપણા પર નિર્ભર છે.

વનોને કઈ રીતે જાળવવા જોઈએ તથા તેને નુકસાન પહોંચાડ્યા સિવાય તેનું આયોજન અને વ્યવસ્થાપન કઈ રીતે કરવું જોઈએ કે જેથી અત્યાર સુધી મળતા ફાયદાઓ ભવિષ્યમાં પણ મેળવી શકાય તે અંગેની જાગૃતિ આ દિવસે ફેલાવવામાં આવે છે.

ઇ.સ. ૧૯૭૧માં મળેલી ૨૩મી 'યુરોપિયન કોન્ફેડરેશન ઓફ એગ્રીકલ્ચર'ની સામાન્ય સભામાં આ દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. જેને 'યુનાઈટેડ નેશન્સ ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન' (Food and Agriculture Organization) દ્વારા પણ સહકાર મળ્યો.

નવેમ્બર ૨૦૦૫માં 'ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)' (Food and Agriculture Organization)એ જાહેર કરેલ યાદી મુજબ વિશ્વમાં દર મિનિટે ૨૫ હેક્ટર એટલે કે ૩૬ ફૂટબોલ મેદાન જેટલા કુદરતી વનોનો નાશ થઈ રહ્યો છે. જો આ જ ઝડપે વનોનો નાશ થવાનું ચાલુ રહેશે તો કદાચ એક દિવસ પૃથ્વી વનવિહોણી બની જશે.

ભારતના સંદર્ભમાં જોઈએ તો વૈજ્ઞાનિકોના મતે ઓછામાં ઓછી ૩૩% જમીન વનવિસ્તાર ધરાવતી હોવી જોઈએ. જેની સામે આજે ફક્ત ૧૨% જમીન વનવિસ્તાર ધરાવે છે. આથી આપણે ફક્ત વનોને બચાવવાના જ નથી પરંતુ વનવિસ્તાર પણ વધારવાની જરૂર છે.

આપણા ભુજ કચ્છમાં રક્ષક વન આવેલું છે જે પાણીના અભાવે આરક્ષિત બન્યું છે. આ એક ચિંતાનો વિષય છે માનવ સમાજનાં વિકાસમાં પ્રકૃતિનું કેટલું મોટું યોગદાન છે તે વાતથી આપણે વાકેફ છીએ. તેમ છતાં આજે માનવી પ્રકૃતિને ભૂલીને પોતાના સ્વાર્થ પાછળ આંધળો બન્યો છે. મબલખ કુદરતી ભંડારોનો પોતે મનફાવે તેમ ઉપયોગ કરે છે. કુદરતની અમૂલ્ય બક્ષીસ સમા વૃક્ષોનું આંખો બંધ કરીને નિકંદન કાઢે છે અને તેના કારણે હવે માનવજાતને અનેક સમસ્યાઓથી રૂબરૂ થવાનો વારો આવ્યો છે.

માણસને જીવવા માટે ઓક્સિજન ખૂબ જ જરૂરી છે ત્યારે ઓક્સિજન પૂરું પાડતાં વૃક્ષોનું પ્રમાણ ભારતમાં ખૂબ જ ઝડપથી ઘટી રહ્યું છે. પૃથ્વીનું સંતુલન જાળવવા માટે પૃથ્વી પર કુલ વિસ્તારના ૩૩ ટકા જંગલો હોવા જરૂરી છે ત્યારે ભારતમાં આ પ્રમાણ માત્ર ૨૩.૪૮ ટકા જ છે. અને તેમાંથી પણ પ્રતિવર્ષ ૩૦૦ હેક્ટર જંગલો કપાઈ રહ્યા છે. બીજી તરફ વાત કરીએ તો પૃથ્વી પર પ્રતિવર્ષ ૦.૬ ટકાથી ૧.૫ ટકાના દરે જંગલો ઘટી રહ્યા છે. જો ગુજરાતની વાત કરવામાં આવે તો કુલ જમીનનાં માત્ર ૧૧.૦૪ ટકા વિસ્તારમાં જ જંગલો આવેલા છે.

આપણા ભુજ કચ્છમાં એક પણ મોટા વૃક્ષ અને વન નથી. ઉપરાંત વરસાદનાં અભાવે આપણે યોગ્ય પ્રમાણમાં રણનો વિકાસ થયો પણ વનનો ના થયો. દરેક જગ્યાએ ઉદ્યોગો વધ્યા પણ વનનો વિકાસ થયો નહીં જે એક મોટી ચિંતા છે.

શરીરશાસ્ત્રીઓના મતાનુસાર ઓક્સિજન જીવનનો સ્તોત્ર છે અને જો આની ઉણપ થશે તો અનેક પ્રકારનાં માનસિક રોગ પણ ઊભા થશે અને જો ખરી રીતે વિચારીએ તો આની શરૂઆત પણ થઈ ચૂકી છે અને તેના પરિણામે મનઃસ્થિતિ ઉત્તેજિત અને આવેશગ્રસ્ત રહે છે. સાથે વૈજ્ઞાનિકોએ ચેતવણી પણ આપી છે કે જો વૃક્ષ નહીં રહે તો મનુષ્યને પણ રહેવાનું મુશ્કેલ છે. અને આજે વિશ્વભરમાં ઋતુઓની અનિયમિતતા તેનું જ પરિણામ છે. આજે ઓક્સિજનની કમી અને કાર્બન ડાયોક્સાઈડ પ્રમાણમાં સતત વધારાએ વિશ્વની સૌથી મોટી ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પાછળ વૃક્ષનાં થતાં ઘટાડાને માનવામાં આવે છે. એક સર્વે મુજબ છેલ્લા ૬૦ વર્ષોમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૦.૦૩૦ ટકાથી વધીને ૦.૦૪૦ ટકા થઈ ગયું છે. તેથી આ વાતાવરણમાં થતાં અસંતુલનને સરભર કરવા વૃક્ષોનું વાવેતર આવશ્યક થઈ ગયું છે. વાતાવરણમાં ઓક્સિજન વાયુના પ્રમાણમાં વધારો કરી

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૪ ઉપર)**

# ૨૧મી માર્ચ : વિશ્વ વન દિન



ભરત'કુમાર' પ્રા. ઠાકર

માનવી વસ્ત્રો અને આભૂષણોથી રૂડો લાગે છે તેમ આપણી પૃથ્વી પણ વૃક્ષોથી હરિયાળી લાગે છે! આપણે પ્રાથમિક કક્ષાથી ભણતા આવ્યા છીએ અને સામાન્ય માણસ પણ સમજે છે કે વૃક્ષો થકી ધરતીનું ધોવાણ થતું અટકે છે, જમીનના રસકસ જળવાઈ રહે છે, વરસાદનું પ્રમાણ વધે છે અને કાર્બન ડાયોક્સાઈડ શોષી - ઓક્સિજન છોડી પર્યાવરણ શુદ્ધિ પણ થાય છે.

પૃથ્વીના કુલ જમીન વિસ્તારનો ત્રીજો ભાગ જંગલ દ્વારા ઢંકાયેલો છે. વનો જૈવ વૈવિધ્ય (બાયો ડાયવર્સિટી)ના ભંડારો છે, કેમકે એ જ પર્યાવરણ જાળવે છે અને વનસ્પતિઓ, પ્રાણીઓ તથા સૂક્ષ્મ જીવજંતુઓની અદ્‌ભુત વિવિધતા દર્શાવે છે. જંગલના જૈવ વૈવિધ્યનો આ વિશાળ વ્યાપ માનવજાતને ઘણી પર્યાવરણીય સેવાઓ પણ પૂરી પાડે છે.

- **વૃક્ષો તો છે ધરતીનું ધન!**

ઉત્પાદક કાર્ય તરીકે, તે લાકડું, ફળો, ક્ષાર પદાર્થો, તૈલી પદાર્થો, સુગંધિત પદાર્થો, રબ્બર, ઔષધિઓ વગેરે સહિત ૫,૦૦૦થી વધુ પેદાશો માટેનો મુખ્ય આધાર છે. રક્ષણાત્મક કાર્ય તરીકે, જંગલો જમીન ધોવાણ રોકે છે, જળસ્રોતો જાળવે છે, દુકાળ અટકાવે છે. પવન, વિકિરણ, ઘોંઘાટ કે ગંધ સામે રક્ષણ આપે છે. નિયામક કાર્ય તરીકે, તે વાયુપદાર્થો, પાણી, ખનિજતત્ત્વો, કિરણોત્સર્ગી ઊર્જા, આબોહવા વગેરેનું શોષણ, સંગ્રહ અને મુક્ત કરે છે. મનુષ્યોની સુખાકારી માટે જરૂરી એવાં કળા, સાહિત્ય, સંશોધન, ધર્મ જેવી બાબતોમાં જંગલો આપણા માટે પ્રેરણાસ્રોત પણ બને છે.

આજે જંગલો પ્રચંડ પડકારો અને અલગ પ્રકારનાં દબાણોનો સામનો કરી રહ્યાં છે. ૨૦મી સદીના આરંભે લગભગ ૩૦% ભૂમિ જંગલોથી છવાયેલી હતી. આજે ભારતમાં કુલ વનવિસ્તાર ૨૩.૩% છે. રાષ્ટ્રીય વન નીતિ (૧૯૮૮)ની ભલામણ અનુસાર મેદાનો માટે ૩૩% અને પર્વતો માટે ૬૭% શ્રેષ્ઠ લઘુતમ જંગલ વિસ્તાર કરતાં આ પ્રમાણ ઘણું ઓછું છે. આજે માથાદીઠ વનક્ષેત્ર ૦.૬૪ હેક્ટરની વિશ્વ સરેરાશ કરતાં ભારતમાં નીચું (૦.૬ હેક્ટર) છે. દુનિયાભરમાં આ પ્રવાહો ઘણા સરખા છે. કેમકે જંગલ આવરણો (ખાસ કરીને વિષુવવૃત્તીય વિકાસશીલ દેશોમાં) ખૂબ ઝડપથી સંકોચાઈ રહ્યા છે.

આપણે બધા જાણીએ છીએ કે વન આચ્છાદનોના ઘટાડાનાં મુખ્ય કારણોમાં ખેતીવાડીનું વિસ્તરણ, વધતું ઔદ્યોગિકીકરણ, ઈમારતી લાકડાં, બળતણ માટેનાં લાકડાં, બીજી વનપેદાશોનો અમર્યાદ ઉપયોગ, પશુ ચરિયાણ વગેરે છે. ઉષ્ણ કટિબંધીય પ્રદેશોમં જંગલ આવરણના ઘટાડાનું હાલનું પ્રમાણ વાર્ષિક એક કરોડ હેક્ટરથી વધુ અંદાજાય છે. આ વલણ ચાલુ રહ્યું તો બાકીનાં વિષુવવૃત્તીય જંગલો એક સદીમાં ખતમ થઇ જવાનો ભય છે. ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) મુજબ, વનવિનાશના કારણે દર વર્ષે વિશ્વનાં જંગલોના ૧૩,૦૦૦ ચોરસ કિ.મી. ગૂમ થઈ રહ્યાં છે, જે વૈશ્વિક તાપમાનને અસર કરતા ગ્રીન હાઉસ વાયુ ઉત્સર્જનના ૨૦% ગણાય છે.

- **હકીકતો અને આંકડામાં વનક્ષેત્ર :**

- જંગલો અને પૃથ્વી પરની ભૂમિના લગભગ ૩૧ ટકા ભાગ (આશરે ૪ અબજ હેક્ટર)ને આવરી લે છે અને વિશ્વની બે તૃતિયાંશ કરતાં વધુ ભૂચર પ્રજાતિઓ ધરાવે છે. એકલા એમેઝોન નદી (દક્ષિણ અમેરિકા)નો તટવર્તી પ્રદેશ બધી જમીન આધારિત પ્રજાતિઓના અંદાજિત ૨૫ ટકાનું રહેઠાણ બન્યું છે.
- દુનિયાના જંગલોનો અડધા ઉપરાંત (અર્થાત્ ૫૩ ટકા) ભાગ માત્ર આ પાંચ દેશોમાં જોવા મળે છે : અમેરિકા, કેનેડા, ચીન, બ્રાઝીલ અને રશિયા.
- ૧.૬ અબજથી વધુ લોકો પોતાની આજીવિકા માટે જંગલો પર આધાર રાખે છે. જંગલો વિશ્વભરમાં આશરે ત્રીસ કરોડ લોકો માટે 'ઘર' બને છે!
- વિકાસશીલ દેશોમાં ૮૦% લોકો પારંપરિક ઔષધિઓ પર આધાર રાખે છે, જેમાંની અડધી જેટલી મુખ્યત્વે વિષુવવૃત્તીય જંગલોમાં જોવા મળતી વનસ્પતિઓ પરથી મળી આવે છે.
- પાંદડાંમાંથી કઢાયેલ સુગંધિત તેલથી લઈને આયુર્વેદિક દવાઓ, અનાજ અને કપડાં લગીની ૫,૦૦૦ ઉપરાંત વ્યાપારી ઉત્પાદનો માટે 'જંગલોનું જીવવૈવિધ્ય' મુખ્ય

*ભૂલનું પરિણામ એ છે કે તેમાંથી શીખીએ તો પગથિયું, ન શીખીએ તો ખાડો.*

આધાર બને છે.

- જગતના પ્રાપ્ય તાજાં પાણીનો ત્રણ ચતુર્થાંશ ભાગ જંગલના જળસ્રાવોમાંથી મળે છે. વિકાસશીલ દેશોમાં બે તૃતિયાંશ જેટલા મોટા શહેરો માટે પીવાનાં પાણીને જંગલો જ શુદ્ધ કરે છે.
- જંગલોનું જીવવૈવિધ્ય ભયસૂચક દરે ખોરવાઈ રહ્યું છે. વિષુવવૃત્તીય જંગલોમાં પ્રાણી અને વનસ્પતિની રોજ ૧૦૦ જેટલી જાતો અદશ્ય થાય છે.
- કુલ વનવિસ્તારનો ૩૬% ભાગ પ્રાથમિક જંગલોથી છવાયેલો છે. અર્થાત્ તળપદી પ્રજાતિઓથી બનેલા જંગલો, જ્યાં પર્યાવરણીય પ્રક્રિયાઓને માનવીય પ્રવૃત્તિથી ખાસ ખલેલ પહોંચી નથી.
- બહુધા વૃક્ષછેદન અને કૃષિ વિસ્તરણના કારણે ૨૦૦૦ના વર્ષથી પ્રાથમિક જંગલોમાં ચાર કરોડ હેક્ટર ઉપરાંતનો ઘટાડો નોંધાયો છે.
- વીતેલા દાયકામાં જંગલનાશનું પ્રમાણ થોડુંક ધીમું પડ્યા છતાં દર વર્ષે વિશ્વનાં વનોના આશરે ૧.૩ કરોડ હેક્ટર (એટલે કે નિકારાગુઆ કે ગ્રીસના ક્ષેત્રફળ જેટલો વિસ્તાર) અદશ્ય થાય છે અથવા તેનું સ્તર નીચે ઊતરે છે. ઉચ્ચ જૈવવૈવિધ્ય મૂલ્ય ધરાવતા પ્રાથમિક વિષુવવૃત્તીય જંગલોનું આ ઉન્મૂલન (ડિફોરેસ્ટેશન) અને ગુણવત્તા ઘટાડો (ડિગ્રેડેશન) વર્ષે લગભગ ૬૦ લાખ હેક્ટરના ભયજનક દરે ચાલુ રહે છે.
- એવું અનુમાન છે કે એક અબજ હેક્ટર અથવા બધી જંગલભૂમિના આશરે ચોથા ભાગને તેની ઉત્પાદકતા અને પર્યાવરણલક્ષી સેવાઓ સુધારવા પૂર્વવત્ સ્થિતિએ લાવવાની જરૂર છે. આ જંગલ પરિદશ્યોનું પુનઃસ્થાપન ટકાઉ વિકાસ માટેના બેહદ લાભો અપાવશે.
- વૈશ્વિક ધોરણે, ૪૬ કરોડ હેક્ટરથી વધુ જંગલો (કુલ વન વિસ્તારના ૧૨ ટકા) તેના પ્રાથમિક કાર્ય રૂપે જૈવ વૈવિધ્યના સંરક્ષણ માટે મુકરર કરાયા છે. ૧૯૯૦થી અદ્યપિ આ આંકે ૩૨ ટકાની ઊંચાઈ પ્રાપ્ત કરી છે.

## ● જંગલોના જતનની જરૂરિયાત :

ભારતમાં સૌથી વધુ જંગલ વિસ્તાર આંદામાન-નિકોબાર ટાપુમાં (૮૬.૯%) અને સૌથી ઓછો હરિયાણામાં (૩.૮%) છે. ત્રિપુરા, મણિપુર, મિઝોરમ, હિમાચલ પ્રદેશમાં આ પ્રમાણ ૬૦%થી વધુ છે. જ્યારે ગુજરાત, જમ્મુ-કાશ્મીર, પંજાબ, રાજસ્થાનમાં ૧૦%થી ઓછો છે.

જંગલોને બચાવવા વિશ્વભરમાં શ્રેણીબદ્ધ કાર્યની પહેલ થઈ રહી છે. ૧૯૯૦ના દાયકાની તુલનામાં તાજેતરનાં વર્ષોમાં વનીકરણ ઘટાડો ધીમો પડ્યો છે, છતાં પ્રમાણ હજુ ભયજનક હદે ઊંચું છે. વિશ્વ સમુદાયે આ પડકાર ઝીલી લીધો છે અને રાષ્ટ્રીય સરકારો, આંતરરાષ્ટ્રીય સંગઠનો, જંગલ નાણાધારકોનાં જૂથો વર્તમાન અને ભાવિ પેઢીના લાભાર્થે જંગલોના ટકાઉપણા સંરક્ષણ અને વ્યવસ્થા કરવાના માર્ગો શોધવા પગલાં લઈ રહ્યાં છે.

નજીકના ભૂતકાળમાં, યુનો દ્વારા આંતરરાષ્ટ્રીય પૃથ્વી વર્ષ (૨૦૦૮) અને આંતરરાષ્ટ્રીય જીવવૈવિધ્ય વર્ષ (૨૦૧૦) પછી આંતરરાષ્ટ્રીય વન વર્ષ (૨૦૧૧)ની ઉજવણી આ દિશના ગંભીર પ્રયત્નો છે. છેવટે તો તે આપણા ભાવિ જીવનનો પ્રશ્ન છે. સમૃદ્ધ જંગલના જતન વિના આપણે આબોહવા પરિવર્તન અને વૈશ્વિક તાપમાન જેવી કટોકટીનો સામનો કરી શકીએ નહીં. ચાલો, આપણે અત્યારે જેનો આનંદ માણીએ છીએ તે સુંદર જીવંત જંગલોનો વારસો આપણી પાછળ મૂકવા શક્તિમાન બનીએ.

## ● 'વૃક્ષારોપણ'નો વ્યાપ વધારીએ

જીવન બચાવવું હશે તો વૃક્ષોનું વાવેતર વધારવું પડશે. વૃક્ષોની સંખ્યા વધશે તો વનવિસ્તાર વધશે. જંગલોના વિનાશના કારણે પર્યાવરણની બગડતી જતી સમતુલા જાળવવા 'વૃક્ષારોપણ' એકમાત્ર ઉપાય છે. કચ્છ સૂકો પ્રદેશ છે. વાવાઝોડું, દુકાળ, ધરતીકંપ જેવી કુદરતી આફતો આ જિલ્લાને સતત સતાવતી રહે છે. નિષ્ણાતો કહે છે કે કચ્છને હરિયાળું બનાવી દેવાય તો કુદરત પણ કરવટ બદલે!

તેથી દરેક નાગરિકની એ નૈતિક ફરજ બની રહે છે કે પોતાનાથી યથાશક્ય વૃક્ષો વાવે અને વૃક્ષારોપણ પ્રવૃત્તિને ઉત્તેજન આપે. આજે તો સરકાર સાથે અનેક સ્થાનિક સામાજિક સંસ્થાઓ પણ આ વિશે માર્ગદર્શન અને મદદ આપે છે. કચ્છમાં વિવેકાનંદ સંશોધન - તાલીમ સંસ્થા (માંડવી), કોટી વૃક્ષ અભિયાન - કચ્છ ઈકોલોજી ફાઉન્ડેશન (બીદડા), કચ્છ યુવક સંઘ (ભુજ) જેવાં અનેક સ્વૈચ્છિક સંગઠનો પણ આ ક્ષેત્રે પાયાનું કાર્ય કરી રહ્યાં છે.

## ● સંસ્કૃતિમાં વૃક્ષ મહિમાનું ગાન

દાદા પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (૧૯૨૦-૨૦૦૩) પ્રેરિત સ્વાધ્યાય પરિવારે 'છોડમાં રણછોડ' અને 'વૃક્ષમાં વાસુદેવ'નાં દર્શન કરીને દેશના વિવિધ ભાગોમાં ઉપવનો - વૃક્ષમંદિરો ઊભા કર્યા છે. તો, સર્વોદય કાર્યકર બાબા આમ્ટે (૧૯૧૪-૨૦૦૮)ની વૃક્ષ ઝુંબેશ પણ જાણીતી છે. **આપણી લોક સંસ્કૃતિમાં 'વૃક્ષ'નો મહિમા એ રીતે પણ સમજાવવામાં આવ્યો છે કે દસ કૂવા બરાબર એક વાવ, દસ વાવ બરાબર એક તળાવ, દસ તળાવ**

*અહં કેવળ ઈશ્વરથી જ નહીં, પરંતુ ઐશ્વર્યથી પણ દૂર લઈ જાય.*

**બરાબર એક પુત્ર અને દસ પુત્ર બરાબર એક વૃક્ષ છે!**

વૃક્ષ મહિમા સંદર્ભે ગૌતમ બુદ્ધ (ઇ.પૂ. ૫૬૩-૪૮૩)ના એક અવતરણનું સ્મરણ કરીએ : 'જંગલ અમર્યાદિત પરોપકાર અને ઉદારતાનું એક એવું વિશિષ્ટ અંગ છે, જે પોતાની પોષક શક્તિના બદલામાં કશી અપેક્ષા રાખતું નથી અને તમામ જીવોને રક્ષણ પૂરું પાડે છે. તેને કાપનાર કઠિયારાને પણ તે છાંયડો આપે છે!'

નલિયાના કવિ 'તેજ' ઉર્ફે તેજપાલ ધારશી નાગડા (૧૯૩૭-૨૦૨૧) કહે છે કે હરિયાળી અર્થાત્ વનરાજી હશે તો વન રાજી થશે! વન વિસ્તરશે તો જીવન 'ઉપવન' બનશે! નહિંતર આ જીવન આજીવન વન સમું બની જશે. પસંદગી આપણી છે. પ્રખર રેશનાલિસ્ટ પ્રો. જે.પી. મહેતા (મહુવા)ની વૃક્ષ મહિમા ગાતી આ બે પંક્તિ સાથે ઉપસંહાર કરીએ...

*વૃક્ષો તો છે દેવોનું સ્થાન, પર્ણો તો છે દેવોનું લાસ્ય;*
*ફળો છે દેવોનું વરદાન, પુષ્પો તો દેવોનું હાસ્ય!*

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ ● મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## 'નામ સ્મરણ અને જપ'

**(અનુસંધાન : પાના નં. – ૨૮ ઉપરથી ચાલુ)**

તેરમા પ્રકરણમાં બે અનુભૂતિઓની વાત છે. એક છે પૂજ્યશ્રી મોટાની – જપ અને નામ સ્મરણની અનુભૂતિ અને બીજી છે સાધકબહેન શ્રી પારૂલ આર. પટેલની. આ બંને અનુભૂતિઓથી વાંચકને, સાધકને, શ્રદ્ધાળુઓને જરૂર અનુભૂતિ થશે કે, જો શ્રી પૂ. મોટાને નામ-જપ સાર્થક થાય કે આધુનિક યુગના બહેન, સાધકશ્રી પારૂલ બહેનને અનુભૂતિ થાય તો મને કેમ ન થાય? જરૂર છે ફક્ત નિષ્ઠાની અને ધીરજની. એકને થાય તો બીજાને થાય જ. અંતિમ પ્રકરણમાં જગતના નામ સ્મરણ કરનારાઓમાં પ્રાચીન જગતમાં ઋષિ વશિષ્ઠ, મહર્ષિ નારદ, મહર્ષિ વાલ્મીકિ, ભક્ત ધ્રુવ અને ભક્ત પ્રહલાદ, મધ્ય યુગના સંત કબીર, નરસિંહ મહેતા, મીરાબાંઈ, સંત જ્ઞાનેશ્વર, સંત તુલસીદાસ, સંત જનાબાઇ, ગુરુ નાનક તેમજ આધુનિક સમયના ઠાકુરશ્રી રામકૃષ્ણ પરમહંસ, મહાત્મા ગાંધી, મહર્ષિ વિનોબા, સ્વામી રામદાસ, મા આનંદમયી તેમજ લેખકશ્રીઓના સગાઓમાં 'આસપાસમાં' શિર્ષક હેઠળ તેમના નાની, તેમના મામા, પિતા તેમજ માતાની આ ઈશ્વરીય બક્ષીસની વાત પણ લખી છે. આશા છે કે, આ નાનકડું પુસ્તક વાંચી, આપણે પણ હરિનામ સ્મરણ કરીએ, જપ કરીએ અને જીવન સાર્થક બનાવીએ. ■

## કંઈક તો હજુ બાકી રહી ગયું

જન્મના અનેરા પાના પલટતા
નિખાલસ હાસ્ય વરસાવતી આંખોમાં
કંઈક તો હજુ બાકી રહી ગયું.

બાળપણમાં ડોકિયું કર્યું
નીરાગસ વાતોની નાનકડી યાદોમાં
કંઈક તો હજુ બાકી રહી ગયું.

કિશોરાવસ્થાની સોનેરી ગાથા
મનનો સંગીત સાંભળતા વિચારોમાં
કંઈક તો હજુ બાકી રહી ગયું.

યુવાપણનો વિચાર કર્યું
સ્વપ્નોની દુનિયાને આકાર આપવામાં
કંઈક તો હજુ બાકી રહી ગયું.

લગ્નગ્રંથિના પવિત્ર બંધને
જોડાઈ જતાં પણ સંગાથે ચાલવામાં
કંઈક તો હજુ બાકી રહી ગયું.

જેની આંખોમાં પોતાને જોતાં
એવા આપણા અંશને ઉછેરવામાં
કંઈક તો હજુ બાકી રહી ગયું.

જેના ચરણોમાં સ્વર્ગના દ્વાર
એવા આપના સર્જનહારને સંભાળવામાં
કંઈક તો હજુ બાકી રહી ગયું.

જેના દર્શન માત્રથી મન પ્રસન્ન થાય
એવા પ્રભુની ભક્તિ કરવામાં
કંઈક તો હજુ બાકી રહી ગયું.

જેના સહવાસથી જ્ઞાનની પ્રાપ્તિ થાય
એવા ગુરૂને ઓળખવામાં
કંઈક તો હજુ બાકી રહી ગયું.

જેનો સાથ માત્ર આપણી તાકાત બને
એવા મિત્રને સહેજવામાં
કંઈક તો હજુ બાકી રહી ગયું.

આટલું બધું સુખ મળ્યું
પણ જીવનની ગૂંચ છોડાવવામાં
કંઈક તો હજુ બાકી રહી ગયું.

*મેહુલ દીપક ગડા - ડિગ્રસ (મહારાષ્ટ્ર)*

# ભારતીય ઉદ્યોગના મૂલ્યનિષ્ઠ મહાનાયક : રાહુલ બજાજ

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

● **ભૂમિકા :**

સ્વાતંત્ર્યોત્તર ભારતીય અર્થતંત્ર વિશેષતઃ ઓટો ઉદ્યોગને ગતિશીલ અને વ્યાપક બનાવવા માટે પાંચ દાયકા સુધી ઝઝુમતા રહેનાર પારદર્શક, પ્રામાણિક, નિખાલસ અને નીડર, બજાજ જુથના વિશ્વકર્મા, પૂર્વ ચેરમેન રાહુલ બજાજે (જન્મ : તા. ૧૦-૬-૧૯૩૮) ફેબ્રુઆરી ૨૦૨૨ના ૮૩ વર્ષની વયે દૈહિક સ્વરૂપે વિદાય લીધી પણ તેમણે પ્રબોધેલા અને આત્મસાત્ કરેલા આર્થિક, સામાજિક સિદ્ધાંતો, આદર્શો આપણને ચિરંતન માર્ગદર્શન આપતા રહેશે. સ્વપ્નદૃષ્ટા રાહુલજી પોતાના સત્કાર્યોના ફળસ્વરૂપ કેટકેટલા વિશેષણોથી વિભૂષિત થતા રહ્યા છે. ઈન્ડિયન એરલાઈન્સના ચેરમેન (૧૯૮૬-૧૯૮૯), પદ્મવિભૂષણ (૨૦૦૧), વર્લ્ડ ઈકોનોમિક ફોરમના પૂર્વ અધ્યક્ષ, હાર્વર્ડ બિઝનેસ સ્કૂલના દક્ષિણ એશિયાના સલાહકાર બોર્ડના પૂર્વ સભ્ય, આઈ.આઈ.ટી. મુંબઈ બોર્ડ ઓફ ગવર્નન્સના ચેરમેન, રાજ્યસભાના સાંસદ (૨૦૦૬-૨૦૧૦) રહી ચૂકેલ છે. તેઓ ગાંધીજીએ જેમને ગૌરવપૂર્વક પોતાના પાંચમા પુત્ર તરીકેની ઘોષણા કરેલ તે, ૧૯૨૬માં બજાજ જૂથના સ્થાપક જમનાલાલ બજાજ (૧૮૮૯-૧૯૪૨)ના પૌત્ર થાય છે અને ૧૯૪૨થી બજાજ જૂથના સુકાની કમલનયન બજાજ (૧૯૧૫-૧૯૭૨)ના સૌથી મોટા સંતાન અને સામાજિક સેવાને વરેલા રામકૃષ્ણ બજાજના ભત્રીજા થાય છે.

● **સંકલ્પ : 'ભવિષ્ય આપણા હાથમાં જ છે' :**

બાલ્યાવસ્થામાં તેમને સહજ સંસ્કાર મળ્યા છે નાગપુર નજીક સેવાગ્રામ આશ્રમ વર્ધાના સાત્વિક પર્યાવરણમાં. સેવાગ્રામ આશ્રમનો સંક્ષિપ્ત ઈતિહાસ આપણે જાણીએ. સાબરમતી અમદાવાદ છોડ્યા પછી જમનાલાલજીના આમંત્રણથી મહાત્મા ગાંધી ૧૯૩૬માં વર્ધા આવ્યા. સેગાંવમાં સ્વાતંત્ર્ય આંદોલન અને રચનાત્મક પ્રવૃત્તિઓ માટેના મુખ્ય મથક તરીકે આશ્રમની સ્થાપના કરી. પરિણામે સેગાંવ નામ પરિવર્તિત થયું સેવાગ્રામમાં. રાહુલજી ૧૯૪૬માં મુંબઈ આવ્યા. સ્ટીફન્સ કોલેજ દિલ્હીમાંથી અર્થશાસ્ત્ર વિષય સાથે સ્નાતક થયા. મુંબઈ યુનિ.માંથી એલ.એલ.બી.ની પદવી પ્રાપ્ત કરી. હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી મેનેજમેન્ટમાં અનુસ્નાતક એમ.બી.એ.ની ઉપાધિ ૧૯૬૪માં મેળવી. ૧૯૬૮માં ૩૦ વર્ષની વયે બજાજ ઓટોના સી.ઈ.ઓ. તરીકે જવાબદારી સંભાળી લીધી. તે સમયે કંપની થ્રી વ્હીલર ઓટો રીક્ષા, મિની ટ્રક સાથે ઇટાલીની 'પિઆજિયો' કંપની પાસેથી લાઈસન્સ મેળવીને 'વેસ્પા' સ્કુટરના ઉત્પાદનમાં વ્યસ્ત હતી. જ્યારે મધ્યમવર્ગ માટે કાર ખરીદવાની ઈચ્છા આકાશ કુસુમવત્ હતી તે સમયે રાહુલજીએ દ્રઢ નિર્ણય કર્યો કે 'સામાન્ય વર્ગને પરવડે તે કિંમતે અને તેમના આશા - અરમાનોને પરિપૂર્ણ કરે તેવા સર્વશ્રેષ્ઠ દ્વિચક્રી વાહનનું ભવિષ્ય અહીં છે અને આપણા હાથમાં જ છે.'

● **હમારા બજાજ : સિધ્ધ થઇ વૈશ્વિક બ્રાન્ડ**

સંજોગોવશાત્ ૧૯૭૨માં ઇટાલીયન કંપનીએ પોતાનું રજિસ્ટ્રેશન આગામી સમય માટે રીન્યુ કરવાનો ઈન્કાર કરી દીધો ત્યારે મેનેજિંગ ડિરેક્ટર તરીકે બિરાજમાન રાહુલજીને પોતાનું લક્ષ્ય ચરિતાર્થ કરવાની સોનેરી તક સાંપડી ગઈ. પૂણે પાસે પીંપરી - ચીંચવડમાં આકુર્ડી તદ્દન પછાત વિસ્તાર. મિશનરી રાહુલજીની દૂરંદેશી અને નિષ્ઠાવાન કારીગરોના અદમ્ય પુરુષાર્થને પરિણામે કરોડો ગ્રાહકવર્ગની આકાંક્ષાઓની પરિપૂર્તિ થવા લાગી – 'ચેતક', 'સુપર' અને 'પ્રિયા' સ્કુટરના બ્રાન્ડ સ્વરૂપે. બજાજ ઓટો ઉદ્યોગની ગુણવત્તાલક્ષી નીતિ અને ગ્રાહકોને નિયમિત સેવાને પરિણામે કંપનીના નાનકડી કેડી પરથી રાજમાર્ગ પર પગરણ થવા લાગ્યા. સ્પર્ધાત્મક વાતાવરણ વચ્ચે 'પલ્સર' મોટર સાઈકલનો સફળ પ્રવેશ થયો. ૧૯૭૦થી ૧૯૯૦ – વીસ વર્ષ પછી ભારત સરકારે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની નીતિ અમલમાં મૂકી. સંશોધન ક્ષેત્રે વિશ્વમાં અગ્રેસર 'હોન્ડા' અને ૧૯૮૭થી સ્થાપિત મુંજાલ ગ્રુપની 'હીરો' સામે પણ હરીફાઈ હતી અને છે. ત્યારે પણ ગ્રાહકોને આકર્ષતી રહી છે 'હમારા બજાજ'ની 'બુલંદ ભારતની બુલંદ તસવીર' જાહેરાત. આજે ભારતમાં રૂપિયા એક લાખ કરોડના માર્કેટ કેપ સાથે બજાજ ઓટો ઉદ્યોગ દેશમાં સૌથી વિશાળ નેટવર્ક અને વિશ્વમાં ચોથા ક્રમનું સ્થાન ધરાવે છે. વૈશ્વિક હરીફાઈ વચ્ચે પણ ૨૦૨૧માં ૨૨ લાખ 'પલ્સર' જેવા દ્વિચક્રી વાહનો અને ૩ લાખ ત્રિચક્રી વાહનો (રૂા. ૧૨,૬૮૭

*આવતીકાલ એવી ચીજ છે કે જે અનંતકાળ પછી પણ નહીં જ આવે.*

કરોડ)ની ૭૯ દેશોમાં વિક્રમજનક નિકાસ થવા પામી હતી. હવે આ ઉપેક્ષિત વિસ્તારમાં અનેક ઉદ્યોગો સ્થપાવાની હોડ ચાલી અને આજે દસ હજાર નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોથી આકુર્ડી એરિયા બની રહ્યો છે વિકસિત, વિખ્યાત અને સમૃદ્ધ. બજાજ કંપનીએ ઓટો ક્ષેત્ર ઉપરાંત ફાઈનાન્સ, નાણાંકીય સેવા, ઈન્સ્યુરન્સ, ઈન્વેસ્ટમેન્ટ, ઈલેક્ટ્રીકલ ઉપકરણ, સ્ટીલ, સિમેન્ટ જેવા અનેક ક્ષેત્રે ૩૪ કંપનીઓના નેટવર્ક સાથે પદાર્પણ કરી પોતાના ટર્નઓવર ૭.૨ કરોડ (૧૯૬૮)નું આજે ૧૨,૦૦૦ કરોડ સુધી વિસ્તરણ કર્યું છે.

રાહુલજીની વ્યાપાર, વાણિજ્ય, ઉદ્યોગ અને સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ ઓળખ રહી છે. તેઓ છે સ્નેહાળ, લાગણીશીલ, ઈમાનદાર, સત્યના પૂજારી. કઈ રીતે?

**૧. આપલા માનુસ (આપણા માણસ)**

તેઓ પરિવાર, શુભેચ્છકો, શેરહોલ્ડર ઉપરાંત કર્મચારીઓ અને સૌના આપલા માનુસ - મિત્ર રહ્યા છે. તેમની દૃઢ માન્યતા હતી કે કર્મચારી કોઈ પદાર્થ નથી, તે ચૈતન્યશીલ આત્મા છે. તેથી સૌનું નામ એમને યાદ હોય. નામથી જ સંબોધન કરે. કંપનીની કેન્ટીનમાં દૈનિક ૧ રૂ.માં રજવાડી ભોજનની સુવિધા. દર માસે નિયમિત પગાર. ઔરંગાબાદ પ્લાન્ટ ૯ માસ સુધી બંધ હતો ત્યારે પણ કર્મચારીઓની પૂરી કાળજી લેવાનું તેઓ ચૂક્યા નહોતા. સુખ, દુઃખના દરેક પ્રસંગે દરેકની કાળજી અવશ્ય લેવાય.

૧૯૮૭થી ૧૯૯૬ વચ્ચે કંપનીના પરચેઝ ઓફિસર રહેલા ચંદુ લક્ષ્મણ ચૌહાણ નોંધે છે : 'અમારા સાહેબ સાદા, સરળ અને નમ્ર. નાના મોટા સૌ કર્મચારીઓ, યુનિયનના હોદ્દેદારોને, દરેકને ધીરજપૂર્વક સાંભળે. તેમના વાજબી સૂચનો અમલમાં મૂકે.'

**૨. સ્પષ્ટ વક્તા**

રાષ્ટ્રીય હિતમાં પોતાને જે યોગ્ય લાગે તે વિષયમાં તેઓ શાલીનતાપૂર્વક જાહેરમાં રજૂઆત કરતા રહેતા. ૧૯૭૦-૭૧માં લાઈસન્સ રાજના સામ્રાજ્ય સમયે સ્કુટર્સના વધારે યુનિટના ઉત્પાદનની અનિવાર્ય દરખાસ્ત હોય, ૧૯૯૦માં ઉદારીકરણ સમયે ભારતીય ઉદ્યોગને અગ્રસ્થાન આપવાની હિમાયત કરવાની હોય કે ૨૦૧૯માં સરકારને આર્થિક, ઔદ્યોગિક, રાજકીય નીતિ અંગે મુક્ત મને ચર્ચા કરી શકાય તેવું વિધાયક વાતાવરણ સર્જવા માટે અનુરોધ પ્રસ્તાવ હોય.

**૩. સામાજિક નિસ્બત**

રાહુલજી સમાજના તકવંચિત, ગરીબ, મધ્યમ વર્ગના બાળવિકાસ, શિક્ષણ, સર્વાંગી આરોગ્ય, જળ સંચય, પડતર જમીનની ઉત્પાદકતા વૃદ્ધિ, સામાજિક વનીકરણ, સૌર ઊર્જા, મહિલા સશક્તિકરણ જેવા વિવિધ પ્રોજેક્ટ્સમાં અંગત રસ લેતા હતા. તેમને વિશેષ રસ હતો મહારાષ્ટ્રના રક્તપિત્તગ્રસ્ત લોકોની કુશળતા વિકસાવીને તેમને સ્વમાનભેર રોજગાર સર્જનમાં. મૂલ્યલક્ષી યુવાપેઢી તૈયાર કરવાના ઉદ્દેશથી પ્રારંભિત 'કમલનયન બજાજ ફેલોશિપ'ના અભ્યાસક્રમ, ક્રિયાન્વયન તેમજ 'જમનાલાલ બજાજ ફાઉન્ડેશન' (૧૯૭૮) દ્વારા પુરસ્કાર વિતરણના ધારાધોરણ નિશ્ચિત કરવામાં એમણે ઊંડી દિલચસ્પી દાખવી હતી.

- **સમાપન :**

આપણું પરમ સદ્ભાગ્ય છે કે દેશને ભારતીય ઉદ્યોગના ભીષ્મ પિતામહ જમશેદજી તાતા (૧૮૩૯-૧૯૦૪) કે તન, મન, ધનથી ગાંધીને સમર્પિત સ્વાતંત્ર્ય સેનાની જમનાલાલ બજાજ જેવા મહામાનવોના દીવાદાંડી સમાન વારસદારો પણ પોતાના આર્થિક હિત સાથે સામાજિક કલ્યાણના સાર્થક સમન્વય, અનુબંધ સાધવા માટે સંન્નિષ્ઠ પુરુષાર્થ કરતા રહ્યા છે. સૌને વંદન.

*૨૦૨, 'ઓર્કિડ', તસ્કીન સોસાયટી,*
*શુક્લનગર ચાર રસ્તા, સમા, વડોદરા-૩૯૦ ૦૦૨.*
*મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦*

## માર્ચ ૨૧ના રોજ આખા વિશ્વમાં 'વિશ્વ વન દિવસ'

**(અનુસંધાન : પાના નં. – ૨૯ ઉપરથી ચાલુ)**

વાતાવરણને શુધ્ધ રાખે છે. વરસાદ લાવવામાં મદદરૂપ બને છે. જમીનનાં ધોવાણને અટકાવી જમીનને ફળદ્રુપ રાખે છે. પ્રદૂષણમાં થતાં કાર્બન ડાયોક્સાઈડને ગ્રહણ કરી રોગોના ફેલાવાને અટકાવે છે. અનેક ઔષધીઓ માટે ઉપયોગી બને છે.

આવો, એક સંકલ્પ કરીએ કે સ્વસ્થ, સુરક્ષિત, આનંદિત જીવન જીવવા દેવા માટે કુદરતના અમૂલ્ય વારસાનું જતન અને જાળવણી કરવા કુદરત સાથે જ ચાલવું પડશે. વૃક્ષો વાવી તેને સંવર્ધન કરીએ. દરેક ઘરમાં બાળકના જન્મ સમયે માતા-પિતા અને તે સમજણું થાય ત્યારથી એના જ હાથે દર જન્મદિને ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી જીવન બચાવે અને લગ્નબંધને બંધાતા દંપતી પણ આ નિયમ અપનાવે.

મિત્ર વર્તુળમાં સારા પ્રસંગોએ એક છોડ ભેટ આપી, વધુને વધુ વૃક્ષો વાવી કુદરતના સંતુલનમાં સહભાગી થઈએ... અને આપણા તથા ભાવિ પેઢી માટે છાંયડા અને ઠંડકની વ્યવસ્થા કરતા જઈએ...! તો જ સાચા દિવસની ઉજવણી થશે નહિંતર કચ્છમાં 'વિશ્વ વન દિવસ'ની જગ્યાએ 'વિશ્વ રણ દિવસ' બની જશે.

*સંદર્ભ : વીકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો.*

*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

# કચ્છનાં લોકસાહિત્યના કળાએલ મોરલા : દુલેરાય કારાણી

જગદીશચંદ્ર છાયા 'શ્રેયસ'

*'કચ્છડો ખેલે ખલકમેં જીં મહાસાગર મેં મચ્છ,*
*જિત હિકડો કચ્છી વસે, ઉતે ડીંયાંડી કચ્છ.'*

*– દુલેરાય કારાણી*

કચ્છના 'મેઘાણી' દુલેરાય કારાણી એટલે 'લોક સાહિત્યના કળાયેલ મોરલા.' તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૮૯ રવિવારે કારાણીજીની ચીર વિદાયથી કચ્છને કદી ન પૂરાય એવી ખોટ પડી. એમનો જન્મદિન જ એમની પુણ્યતિથિ બની! એક 'પૂર્ણ વ્યક્તિત્વ'ની અદબ કુદરતે વિદાય વેળાએ પણ જાળવી, પૂર્ણતા બક્ષી.

એક સમયે 'કુરો કુજાડો' કહેવાતી કચ્છીનું મહેણું કચ્છી સાહિત્યકારોએ ભાંગ્યું. કારાણીજીએ તો લખ્યુ :

*'કુરો કુજાડો' કચ્છી, તું પ થી તૈયાર;*
*કચ્છી પાણીવારી વીર વાણીકે તાં.*
*'કારાણી' ચેં, મિણીનું વડેરી મહારાણી કરે વ્યારીયાં!*

કારાણીજી વિશે લખવું એટલે મનમાં થાય કે 'વ્હાલાજી તારી કલમ વખાણું કે તારી લાગણી વખાણું.' એમના ૭૦થી વધુ પુસ્તકો જ એમના સાચા વારસદારો છે. એમણે પાંચ બાવની લખી છે : ગાંધી, દયાનંદ, કલ્યાણ, સોનલ અને મહાવીર બાવની.

કારાણીજી સાથે મારા દાદા-પૌત્ર જેવા મીઠા સંબંધો હતા. તેઓ મને 'માનસ - વારસદાર' કહેતા. એ એમની આત્મીયતા જ હતી. ગામ નામ - ગાથા પાછળ થતા પ્રયત્નો પાછળ કારાણીજીની પ્રેરણા, આશિર્વાદ અને શુભેચ્છાનું બળ છે.

**વ્રજવાણીનો ઢોલી અને કારાણીજીનાં સંશોધનની નોંધ :**

'વ્રજવાણીનો ઢોલી' કચ્છની સંગીત અને ગરબા નૃત્ય પ્રેમની એક અનોખી અમર પ્રેમકથા છે. એને લોકો સમક્ષ ઉજાગર કરવાનો શ્રેય, કચ્છના 'મેઘાણી' દુલેરાય કારાણીને ફાળે જાય છે. રાજાશાહી યુગમાં રાજવીએ કારાણીજીની રસ-રૂચિ પારખી, કેળવણી નિરીક્ષક તરીકે નિમ્યા. જેથી તેઓ કચ્છના ગામે-ગામ, ખૂણે-ખાંચરે ફરીને ઇતિહાસ સંશોધન કરી શકે. લોક સાહિત્યની સેવા પણ કરી શકે. **એ વખતે નોકરીમાં નિમણુંક વેળા ડિગ્રી નહીં, રસ રૂચિ જોવાતી. એટલે ધારી સફળતા મળતી, એ નક્કર હકીકત છે.**

કારાણીજીને ગમતું કાર્ય મળતાં ખૂબ ઉત્સાહ અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા રહ્યા. તેમણે કચ્છના ખૂણે ખાંચરે ફરીને પાળિયા ઢંઢોળીને એને બોલતાં કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

એક દૃષ્ટાંત ટાંકુ... એક વખત પૂર્વ કચ્છના વગડા જેવા વિસ્તારમાંથી ગાડાં પર બેસીને તેઓ પસાર થઈ રહ્યા હતા. વચ્ચે એક ગામ આવ્યું. કારાણીજીએ સ્વાભાવિક રીતે જ ગાડાવાળાને એ ગામનું નામ પૂછ્યું. ગાડાવાળાએ એટલી જ સહજતાથી જવાબ આપ્યો, 'સાહેબ, આ ગામનું નામ છે વ્રજવાણી.' આવા વેરાન વગડામાં આવું સુંદર મજાનું નામ-ગામ 'વ્રજવાણી!' કારાણીજીને આશ્ચર્ય થયું. તેમણે ગાડું થોભાવ્યું.

ત્યાં જ અચાનક તેમની નજર વર્તુળાકાર ગોઠવેલા પાળિયા અને વચ્ચે ખોડાયેલ એક પાળિયા પર પડી. કારાણીજીને બહુ રસ પડ્યો. પછી તો આ બાબતે ઊંડું સંશોધન કરતાં, કચ્છની આ અનોખી પ્રેમ કથા પ્રગટી!

આજે આ દર્શનીય સ્થળ વિકસીને સુવિધા સંપન્ન બન્યું છે. કારાણીજીનાં સંશોધનની આ વિગત દર્શાવતી આરસની તક્તી મંદિરમાં લાગવી જોઈએ. ભલે વાત જૂની છે, પણ છે સત્ય. એને ઉજાગર કરવાની આપણી ફરજ છે. મેં વ્રજવાણીધામના અગ્રણી વેલજીભાઈ આહીરને આ સૂચન કરતાં એમણે આ આવકાર્યું છે એટલે અમલ થવાની આશા બંધાઈ છે. વ્રજવાણી કથા વખતે મેં, મોરારીબાપુને પણ એક લેખ પાઠવીને આ બાબતથી વાકેફ કર્યા હતા.

કેરામાં સંશોધિત મૂર્તિઓના સ્થળે આજે જડેશ્વર મહાદેવનું ભવ્ય દિવ્ય મંદિર અને કલાત્મક પરિસર નિર્માણ પામ્યું છે. ભલે મંદિરે એની તક્તી ૩૬ વર્ષ પછી લગાડવામાં આવી. પણ છેવટે નોંધ લેવામાં આવી એનું મહત્ત્વ છે. એ જ રીતે મોડેથી પણ હવે કારાણીજીનાં સંશોધનની નોંધ લેવાવી જોઈએ. કચ્છી સાહિત્ય સંસ્થા, કચ્છ ઇતિહાસ પરિષદ, કચ્છ યુનિ. આ બાબતે જાગૃતિ દર્શાવે એવી અપેક્ષા.

અલબત્ત, વી.આર.ટી.આઈ.એ કારાણીનાં સાહિત્ય અંગે સેમિનાર યોજ્યો હતો એની નોંધ લેવી રહી. મુંદ્રાની દરબારી

શાળાને 'દુલેરાય કારાણી'નું નામ આપવા મારા પ્રયત્નોને, કચ્છ ઇતિહાસ પરિષદના પ્રમુખશ્રી સાવજસિંહભાઈએ સમર્થન આપ્યું અને અમે બંનેએ સાથે મળીને રજૂઆત કરતાં પરિણામ મળ્યું. હવે એ શાળાને કારાણીજીનું નામ આપવામાં આવ્યું છે એનો પરમ સંતોષ છે.

દુલેરાય કારાણીજીની મહેચ્છા હતી 'કચ્છનાં ગામોનાં નામકરણ' અંગે સંશોધન કરવાની. પણ ઉંમરને લીધે એ ઇચ્છા અધૂરી રહી ગઈ. એમણે તા. ૪-૧૦-૧૯૭૯નાં 'જય કચ્છ' અને એ જ અરસામાં 'કચ્છ મિત્ર' અને પછી અન્ય અખબારોમાં યાદી દ્વારા ગામ નામકરણ અંગેના સંશોધન કાર્યમાં લોકોને સહકાર આપવાની અપીલ કરી હતી. આ બાબતે ત્રણેક વર્ષ સુધી ખાસ પ્રગતિ નહીં થતાં મેં થોડો રસ દાખવતાં, એમણે, મને જ આ કાર્ય ઉપાડી લેવા પ્રેરણા, પ્રોત્સાહન અને આશિર્વાદ આપ્યા. કારાણીજી સાથે મારો દાદા-પૌત્ર જેવો સંબંધ હતો. તેમણે મને 'માનસ વારસદાર' ગણીને 'ખો' આપતાં, મેં પણ લોકોને એ દિશામાં વિચારતા કરવા યથાશક્તિ પ્રયત્નો કર્યા છે અને એનો મહદ્ અંશે હેતુ સર્યો છે એનો મને સંતોષ છે. મેઘાણીજી, કારાણીજી જેવા લોક સાહિત્યકારોએ પાળિયાને ઢંઢોળીને એને બોલતા કરવાનું 'ધૂળ ધોયા' કાર્ય કર્યું છે. કહેવાય છે કે પાળીયાને વાચા ફૂટી હોય એમ, એમની સમક્ષ પાળીયા સ્વયં જાણે કે પોતાની ગાથા બોલતા લાગતા! મને લાગે છે કે ગામ નામો પણ એ જ રીતે 'પોતાની ગાથા ગાવા લાઇનમાં ઉભા છે.' આપણે એમને સાંભળવા 'કર્ણ દૃષ્ટિ' કેળવવી પડશે.

- **ગામ ગાથા :**

દરેક ગામ પોતાનો આગવો ઇતિહાસ, વિશેષતાઓ ધરાવે છે. ગામનું નામ સમાવિષ્ટ હોય એવી કહેવતો લોકોક્તિઓ અસંખ્ય છે. ગામ વિશે લોકકથાઓ, દંતકથાઓ, લોકોક્તિઓ, કહેવતો દ્વારા 'ગામ નામકરણની ગાથા' લોકમુખે રમતી હોય છે. ચાલો, આ વિશિષ્ટ સંશોધન કાર્યને 'યજ્ઞ કાર્ય' સમજી એમાં આહૂતિ આપવાનો 'શિવ સંકલ્પ' કરીએ. કાળના ગર્ભમાં આવી અમૂલ્ય વિગતો લુપ્ત થાય એ પહેલા એને સાચવી લઈએ. અમૂલ્ય હસ્તપ્રતો, ફોટોગ્રાફ્સ, સાહિત્ય સામગ્રી, જૂની ડાયરીઓની નોંધો, વડીલોની વાતોમાં સચવાઈ રહેલ અમૂલ્ય વારસો જાળવી લઈએ. આ યજ્ઞ કાર્યમાં સૌના અવિરત સહકાર અને માર્ગદર્શનની અપેક્ષા છે.

મને વિચાર એ આવે છે કે, કચ્છના 'મેઘાણી' કવિ કારાણીજી કેમ વિસ્મૃતિ ગર્તામાં ધકેલાઈ રહ્યા છે? દર વર્ષે કારાણીજીની જન્મ - પુણ્યતિથિ ઉજવવાનું કેમ ચૂકી જવાય છે? કાગબાપાની જેમ 'કારાણી કથા' કેમ થતી નથી?

ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા કાળની ગર્તામાં વિલીન થાય એ પહેલાં પ્રજાએ જાગૃતિ દાખવી અને મોદી સાહેબે અંગત રસ લીધો, તો પ્રયત્નો રંગ લાવ્યા. એ જ રીતે કારાણીજીની પુણ્ય સ્મૃતિ સચવાય એ માટે આશા રાખીએ કે આવો જ કોઈ ચમત્કાર થાય.

ભાવનગરના પ્રતાપી રાજવી કૃષ્ણકુમારસિંહજીને 'ભારત રત્ન' અપાવવા ૬૫,૦૦૦ સહીઓ સાથેની સહી ઝુંબેશ શરૂ થઈ હતી. કાશ! કચ્છના કારાણીજીને યોગ્ય ઍવોર્ડ કે 'માનદ્ ડૉક્ટરેટ'ની પદવી અપાવવા આવી સહી ઝુંબેશ થાય. કોઇના દિલમાં રામ વસે!

નિયમિત યોજાતી પુસ્તક પરબોમાં કારાણીજીનાં પુસ્તકોનો અભાવ હોય છે, જે મને તો રીતસર ખટકે છે. કચ્છનાં મુખ્ય પુસ્તકાલયોમાં 'કારાણી કોર્નર' હોવું જોઈએ.

કચ્છના મહાન લોક સાહિત્યકાર દુલેરાય કારાણીની જન્મ - પુણ્ય તિથિ તા. ૨૬મી ફેબ્રુઆરી પિતૃભાષા 'બાબાણી બોલી દિન' કે 'કચ્છી ભાષા દિન' તરીકે ઉજવવા નમ્ર સૂચન છે. જેમ કચ્છ માટે કહેવાય છે, 'ભૂકંપ પહેલાનું કચ્છ અને ભૂકંપ પછીનું કચ્છ' એમ કારાણી ભાષા માટે કહેવું જ પડે : 'કારાણીજી પહેલાની અને કારાણીજી પછીની ભાષા સમૃદ્ધિ.'

- **કારાણી - મેઘાણી**

પહેલાં 'મેઘાણી'જી જનમ્યા. માટે દુલેરાય કારાણીજીને કચ્છના 'મેઘાણી'નું બિરૂદ મળ્યું. પણ જો દુલેરાય કારાણી એમનાથી પહેલા જનમ્યા હોય તો કદાચ મેઘાણીજીને 'સૌરાષ્ટ્રના કારાણી'નું બિરૂદ મળ્યું હોત!

કારાણીજીને ઝનૂનપૂર્વક યાદ કરતાં, કચ્છી 'બાબાણી' બોલીની અસલી તાકાત એમની રચનાઓ થકી કારાણીજીએ સુપેરે દર્શાવી છે. બળુકો 'કચ્છી ભાષા'નું આ છે 'શક્તિ પ્રદર્શન.'

*રુક જેડી નક્કર, સક્કર જેડી શીરી વારી,*
*અક્કડ અનોખી અતિ-ગતિ રામ બાણજી*
*કુછેમેં કડક કચ્છી પાણી જે કડાકે વારી,*
*વિજ જે વરાકે વારી, જોય જિન્ધજાનજી.*
*તાજી ઘોડો છૂટે, તૂટે તોપ જો ગલોલો તેડી,*
*'કારાણી' ચેં, ચોટ કચ્છી વાણીજી કમાનજી!*

"મુંજી માતૃભૂમિ કે નમન" કચ્છનું 'રાષ્ટ્રગીત' ગણાય છે. તો આ રચનાને કચ્છનું 'વંદે માતરમ' કહી શકાય! ■

## લઘુકથા : વાત્સલ્ય

આમ તો ઈન્દુબેન રોજ એ રસ્તેથી પસાર થતા અને દૂરથી દૃષ્ટિ એ બાજુ પડતી અને ઘણું ઘણું યાદ આવતું. એ ગેટની અંદર સરકારી ક્વાર્ટરના સોએક મકાન હતા. એમના પતિને અહીં રહેવા માટે મકાન મળેલ. ત્યાં ખૂબ સારા પાડોશીઓ હતા. મકાનમાં સારી સગવડ હતી. વચ્ચેના મેદાનમાં બાળકો માટે હીંચકા - લપસણી, મોટાને બેસવા માટે બાંકડા, નાનો બગીચો હતો. જ્યાં બધા બાળકો સાંજે રમતા. બધી યાદો અકબંધ હતી. એક મકાન દેખાયું, જેમાં એ રહેતા હતા. તેની બારી પાસે જ ઘટાદાર લીમડાનું ઝાડ દેખાયું. અત્યારના એ ઘેઘુર ઘટાદાર લીમડાના વૃક્ષને સાવ નાનકડા છોડરૂપે એમણે જ જમીનમાં રોપેલ... એમના ઘરની બારીમાંથી રોજ રોજ એ છોડને વધતો જોતાં. નિયમિત પાણી પાતાં ને ધીમે ધીમે ઉછરતા બાળવૃક્ષ તરફ એમને જાણે-અજાણે પોતાનાં બાળક જેવો સ્નેહ ઉભરાતો. એમના પોતાનાં સંતાનો તો મોટાં થઈ ગયા હતા, પણ આ લીમડાની લહેરાતી ઝુમતી ડાળીઓમાં બાળકની આનંદભરી રમતો - કિલ્લોલ દેખાતા. ઘરમાં એકલા હોય, પતિ અને બાળકો એમના રૂટીનમાં હોય, ઓફિસ - નિશાળે ગયા હોય ત્યારે લીમડો એમને આત્મીય સ્વજન જેવો લાગતો. જાણે તેમની સાથે કાલીઘેલી વાતો કરતો. પછી તો બાળકો મોટા થઈ આગળ અભ્યાસ માટે બહારગામ ગયા. ને નોકરી પણ બહાર મળતા બીજા શહેરમાં સ્થાયી થયા. ને એમના પતિનો નિવૃત્તિનો સમય થવાથી સરકારી ક્વાર્ટર છોડી પોતાના ઘરમાં શીફ્ટ થવાનો સમય પણ આવી ગયો. પણ આ મકાન, ત્યાંના પાડોશી અને સ્વજન સમો લીમડો એનું એક અમીટ - અજોડ સ્થાન એમના હૃદયમાં હતું અને આજે એ નાનકડો લીમડો જેના પર એ પુત્રવત વાત્સલ્ય વરસાવતાં, એ મોટું ઘટાદાર ઝાડ બની ઘેઘુર વૃક્ષરૂપી વડીલ જેવી શીળી છત્રછાયા આપી જાણે અનેક પર પોતાના વાત્સલ્યની વર્ષા કરી રહ્યો હતો... એ જોઈ ઈન્દુબેનનું હૃદય ભાવવિભોર બન્યું. એમના દિલમાંથી જાણે શબ્દો સરી પડ્યા, થેન્કયુ લીમડા દાદા... એ લીમડાના વૃક્ષે પુત્રને બદલે હવે વડીલનું માનભર્યું સ્થાન જાણે-અજાણે લઈ લીધું હતું.... ને સ્નેહ-વાત્સલ્યની અમીવર્ષા દૂરથી કરી રહ્યું હતું.

*– શ્રીમતી નિહારીકા અંજારીયા*

## લઘુકથા : હક!

તે બંને ટ્રેનના ડેઈલી અપડાઉન કરતાં પેસેન્જર હતા. એક પાનના ગલ્લાવાળો અને બીજો કર્મચારી. સંજોગવશાત આજે બંને ટ્રેનના એક જ ડબ્બામાં સામસામે બેઠા હતા. એકે સિગારેટ સળગાવી કે તુરંત જ બીજાએ તેને ટોક્યો, 'ભાઈસાબ! આને બુઝાવી દો, પ્લીઝ!'

કર્મચારીના હોઠ પર કટુ મુસ્કાન દોડી આવી. તે ધુમાડાનો કશ છોડતાં વ્યંગપૂર્વક બોલ્યો, 'વાહ સાહેબ, વાહ! તમે પોતે આને વેચો છો અને પોતે જ ઉપદેશ આપતા ફરો છો. હમણાં થોડીવાર પહેલા જ તો મેં તમારી પાસેથી આ પેકેટ ખરીદ્યું. અને...'

'તો શું થયું? પાનની દુકાન પર સિગારેટ વેચવી એ મારો ધંધો છે અને અહીં તમને તે પીવાની મનાઈ કરવી એ મારો હક છે...' પાનના ગલ્લાવાળાનો જવાબ સાંભળતા જ સિગારેટની સાથે જ કર્મચારીના ચહેરાની આભા પણ બુઝાઈ ચૂકી હતી.

*– નજમા ગોલીબાર*

## આવી વસંત રીમઝીમ

ખેતર ભરી ચાંચમાં, ઉડે પંખીગણ આકાશ
કાંટે ફૂટ્યા લાલ ગુલાબ, થોરે બેઠાં ફૂલ.

રૂમઝુમ પગલે મદમાતી આવી, ઋતુ રસવંતી વસંત,
કળી કળી કુસુમે ઉઘડે, નવોઢાને ઉર અરમાન.

મોર, બપૈયા, કોયલ, કલ્લોલે કલરવ ગાન,
જલ - થલ - અંબર પ્રીતે ન્હાય, પાન પાન ભીંજાય.

શેઢા સળવળ્યા, ફોરી માટી, ટહુકા મંજરીએ લ્હેરાય,
રૂપેરી તડકે ના'તી, પ્રમદાસી લીલુડી સીમ,

આગમને રૂડા વસંતના, પાલખી ઉઠાવે પ્રેમ
લ્હેરાતે લ્હેરાતે આવી, 'બેપરવા' પાલવ મસ્ત હવામાં.

*શ્રીમતી જ્યોતિ દેવચંદ ગાલા - મલાડ (વેસ્ટ), મુંબઈ*

***With Best Compliments From....***

**V. R. GOPANI**

1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahladnagar, Ahmedabad-380 015. **Mobile : 94263 03628**

*સખત જરૂર હોવા છતાં સતત દુર્વ્યય થઈ રહ્યો હોય એવી ચીજ એટલે સમય.*

# વૃદ્ધત્વ પગથી ઉપર તરફ શરૂ થાય છે!

★ તમારા પગ સક્રિય અને મજબૂત રાખો.

★ જેમ આપણે વર્ષોથી જીવીએ છીએ તેમ તેમ દૈનિક ધોરણે વૃદ્ધ થતા જઈએ છીએ. પણ આપણા પગ હંમેશાં સક્રિય અને મજબૂત રહેવા જોઈએ.

★ જેમ જેમ આપણે સતત વૃદ્ધ થઈએ છીએ / વૃદ્ધત્વ મેળવી રહ્યા છીએ, આપણે આપણા વાળને ભૂરા / સફેદ થતાં (અથવા) ચામડીને કરમાતા (અથવા) ચહેરા પરની કરચલીઓથી ડરવું જોઈએ નહીં.

★ યુ.એસ.ના લોકપ્રિય મેગેઝીન ''પ્રિવેન્શન''ના સારાંશ મુજબ લાંબા આયુષ્યના ચિહ્નો, લાંબા પગલાના જીવનની વચ્ચે (ચાલતા રહેવામા) અને પગના મજબૂત સ્નાયુઓ ટોચ પર હોય છે. જે એક રીતે સૌથી મહત્ત્વપૂર્ણ અને આવશ્યક છે. કૃપા કરીને દરરોજ ચાલો.

★ જો તમે તમારા પગને માત્ર બે અઠવાડિયા સુધી ખસેડો નહીં / ચાલો નહીં, તો તમારી વાસ્તવિક પગની તાકાત ૧૦ વર્ષ સુધીની ઘટી જશે. બસ ચાલો.

★ ડેન્માર્કની કોપનહેગન યુનિવર્સિટીના એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વૃદ્ધ અને યુવાન બંને માટે નિષ્ક્રિયતાના બે અઠવાડિયામાં જ, પગના સ્નાયુઓની મજબૂતાઈ તેના ત્રીજા ભાગ જેટલી નબળી પડી શકે છે, જે વૃદ્ધત્વના ૨૦-૩૦ વર્ષની સમકક્ષ છે! તો માત્ર ચાલો...

★ જેમ જેમ આપણા પગના સ્નાયુઓ નબળા પડતા જાય છે તેમ તેમ આપણે પુનર્વસન અને કસરતો કરીએ તો પણ, પુનઃ રીકવર થવામાં ઘણો સમય લાગે છે. માટે જ ચાલો.

★ તેથી જ ચાલવા જેવી નિયમિત કસરત ખૂબ જ મહત્ત્વની છે. આખા શરીરનું વજન / ભાર પગ ઉપર રહે છે. પગ એક પ્રકારનો આધારસ્તંભ છે, જે માનવ શરીરનું સંપૂર્ણ વજન સહન કરે છે. દરરોજ ચાલો.

★ રસપ્રદ વાત એ છે કે, વ્યક્તિના ૫૦% હાડકાં અને ૫૦% સ્નાયુઓ, બે પગમાં હોય છે. માટે ચાલવું જ જોઈએ.

★ માનવ શરીરના સૌથી મોટા અને મજબૂત સાંધા અને હાડકાં પણ પગમાં હોય છે. ૧૦,૦૦૦ પગલા દરરોજ ચાલો.

★ મજબૂત હાડકાં, મજબૂત સ્નાયુઓ અને લચક આપતા સાંધા – એ 'લોખંડી ત્રિકોણ' બનાવે છે, જે સૌથી મહત્ત્વપૂર્ણ ભાર એટલે કે માનવ શરીરનું વહન કરે છે.

★ વ્યક્તિના જીવનમાં ૭૦% પ્રવૃત્તિ અને ઊર્જાનો વપરાશ બે પગ દ્વારા કરવામાં આવે છે.

### *શું તમે આ જાણો છો?*

★ જ્યારે કોઈ વ્યક્તિ યુવાન હોય છે, ત્યારે તેની જાંઘમાં ૮૦૦ કિલો વજનની નાની કાર ઉપાડવા માટેની પૂરતી તાકાત હોય છે. પગ શરીરના હલનચલનનું કેન્દ્ર છે.

★ બંને પગમાં સાથે મળીને માનવ શરીરની ૫૦% ચેતાઓ, ૫૦% રક્તવાહિનીઓ અને તેમાંથી ૫૦% લોહી વહે છે. તે સૌથી મોટું રૂધિરાભિસરણ નેટવર્ક છે જે શરીરની સાથે જોડે છે. તો દરરોજ ચાલો.

★ ફક્ત જ્યારે પગ તંદુરસ્ત હોય ત્યારે લોહીનો પ્રવાહ સરળ રીતે વહે છે. તેથી પગના સ્નાયુઓ મજબૂત હોય તેવા લોકો ચોક્કસપણે મજબૂત હૃદય ધરાવે છે. માટે જ ચાલો.

★ વૃદ્ધત્વ પગથી ઉપર તરફ શરૂ થાય છે. માટે ચાલો.

★ વધુમાં, કહેવાતું હાડકાનું ખાતર (કેલ્શિયમ) મોડા વહેલા સમયની સાથે ખવાઈ જાય છે. જેથી વૃદ્ધોને હાડકાંના ફ્રેક્ચર થવાની સંભાવના વધારે રહે છે. ઉપાય – ચાલવાનું રાખો.

★ વૃદ્ધોમાં હાડકાના ફ્રેક્ચર સામાન્ય રીતે ઘણી ગૂંચવણો ઊભી કરે છે. ખાસ કરીને, મગજના થ્રોમ્બોસિસ જેવા જીવલેણ રોગો પણ. શું તમે જાણો છો, સામાન્ય રીતે જાંઘ - હાડકાંના ફ્રેક્ચરવાળા ૧૫% જેટલા વૃદ્ધ દર્દીઓ વધુમાં વધુ એક વર્ષની અંદર જ મૃત્યુ પામે છે. ભૂલ્યા વગર દરરોજ ચાલો.

★ પગની કસરત માટે તો ક્યારેય મોડું થતું નથી. ૬૦ વર્ષની ઉંમર પછી પણ કસરત (ચાલવાની) શરૂ કરી શકાય છે.

★ ભલે સમયની સાથે આપણા પગ ધીમે ધીમે વૃદ્ધ થશે પરંતુ આપણા પગની કસરત કરવી એ જીવનભરનું કાર્ય છે. ૧૦,૦૦૦ પગલા દરરોજ ચાલો.

★ ફક્ત પગને નિયમિત રીતે મજબૂત કરીને, વ્યક્તિ વૃદ્ધત્વને વધતું અટકાવી અથવા ઘટાડી શકે છે. ૩૬૫ દિવસ ચાલો.

★ કૃપા કરીને તમારા પગને પૂરતી કસરત મળે અને તમારા પગના સ્નાયુઓ તંદુરસ્ત રહે તે માટે દરરોજ ઓછામાં ઓછું ૩૦-૪૦ મિનિટ ચાલો.

***તમારે આ મહત્વની માહિતી તમારા ૪૦+ ઉંમરના મિત્રો અને પરિવારના સભ્યો સાથે શૅર કરવી જોઈએ કારણકે દરેક વ્યક્તિ દૈનિક ધોરણે વૃદ્ધ થાય છે.***

*ખિસ્સાનો ખાલીપો એ દુઃખદ હોય છે એ વાત સાચી, પરંતુ અંતરનો ખાલીપો તેનાથી પણ વધુ દુઃખદ હોય છે.*

# વિજ્ઞાન જગત / માહિતી જગત

● સંકલન : રસીકલાલ ખીમજી મહેતા ●

## ભારતનું સૌથી પુરાતન શહેર : મહાબલીપુરમ

તામિલનાડુનું મહાબલીપુરમ બે હજાર વર્ષ જૂનું પુરાતન શહેર છે. સાતમી સદીમાં તે એશિયાનું સૌથી સમૃદ્ધ બંદર હતું. આ પુરાતન શહેર સંખ્યાબંધ મંદિરો અને પ્રાચીન શિલ્પ સ્થાપત્ય માટે વિશ્વ પ્રસિદ્ધ છે. પુરાતત્ત્વવિદો અને અભ્યાસુઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. વૈદિકકાળથી પ્રસિદ્ધ આ શિલ્પ સ્થાપત્યોનો સમૂહ વિશ્વ વારસામાં સ્થાન પામ્યો છે.

મહાબલીપુરમમાં મંદિરો, શિલ્પો પહાડના ખડકોમાં કોતરાયેલા છે. ભવ્ય કોતરણીવાળા સ્થંભો સહિતના ગુફા મંદિરો જોવાલાયક છે. વિષ્ણુ મંદિર, પાંડવના પાંચ રથ, ગંગા અવતરણ અને ખડક વગેરે જોવાલાયક છે. કુદરતી અજાયબી ગણાતો બેલેન્સિંગ રોક જાણીતો છે. ૨૦ ફૂટ ઊંચો, ૫ મીટર પહોળો અને ૨૫૦ ટન વજનનો જંગી ખડક એક નાના ખડક ઉપર સમતોલ રહીને ટક્યો છે. હમણાં જ ગબડી પડશે તેવી સ્થિતિમાં વર્ષો સુધી ટકી રહેલો આ ખડક એક ઇંચ પણ હલ્યો નથી. સ્થાનિક લોકો તેને કૃષ્ણના માખણનો ગોળો કહે છે.

પ્રાચીન દ્રવિડિયન શૈલીનું મહાબલીપુરમ જોવા માટે સહેલાણીઓને સમય ઓછો પડે છે. આધુનિક મહાબલીપુરમ અંગ્રેજોએ ૧૮૨૭માં વસાવેલું. તેની આસપાસ પણ ભવ્ય જોવાલાયક સ્થળો આવેલા છે.

## વિશ્વપ્રસિદ્ધ ડિઝનીલેન્ડનું અવનવું

★ વોલ્ટ અને રોય ડિઝની નામના બે ભાઈઓએ ૧૯૨૩માં વોલ્ટ ડિઝની કાર્ટુન સ્ટુડિયોની સ્થાપના કરેલી.

★ મિકી માઉસનું પહેલું નામ મોર્ટીમર માઉસ હતું. પાછળથી બદલીને મિકી બન્યું.

★ મિકી માઉસની પ્રથમ કાર્ટુન ફિલ્મ ઇ.સ. ૧૯૨૮માં ન્યુયોર્કમાં રજૂ થયેલી.

★ ફ્લોરીડામાં આવેલો વોલ્ટ ડિઝની વર્લ્ડ રીસોર્ટ લગભગ ૬૦ ચોરસ કિ.મી. વિસ્તાર રોકે છે.

★ અમેરિકાની બહાર જાપાનામાં ટોકિયો ડિઝનીલેન્ડની સ્થાપના ૧૯૮૩માં થઈ હતી.

★ નવાઇ લાગે પરંતુ ડિઝનીલેન્ડમાં આવતા સહેલાણીઓ વર્ષે ૬૦૦૦ મોબાઈલ ફોન, ૩૫૦૦ ડિજિટલ કેમેરા અને ૧૮૦૦૦ ટોપીઓ ડિઝનીલેન્ડમાં જ ભૂલી જાય છે.

★ મિકી માઉસના કૂતરા 'પ્લુટો'નું નામ પ્લુટો ગ્રહ ઉપરથી પડેલું.

★ દર વર્ષે લગભગ દોઢ કરોડ સહેલાણીઓ ડિઝનીલેન્ડની મુલાકાત લે છે.

## ખોરાકમાં મીઠાની જરૂર

મીઠાઈ સિવાયની દરેક વાનગીમાં મીઠું નાખવામાં આવે છે. મીઠા વિનાના દાળ-શાક બેસ્વાદ લાગે. આપણે સ્વાદ માટે મીઠાનો ઉપયોગ કરીએ છીએ પરંતુ આપણા શરીરને મીઠાની જરૂર પણ છે.

મીઠું એક સામાન્ય ક્ષાર છે. તેનું રાસાયણિક નામ સોડિયમ ક્લોરાઇડ છે. સોડિયમ અને ક્લોરાઈડ ધાતુઓ છે. મગજના જ્ઞાનતંતુઓનું સંદેશાવહન વીજ પ્રવાહથી થાય છે. એટલે શરીરને ધાતુરૂપી ક્ષારની જરૂર પડે છે. આપણા શરીરમાં ૦.૨૮ ટકા મીઠું હોય છે. માણસ ઉત્પત્તિકાળથી જ ખોરાકમાં ક્ષારોનો ઉપયોગ કરે છે.

## લાલ ગ્રહ મંગળનું અવનવું

જોહાન હેનરિયા મેડલર નામના ખગોળશાસ્ત્રીએ ઇ.સ. ૧૮૪૦માં મંગળનો દસ વર્ષ અભ્યાસ કરીને તેનો નકશો બનાવ્યો હતો. ત્યારબાદ મંગળ પર સૌથી વધુ સંશોધનો થયા છે.

★ પૃથ્વી પરથી નરી આંખે દેખાતા ગ્રહોમાં મંગળ પણ છે. મંગળ પર વસતિ છે તે જાણીને નવાઈ લાગે પણ તે વસતિ રોબોટની છે. નાસા અને અન્ય અવકાશ સંસ્થાના સાત રોબોટ મંગળ ઉપર ફરી રહ્યા છે.

★ પૃથ્વીના ૬૮૭ દિવસ એટલે મંગળનું એક વર્ષ. મંગળ ઉપર સૂર્યાસ્ત વખતે આકાશ ભૂરૂં દેખાય છે. સૂર્યમાળાનો સૌથી ઊંચો ૨૨ કિ.મી. ઊંચો પર્વત મંગળ પર છે.

★ મંગળ પર આયર્ન ઓક્સાઇડ (લોખંડનો કાટ)ના રજકણો હોવાથી તે લાલ દેખાય છે.

★ મંગળ પૃથ્વી કરતાં અડધા કદનો છે. પૃથ્વી પર ૧૦૦ કિલો વજનના માણસનું મંગળ ગ્રહ પર ૪૦ કિલો વજન થાય.

★ મંગળની સપાટી પર સરેરાશ માઇનસ ૬૩ ડિગ્રી તાપમાન રહે છે. મંગળ એસ્ટીરોઇડ બેલ્ટની નજીક આવેલો હોવાથી ખૂબ જ ઉલ્કાપાત થાય છે. તેની સપાટી પર ઠેરઠેર ઉલ્કાથી પડેલા ખાડા છે.

★ મંગળ ઉપર ચાર અબજ વર્ષ પહેલાં ઓક્સિજન વાયુ હતો તેમ વિજ્ઞાનીઓ માને છે અને એટલે જ તેનો સૌથી વધુ અભ્યાસ કરે છે. ■

# માતૃભૂમિ કચ્છના સમાચાર

• સંપાદન : ચૌલા કુરુવા •

## દાડમની ખેતીમાં કચ્છ જિલ્લો અગ્રેસર બન્યો. ઉત્પાદન અને પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતો ખુશખુશાલ

સમગ્ર ગુજરાતમાં હવે દાડમના ઉત્પાદનમાં કચ્છનો હિસ્સો અગ્રતાક્રમે નોંધાઈ રહ્યો છે. ત્યારે કચ્છમાં નખત્રાણા તાલુકો દાડમનું વિશેષ ઉત્પાદન ધરાવે છે. દાડમના મબલખ પાક અને સારી આવકના કારણે દાડમની ખેતી ખેડૂતો માટે ફાયદાકારક સાબિત થઈ રહી છે. સ્થાનિક સાથે રાજ્ય અને દેશ વિદેશમાં પણ કચ્છના દાડમની માંગ ખેડૂતોને સારા ભાવ અપાવતા રહે છે. વાગડના ચોબારીથી પશ્ચિમના વિસ્તારોમાં દાડમની ઉપજથી આવકમાં ફાયદો થતાં છેલ્લા દાયકામાં વાવેતર સાથે ઉપજમાં પણ વધારો થઈ રહ્યો હોવાનું સામે આવ્યું છે.

કચ્છ જિલ્લા નાયબ બાગાયત નિયામક એમ. એસ. પરસાણીયાએ આ વિશે જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાત રાજ્યમાં દાડમનો સૌથી વધુ પાક કચ્છમાં લેવામાં આવે છે. જ્યારે બીજા ક્રમે બનાસકાંઠા છે. વર્ષ ૨૦૨૨ના આંકડા મુજબ કચ્છમાં કુલ ૧૯,૩૦૦ હેક્ટરમાં દાડમનો પાક લેવામાં આવ્યો હતો. જેમાં એકલા નખત્રાણા તાલુકામાં ૫,૦૫૦ હેક્ટર વિસ્તારમાં દાડમનો પાક લેવામાં આવ્યો. જે સમગ્ર જિલ્લામાં અગ્ર હરોળે છે. સૌથી ઓછો પાક લખપત તાલુકામાં લેવાય છે.

વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે, આગામી સમયમાં દાડમનું ભવિષ્ય ખૂબ સારું છે અને તેમાં ઉજળા સંજોગો પણ જોવા મળી રહ્યા છે. ખેડૂત મિત્રોએ વિવિધ કૃષિ યુનિવર્સિટી અને નેશનલ રીસર્ચ સેન્ટર - મહારાષ્ટ્ર મધ્યેથી તાલીમ અને માર્ગદર્શન મેળવી, ખેતીમાં વૈજ્ઞાનિક રીતે કામ કરે તો વધુ ફાયદો થઈ શકે છે. હાલમાં દાડમમાં કોઈ પણ રોગ જણાતો નથી. કિસાન ભાઈઓનો સખત પરિશ્રમ અને અથાગ મહેનતના ફળ સ્વરૂપ લાખો રૂપિયાની આવક રળી આપતા દાડમ છેક અમદાવાદ, દિલ્હી અને આરબના દેશો સુધી પહોંચે છે.

સરેરાશ અઢીસો ગ્રામ જેટલું વજન ધરાવતા દાડમ, એક્સપોર્ટ ક્વોલિટી માટે આદર્શ ગણાય છે. છેલ્લા ત્રણ વર્ષથી દુબઇ સહિતના આરબ દેશોમાં દાડમની નિકાસ કરવામાં આવે છે. અલબત્ત અપવાદરૂપ જે વિસ્તારમાં દાડમનો ફાલ ઓછો ઉતરે છે, તે વિસ્તારમાં ખેડૂતે પોતાની વાડીમાંથી દાડમના છોડ ઉખેડી નાખ્યા હોવાનું પણ જાણવા મળ્યું હતું.

## અનોખા સમૂહ લગ્નો : અંજારમાં કિન્નર સમાજ દ્વારા આયોજિત સમૂહ લગ્નમાં કોમી એકતા સાથે ૨૫ નવદંપતી લગ્નના બંધને જોડાયા

ઐતિહાસિક શહેર અંજાર આજે ફરી એક વખત ઐતિહાસિક ઘટનાનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. અહીં કિન્નર સમાજના આર્થિક સહયોગથી કોમી એકતા સાથે ૨૫ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કચ્છમાંથી સામેલ થયેલા પરિવારના ૨૫ યુગલોમાં ૨૦ના નિકાહ કરાવાશે તો ૫ દંપતી લગ્નના બંધને જોડાશે. શહેરના ટાઉનહોલના વિશાળ મેદાનમાં ચાલી રહેલા લગ્ન માહોલમાં કચ્છની કોમી એકતાના દર્શન થતા જોવા મળી રહ્યા છે.

અંજાર ખાતે આવેલા કિન્નર મઠના જયશ્રીદે પ્રેમીલાદે નાયકના સંપૂર્ણ આર્થિક સહયોગ વડે શહેરમાં સમૂહ લગ્નનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. અહીંના ટાઉનહોલ ખાતેના મેદાનમાં ચાલી રહેલા લગ્ન સમારંભમાં એક સ્થળે સર્વે જ્ઞાતિજનોની ઉપસ્થિતિ જોવા મળી રહી છે. સવારે લગ્ન ગીત અને રસમ સાથે વર કન્યા અને દુલ્હા દુલ્હન સાથે પરિજનો આનંદભાવ સાથે ઉજવણીમાં સામેલ થયા હતા. ત્યારબાદ શુભ મુહુર્તે હિંદુ શાસ્ત્રોક્ત વિધિ સાથે લગ્ન સાથે મુસ્લિમ રીતિ મુજબ નિકાહ પઢાવવાની રસમ અદા કરવામાં આવી હતી.

*(રવિવાર, તા. ૫-૨-૨૦૨૩)*

## જિલ્લા કક્ષાએ સન્માન : ગાંધીધામના ૨૨ વર્ષીય યુવાને ૨૨થી વધુ માનવ જિંદગી બચાવી

**સરકારે તેને ગુડ સમરીટન એવોર્ડ એનાયત કરી જિલ્લા કક્ષાએ સન્માન કર્યું. કોરોનાકાળમાં ૮૦થી વધુ મૃતકોને અગ્નિદાહ આપીને માનવતા દીપાવી હતી**

આ યુવાન ખરા અર્થમાં અકસ્માતગ્રસ્તો માટે મસીહાનું કામ કરી રહ્યો છે. પોતાનો કિંમતી સમય કે રોજીરોટીની પરવા કર્યા વિના માત્ર ને માત્ર માનવતાને પ્રાધાન્ય આપતા ગાંધીધામના ૨૨ વર્ષીય યુવાન મુકેશ ગઢવીએ અત્યાર સુધી ૨૨થી વધુ માનવીય જિંદગીને યમરાજના હાથમાંથી આબાદ બચાવી લીધી છે તેમ કહેવું

*આવક વધતી ના હોય ત્યારે સ્વસ્થતા ટકાવી રાખવા ખર્ચ ઘટાડતા રહેવું.*

જરાપણ ખોટું નથી.

પંચરંગી શહેર ગાંધીધામની એક ગેરેજમાં કામ કરીને રોજનું પેટીયું રળતો મુકેશ પોતાના પરિવારના પાલનપોષણની જવાબદારી નિભાવવાની સાથે અકસ્માતમાં ઘાયલ થતાં લોકો માટે માનવતાની મિશાલ કાયમ કરી રહ્યો છે. મધ્યમવર્ગીય પરિવારનો આ યુવાન કોઈ સવલતો કે નાણાં ન હોવા છતાં પણ ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવાનું કામ ચૂપચાપ કરી રહ્યો છે.

સામાજિક સંસ્થાની એમ્બ્યુલન્સને મદદમાં લઈને કામગીરી કરી છે. અત્યાર સુધી ૨૨થી વધુ માનવ જિંદગીને સમયસર હોસ્પિટલ પહોંચાડીને યમરાજના હાથમાંથી પાછી લાવી છે. ગઢવીની કામગીરીની નોંધ સરકારે લઈને તાજેતરમાં તેને 'ગુડ સમરીટન એવોર્ડ' એનાયત કરીને જિલ્લા કક્ષાએ સન્માન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, કોરોનાકાળમાં મહેશે રાત-દિવસ સેવાકાર્યો કરીને ૮૦થી વધુ કોરોનાગ્રસ્ત મૃતકોને અગ્નિદાહ આપ્યા હતા.

*(સોમવાર, તા. ૬-૨-૨૦૨૩)*

## જી-૨૦ સમિટ : દેશ અને દુનિયાના ૧૦૦ ડેલીગેટ્સ ધોરડો, ધોળાવીરા અને સ્મૃતિવનના મહેમાન બનશે

જી-૨૦ સમિટને આડે હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. કેન્દ્રીય પર્યટન સચિવ અરવિંદસિંહે એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ૭, ૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર મુખ્ય કાર્યક્રમમાં ભારત અને વિદેશના મળી લગભગ ૭૫થી ૧૦૦ પ્રતિનિધિઓ ભાગ લેશે. દેશમાં ૫૫ સ્થળોએ ૨૦૦થી વધુ બેઠકો યોજાશે અને આ વર્ષે એક લાખથી વધુ વિદેશી પ્રતિનિધિઓ ભારતની મુલાકાત લેશે. પ્રવાસનના દૃષ્ટિકોણથી ધોરડો સહિત સમગ્ર ભારતમાં ઘણી બધી ઈવેન્ટ્સ યોજાશે.

જી-૨૦ના ડેલિગેટ્સ ગુરુવાર તા. ૯-૨-૨૦૨૩ના સવારે યુનેસ્કો દ્વારા જાહેર વર્લ્ડ હેરીટેજ સાઈટ ધોળાવીરા ખાતે પહોંચશે. જ્યાં તેઓ સાઈટને નિહાળવા સાથે વિશ્વ વિરાસતના ઈતિહાસથી વાકેફ થશે. વિદેશી મહેમાનો ધોરડોથી બાય રોડ જવાના હોવાથી અહીં નવો રસ્તો પણ બનાવવામાં આવ્યો છે. ખાસ મહત્ત્વની વાત એ છે કે, ધોળાવીરામાં તેઓ લંચ લેવાના છે. એટલે ડોમ પણ ઊભો કરવામાં આવ્યો છે.

સફેદ રણમાં પ્રવાસીઓને આવવું કે નહીં તે સ્પષ્ટ નથી. જી-૨૦ સમીટ ૭ થી ૯ ફેબ્રુઆરી દરમિયાન...

ધોરડોમાં આવેલા વોચ ટાવરમાં હવે લાઈટ એન્ડ સાઉન્ડ શો ઊભો કરવામાં આવ્યો છે. જુદા જુદા ૨૦ જેટલા સરકારી વિભાગો ખડેપગે રહેશે.

*(સોમવાર, તા. ૦૬-૦૨-૨૦૨૩)*

## 'શાર્ક ટેંક ઇન્ડિયા'માં ભરતકામથી ચમકેલા ઉદ્યોગ સાહસિક કચ્છી મહિલાનો દબદબો

અમેરિકામાં લોકપ્રિય નીવડેલા શો પરથી ભારતમાં સોની ટીવી પર ચાલી રહેલા 'શાર્ક ટેંક ઇન્ડિયા'માં ટી.વી. શો માં સ્ટાર્ટ અપના વિવિધ આઈડિયાઓ સાથે ઉદ્યોગ સાહસિકો ઇન્વેસ્ટર્સ સમક્ષ પોતાની યોજના મૂકે છે અને આર્થિક ટેકો મેળવી પોતાના ક્ષેત્રમાં આગળ વધવા ગતિ કરે છે. રબારી ભરતથી શોભતી બેગ સાથે પ્રસિદ્ધ થયેલા કચ્છના પબીબેન રબારી કારીગર ક્લિનિકના નીલેશ પ્રિયદર્શી સાથે આ શોમાં પહોંચ્યા અને ફાર્મા ક્ષેત્રમાં રોકાણકાર મહિલા નમિતા થાપરે તેમની બ્રાન્ડ પાછળ રૂા. ૫૦ લાખના રોકાણની જાહેરાત કરી હતી.

દેશભરમાંથી અંદાજે પાંચેક લાખ નાના-મોટા ધંધાર્થીઓએ પોતાના ધંધાકીય ક્ષેત્રમાં વધુ આર્થિક તાકાત ઉમેરી 'બ્રાન્ડ' ઉપસાવવા માટે આ ટી.વી. શો માં સામેલ થવા એન્ટ્રી મૂકી હતી. જેમાં પાંચ રાઉન્ડ બાદ અમદાવાદ સ્થિત નીલેશ પ્રિયદર્શી અને કચ્છના પાબીબેન ડોટ કોમવાળા રબારી માનુની પાબીબેન રબારી અંતિમ ૬૦માં પસંદ થયા અને નમિતા થાપર પાસેથી ૫૦ લાખનું રોકાણ મેળવવામાં સફળ થયા. પાબીબેન રબારી અને નીલેશ પ્રિયદર્શીના જણાવ્યાનુસાર, 'કારીગર ક્લિનિક' વિવિધ હસ્તકળાના કારીગરોના ઉત્થાન - ઉત્કર્ષ માટે રીતસર એક ઔષધાલય તરીકે જ કાર્યરત છે.

ધંધો કેમ હાલતો નથી? તેવી ફરિયાદ ક્લિનિકમાં આવે એટલે બિઝનેસ હેલ્થ મેકઅપ, બિઝનેસ થેરાપી, ડિઝાઈન થેરાપી, બ્રાન્ડ થેરાપી, માર્કેટ થેરાપી અપાય અને માર્કેટમાં ધંધાદારી પગ ખોડીને ઊભો રહે તેવી સ્થિતિએ પહોંચાડાય.

'કારીગર ક્લિનિક' એ પાબીબેન રબારીની જેમ રાજીબેન, જબ્બાર અને મુબીન, ધારા આહીર તથા જ્યોત્સનાબેન નામના કારીગરના નામે પણ બ્રાન્ડ ઉભી કરી આપી છે અને નમિતા થાપર દ્વારા મળેલા ૫૦ લાખમાંથી હવે તેઓ ૨૫ બ્રાન્ડ ઊભી કરવા પ્રયત્નશીલ છે. નાની કળાને મોટું બજાર મળે, કારીગરોનું શોષણ અટકે એ સિદ્ધાંત પર તેઓ કામ કરે છે.

*(સોમવાર, તા. ૦૬-૦૨-૨૦૨૩)*

*દરેક વસ્તુની કિંમત સમય આવે ત્યારે જ થાય છે.*

## નધણિયાતું નાનું રણ બળુકાઓના બાવડે ૧૦૦ના સ્ટેમ્પ પેપર પર વેચાઈ રહ્યું છે

### કચ્છને જામનગર સાથે જોડતા સાગરમાલા પ્રોજેક્ટને દબાણનું ગ્રહણ લાગ્યું

કચ્છનું નાનું રણ એ આરક્ષિત ઘુડખર અભયારણ્ય હોવા છતાં આ ખારાપટમાં વર્ષ ૨૦૧૨થી મીઠાના પ્લોટના નામે શરૂ થયેલી વેચસાટમાં હવે નધણિયાતું બનેલું કચ્છનું આ રક્ષિત રણ બળુકાઓના બાવડે રૂા. ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર વેચાઈ રહ્યું છે. એક જ નમકનું ખેતર બે વાર વેચાઈ રહ્યું છે. તેના કારણે જ મબલખ કમાણી જોઈ ગયેલા માથાભારે ઈસમો રાખી ગેંગવોર ચાલુ થઈ ગઈ છે.

વાહનો દ્વારા ૧૦થી ૧૫ ફૂટ ઊંચા પાળા બાંધી નાખવામાં આવેલા છે. તો હાલમાં જ થયેલા ગેંગવોર બાદ વન વિભાગે સપાટો બોલાવી આ અભયારણ્યમાં મીઠાના ધંધાર્થીઓ દ્વારા લગાડવામાં આવેલી ૩૨૦ સોલાર પ્લેટો કબજે કરાઈ છે. જે બતાવે છે કે મીઠાના ધંધાર્થીઓ સજ્જ થઈને રક્ષિત રણને ખોદી રહ્યા છે.

રણમાં ઠેક ઠેકાણે પાણીની પાઈપ લાઈનો બિછાવાઈ છે. જો પોલીસ અને વન વિભાગ કડક કાર્યવાહી કરે તો આસપાસના ગામોમાં શાંતિ રહે તેમ જણાવી કાનમેરના સરપંચ રામજીભાઈ રાણાભાઈ રાજપુતે જણાવ્યું હતું કે આ બાબતે અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. પરંતુ કોઈ ફરક પડતો નથી.

*(ગુરૂવાર, તા. ૧૬-૨-૨૦૨૩)*

## ઉપરાષ્ટ્રપતિ કચ્છમાં : ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ધોરડોની મુલાકાત લીધી. ટેન્ટ સિટીમાં બી.એસ.એફ. દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાયું

દેશના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ કચ્છના પ્રવાસે આવ્યા છે ત્યારે ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે આવ્યાં બાદ તેઓ ખાસ હેલિકોપ્ટર મારફતે ધોરડો પહોંચ્યા હતા. જ્યાં હેલિપેડ ખાતે ઉપરાષ્ટ્રપતિ સાથે લેડી વાઈસ પ્રેસિડેન્ટ સુદેશ ધનખડનું રાજ્ય સરકાર વતી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કચ્છી શાલ ઓઢાડી પરંપરા મુજબ ભાવભર્યું સ્વાગત કરાયું હતું.

આ વેળાએ રાજ્યના સહકાર અને પ્રોટોકોલ મંત્રી જગદીશ વિશ્વકર્મા, ભુજના ધારાસભ્ય કેશુ પટેલ, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, ગુજરાત ટુરિઝમના સેક્રેટરી હારીત શુક્લા, જિલ્લા સમાહર્તા દિલીપ રાણા, ધોરડો સરપંચ મિયાંહુસેન સહિતના અગ્રણીઓએ ઉપરાષ્ટ્રપતિને ધોરડો ખાતે મીઠો આવકાર આપ્યો હતો. તો ધોરડો ટેન્ટ સિટી ખાતે બીએસએફ બટાલિયન ૩ દ્વારા તેમને ગાર્ડ ઑફ ઑનર આપવામાં આવ્યું હતું.

*(ગુરૂવાર, તા. ૧૬-૨-૨૦૨૩)*

## કે.ડી.ઓ. ક્લાસિક મુંબઈની સિલ્વર જ્યુબીલીની કચ્છમાં ઉજવણી કરાઈ

### જ્ઞાતિજનો માટે મેડિકલ તથા શૈક્ષણિક સહાય કચ્છ તથા મુંબઈમાં વર્ષોથી ચાલુ છે

કચ્છી દશા ઓસવાળ ક્લાસિક – મુંબઈ દ્વારા સંસ્થાને ૨૫ વર્ષ પૂરા થતાં સિલ્વર જ્યુબીલીની કચ્છમાં સમાજવાસીઓની ઉપસ્થિતિમાં ઉજવણી કરાઈ હતી. શાંતિલાલભાઈ મુલજી શિયાલ તથા મણિકાંતભાઈ હીરજી ધુલ્લા (જખૌ)ની બેલડીને માતૃભૂમિનું ઋણ અદા કરવા તથા જ્ઞાતિજનોના વિકાસ માટેની મનમાં ભાવના અંકુરીત થઈ. માર્ચ ૧૯૯૬માં ૧૦૮ જ્ઞાતિજનોનું કચ્છ દર્શન પ્રવાસનું આયોજન થયું હતું.

પ્રવાસ બાદ એક સભામાં બધાના રચનાત્મક વિચારોની આપ-લે થઈ અને સંગઠન ઊભું કરવાનો વિચાર વહેતો થયો. ત્રણ મહિના પછી તા. ૨૯-૬-૯૬ના કે.ડી.ઓ. ક્લાસિક સંસ્થાનો આરંભ કરાયો હતો. મુંબઈમાં કે.ડી.ઓ. ક્લાસિકના સભાસદો વચ્ચે સંપર્ક અને વિચારોની આપ-લે થાય અને કૌટુંબિક વાતાવરણ ઊભું થાય એ લક્ષમાં રાખી સંસ્થા નિયમિત પોતાના સભ્યો માટે નાના-મોટા કાર્યક્રમોનું આયોજન કરે છે.

સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિજનો માટે મેડિકલ તથા શૈક્ષણિક સહાય કચ્છ – અબડાસા તથા મુંબઈમાં વર્ષોથી ચાલુ છે. ભુજના ટાઉન હોલ મધ્યે કચ્છ યુવક સંઘ પ્રેરીત, પ્રેરણારૂપ નાટક 'મન મેલે ત અખીયું ખેલેં' ૮૦૦થી ૯૦૦ સમાજવાસીઓએ નિહાળ્યો હતો.

સંસ્થાના સહ સ્થાપક મણિકાંતભાઈ ધુલ્લાએ પ્રસંગ પરિચય આપ્યો હતો. પિનાકીન છેડા, તેજસ લાલકા, અશોક મોતા, ચેતન પોલડિયા, જયશ્રીબેન જૈન, કાશ્મીરાબેન લુઢિયા, મીનાબેન નાગડાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પ્રભાતસિંહ જાડેજા, હરેશ ઠક્કર, વાડીલાલ પોકાર, અનિલ જૈન અતિથિ વિશેષપદે રહ્યા હતા.

કાંતિલાલભાઈ કારાણી તથા વસંતભાઈ મારૂએ નાટીકાનું માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. કે.ડી.ઓ. જૈન કચ્છ એકમ સંસ્થાનાં પ્રમુખ મહેશભાઈ લાલકા, ગાંધીધામ કે.ડી.ઓ. મહાજનના પ્રમુખ

લહેરચંદભાઈ મોતા, ભદ્રેશ્વર તીર્થ ભોજનશાળા ટ્રસ્ટી જવેરચંદભાઈ ખોના, ભુજ કે.ડી.ઓ. મહાજન પ્રમુખ પ્રબોધ મુનવર તથા કચ્છના કે.ડી.ઓ. ગામોગામના કાર્યકરો અને ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રબોધ મુનવરનું વિશિષ્ટ સન્માન કરાયું હતું.

*(શુક્રવાર, તા. ૧૭-૦૨-૨૦૨૩)*

## કચ્છના અખાત, લખપતના ખટીયા અને ભુજના મેઘપર સ્થિત હડપ્પન સ્થળોએ ચાલુ વર્ષે ઉત્ખનન થશે

### ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણે વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં દેશભરમાં થનારા ઉત્ખનન અંગેની યાદી જાહેર કરી

સરસ્વતી-સિંધુ ઘાટીની સભ્યતાનું નગર ધોળાવીરા વિશ્વ ધરોહર સ્થળ બની જતાં કચ્છમાં હવે અન્ય હડપ્પન નગરોના ઉત્ખનનનો માર્ગ મોકળો બન્યો છે. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણે મંગળવારે વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં દેશભરમાં થનારા ઉત્ખનન અંગેની યાદી જાહેર કરી હતી. તેમાં કચ્છના અખાતની સાથે કચ્છ યુનિવર્સિટી હેઠળ આવતા સ્થળોને ઉત્ખનન માટે મંજૂરી આપી હોવાનું બહાર આવ્યું છે.

જેના પગલે કચ્છના લખપત તાલુકામાં આવેલા અન્ય એક મહત્ત્વપૂર્ણ હડપ્પન નગર ખટીયા તથા ભુજ તાલુકાના મેઘપર સાઇટ પર ઉત્ખનન શરૂ કરી શકાશે. તો વળી કચ્છના અખાતમાં અપાયેલી મંજૂરી અંગે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી.

એ.એસ.આઈ. પોતાના હસ્તકના કુલ ૩૧ સ્થળોએ ખોદકામ કરશે. કચ્છના અખાતની સાથે દિલ્હીમાં જૂના કિલ્લા સહિતના સ્થળોનો સમાવેશ થાય છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ગુજરાતના કચ્છના અખાત અને ઉત્તર પ્રદેશમાં અયોધ્યામાં ગોમતી નદી સહિત દેશભરમાં અનેક સ્થળોએ ખોદકામની કામગીરીને મંજૂરી આપવામાં આવી છે.

ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણે મંગળવારે મોડી રાત્રે એક ટ્વિટમાં સાઇટ્સની સૂચિ શેર કરી હતી. જેમાં એ.એસ.આઈ.ની ૩૧ સાઈટ્સ, વિવિધ રાજ્ય સરકારોની ૧૬ સાઇટ્સ અને ૪ યુનિવર્સિટીઓની સાઇટ્સ જાહેર કરી હતી. જેમાં કચ્છ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે કચ્છ યુનિવર્સિટીમાં આવેલા પુરાતત્ત્વ વિભાગ દ્વારા હાલ લખપત તાલુકાના ખટીયા પાસે ઉત્ખનન કરાઈ રહ્યું છે. પ્રારંભિક ખોદકામમાં જ ત્યાં એક વિશાળ હડપ્પન નગરના અવશેષ મળી આવ્યા છે. તો ભુજ તાલુકાના મેઘપરમાં પણ એક પ્રાચીન નગરના અવશેષ મળ્યા છે. જ્યાં ખોદકામ કરવાનું બાકી છે. આ બે સ્થળો પર વધારે ઉત્ખનન કરવા યુનિવર્સિટીએ મંજૂરી માંગી હતી.

કચ્છ અને કેરેલા યુનિવર્સિટી સાથે મળીને ખટીયા સાઈટ પર કામ કરી રહી છે. અહીં ૨૫૦ વધુ હાડપિંજર મળી આવ્યા છે, જે સંખ્યાની દૃષ્ટિએ અન્ય હડપ્પન સાઈટથી વધુ છે. આ નગર ૪૮૦૦ વર્ષ જૂનું છે અને પ્રારંભિક હડપ્પનકાળનું છે. અહીં વિશાળ નગર હોવાની સંભાવના છે.

તો ભુજ તાલુકાના મેઘપરમાં પણ એક ટેકરો મળી આવ્યો છે. જેનું હજુ ખોદકામ થયું નથી. આ બે સ્થળોમાં વધારે ખોદકામ કરવા મંજૂરી માંગી હતી. યુનિવર્સિટીને મંજૂરી મળતા હવે અહીં મહત્ત્વપૂર્ણ શોધ હાથ લાગી શકે છે.

*(શુક્રવાર, તા. ૧૭-૨-૨૦૨૩)*

## પૂર્વ કચ્છના કડોલ રણમાં વન વિભાગની દબાણ પ્રવૃત્તિ ઉપર કામગીરી યથાવત. ૭૦૦ હેક્ટર જમીન ખાલી કરાવાઈ...

કચ્છના વિવિધ રણ વિસ્તારમાં ભૂ માફિયાઓ દ્વારા જમીન દબાણ કરી મીઠા પકવવાની ગેરકાયદે પ્રવૃત્તિ આચરવામાં આવી રહી છે. આવી ગેર પ્રવૃત્તિ વિરૂદ્ધ ભચાઉના કડોલ પાસેના રણ અભયારણ્યમાં વન વિભાગ દ્વારા મોટાપાયે કામગીરી ચાલી રહી છે. જેના ભાગરૂપે આજે નાના મોટા અનેક વાહનો કબજે લઈ દબાણગ્રસ્ત મીઠાના વધુ પાળાઓ તોડી પાડવામાં આવ્યા છે.

*(શનિવાર, તા. ૧૮-૦૨-૨૦૨૩)*

## તાપમાન સામાન્ય કરતા ૧૦ ડિગ્રી વધુ દેશના સૌથી ઉષ્ણ ભુજમાં ૪૦.૩ ડિગ્રી, ૧૧ વર્ષનો વિક્રમ તૂટ્યો

મહા શિવરાત્રિ પૂર્વે જ રાજ્યભરમાં સૌથી ગરમ બનેલા ભુજમાં અધિકતમ ઉષ્ણતામાન ૪૦.૩ ડિગ્રીએ પહોંચતા ફેબ્રુઆરી માસની દૃષ્ટિએ છેલ્લા ૧૧ વર્ષમાં અનુભવાયેલી ગરમીનો વિક્રમ તૂટ્યો હતો. મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૧૦ ડિગ્રી જેટલું વધુ રહ્યું હતું. બીજી તરફ લઘુત્તમ પારો ૧૭.૭ ડિગ્રી રહેતાં ઠંડી અને ગરમી સાથે ભારે વિષમતા જણાઈ હતી.

વર્ષ ૨૦૧૭ની ૧૯ ફેબ્રુઆરીએ જિલ્લા મથક ભુજમાં ઊંચું ઉષ્ણતામાન ૩૯ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગમાંથી પ્રાપ્ય

છેલ્લા ૧૧ વર્ષના આંકડા મુજબ શહેરમાં ગુરૂવાર, તા. ૧૬-૨-૨-૨૦૨૩ના વિક્રમજનક ગરમી નોંધાઈ હતી. અધિકતમ તાપમાનનો પારો એક ઝાટકે ૩ ડિગ્રી જેટલો ઊંચે ચડીને ૪૦.૩ ડિગ્રીએ પહોંચતા આકરા ઉનાળાના એંધાણ મળ્યા હતા. દિવસે એકાએક વધેલ ગરમી અને મોડી રાત્રે ૧૭.૭ ડિગ્રીએ ઠંડીની હાજરી સાથેની બેવડી મોસમે લોકોને અકળાવ્યા હતા. નલિયામાં ન્યૂનતમ ૧૦.૮ ડિગ્રી રહેવાની સાથે રાજ્યભરનું સૌથી ઠંડું મથક બન્યું હતું.

દિવસે ગરમી અને રાત્રે ઠંડી સાથે હવામાન વિષમ બન્યું.

મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સાથે અહીં પણ દિવસે ગરમી અને રાત્રે ઠંડી સાથે હવામાન વિષમ બન્યું હતું. કંડલા એરપોર્ટ ખાતે અધિકતમ પારો ૩ ડિગ્રી જેટલો ઊંચે ચડીને ૩૮ ડિગ્રીએ પહોંચવાની સાથે ગાંધીધામ અને અંજાર વિસ્તારમાં બપોરે ગરમીનું જોર વધ્યું હતું. લઘુત્તમ ૧૪.૩ ડિગ્રી નોંધાયું હતું. કંડલા પોર્ટ પર ૩૮.૧ અને ૧૭.૬ ડિગ્રી નોંધાયું હતું. કચ્છમાં વિદાય લઈ રહેલા શિયાળાની સાથે ઉનાળાની ગરમીના આગમનને પગલે હવામાન વિષમ બનવાથી લોકોના સ્વાસ્થ્ય પર અવળી અસર થવાની સંભાવના તબીબી સૂત્રોએ વ્યક્ત કરી હતી.

૧૫ દિવસના અંતરમાં અધિકતમ ઉષ્ણતામાનનો પારો ૧૩ ડિગ્રી જેટલો ઉંચકાયો હતો. જેને પગલે મે માસમાં શું હાલત હશે તેવા સવાલે શહેરીજનોને અકળાવ્યા હતા.

*(શુક્રવાર, તા. ૧૮-૦૨-૨૦૨૩)*

## કચ્છના મહારાણીની પ્રેરક પહેલ. સંસ્થાઓ માત્ર વિદેશી દાન પર નિર્ભર ન રહે. રાજ પરિવારે ૩૧ લાખનું આપ્યું દાન...

### સામાજિક કાર્યો માટે કચ્છ કલ્યાણ સંઘને અપાઈ રાશિ

રવિવારે ભુજના રણજીત વિલાસ પેલેસ ખાતે સંસ્થાઓ તથા સમાજના આગેવાનોની હાજરીમાં મહારાણીની પ્રેરક પહેલના ભાગરૂપે કચ્છ કલ્યાણ સંઘને ૩૧ લાખનો ચેક અર્પણ કરાયો હતો. મહારાણી પ્રીતીદેવીની ઈચ્છા મુજબ અહીંની સંસ્થાઓએ વર્ષોથી અનેક સમાજ ઉપયોગી કાર્યો કર્યા છે અને ગરીબ લોકોને મફત શિક્ષણ દ્વારા સુવર્ણ જીવન બક્ષ્યું છે તથા મફત સારવાર દ્વારા અનેકને નવજીવન આપ્યું છે. આવી સંસ્થાઓ માત્ર વિદેશી દાન પર નિર્ભર ના રહે પણ અહીં સ્થાનિક કચ્છમાંથી જ મદદ મળવી જોઈએ. એવી ઈચ્છા મહારાણી પ્રીતિદેવીએ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે કલ્યાણ સંઘે નંદકુમાર લિખિત બદલાતી દોડમાં હિંદુત્વ નામનું પુસ્તક તેમને અર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં મહારાણીની સાથે અન્ય અગ્રણીઓ ઠાકુર મયુરધ્વજ સિંહ, કૃતાર્થસિંહજી જાડેજા, કુંવર ઈન્દ્રજિતસિંહ જાડેજા, ડૉ. રવિન્દ્ર સંઘવી, ભરતભાઈ ધોળકિયા, જોરૂભા રાઠોડ, શંકરભાઈ સચદે, નવીનભાઈ ગણાત્રા, રાજેન્દ્રભાઈ મોરબિયા, પ્રબોધભાઈ મુનવર, રાજેન્દ્રસિંહ જાડેજા, જતુભા જાડેજા, બ્રિજેશભાઈ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમિતાબેન મહેતા, અભિજીતભાઈ તથા વ્યવસ્થામાં વિપુલભાઈ દવે સહિતનો સ્ટાફ જોડાયો હતો.

*(રવિવાર, તા. ૧૯-૨-૨૦૨૩)*

## કચ્છના કારીગરો માટે ભુજોડી પાસે ૨ હેક્ટરમાં આકાર લેશે યુનિક ક્રાફ્ટ વિલેજ

### ઇન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ચર દ્વારા સંશોધન, ઉત્પાદન, વેચાણ કરાશે

કચ્છનું હેન્ડિક્રાફ્ટ આમ તો દાયકાઓથી દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. વર્ષોથી કચ્છની હસ્તકલા જાણવા તેમજ અભ્યાસ અને ખરીદી માટે લોકો આવે છે. ધરતીકંપ બાદ પ્રવાસીઓની સંખ્યા પણ વધતા કચ્છી કળાનું મહત્ત્વ વધ્યું છે. સરકાર દ્વારા વિવિધ સ્તરે કારીગરો માટે લાભકારી આયોજન થતા હોય છે. પરંતુ પ્રથમ વખત શૈક્ષણિક સંસ્થા, ઉદ્યોગગૃહ, ખાનગી સંસ્થા, સરકારનું નિગમ સાથે મળીને ભુજોડી પાસે બે હેક્ટર જેટલી જગ્યામાં ખાનગી ક્રાફ્ટ વિલેજ બનાવવા માટે નિષ્ણાતોએ ચર્ચા કરી હતી.

જેની શક્યતાઓ તપાસવા આ વિષયના તજજ્ઞો કચ્છની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા છે. પ્રથમ વખત એવું આયોજન થઈ રહ્યું છે કે કારીગર તેની હસ્તકળા મુજબના રહેણાંક, ઉત્પાદન અને વેચાણની સૌથી વધુ ફાયદાકારક પરિસ્થિતિ ઊભી કરવામાં આવશે. ભારતની નિરમા યુનિવર્સિટી સાથે ફ્રાંસની એન.એન.ટી.એસ. યુનિવર્સિટી કે જેનું મોરેશિયસ કેમ્પસ દ્વારા સંશોધન કરવામાં આવશે. કારીગરોને પ્રાથમિકતા આપીને ભુજોડી પાસેના આ ૨૦ હજાર ચો.મીટર વિસ્તારમાં સંકુલ ઊભું કરાશે.

ક્રાફ્ટ વિલેજમાં કચ્છની ૧૬ પ્રકારની હસ્તકલા છે તેને સમાવી લેવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે નાબાર્ડના અધિકારીઓ અભ્યાસમાં જોડાયા હતા અને આર્થિક સહાય માટે શક્યતાઓની જાણ કરી હતી. તેમજ હેન્ડિક્રાફ્ટ કાઉન્સિલ કે જે કારીગરોને પડતી મુશ્કેલીઓ તેમજ તેમને લાભ કઈ રીતે આપી શકાય તેના ઉપર કામ કરતી સંસ્થા છે, તેના દ્વારા નિષ્ણાતો અભ્યાસ કરશે. કારીગરોને વધુને વધુ યોગ્ય વાતાવરણ મળે તેવું આયોજન કરશે.

ધરતીકંપ બાદ પ્રવાસીઓની સંખ્યા ખૂબ વધી જતાં કારીગરો બે પાંદડે ચોક્કસ થયા છે, પરંતુ હજુ ઘણા ક્લસ્ટર એવા છે કે

*પૈસાની અમીરી વધતી જાય ત્યારે દિલની ગરીબી ન વધતી જાય તેનું સતત ધ્યાન રાખવું.*

જ્યાં સુધી ખરીદી કરનાર પહોંચતો નથી. જેને ધ્યાનમાં લઈને આ સંકુલમાં એક જ જગ્યાએ એવા રહેણાંક બનશે કે જે વિવિધ કારીગરોની રહેવાની વ્યવસ્થા, ઉત્પાદન ક્ષમતા અને વેચાણનું યોગ્ય પ્લેટફોર્મ મળી રહે. ત્રણ દિવસના આ અભ્યાસ દરમિયાન જે પૃથક્કરણ થશે તેના પરથી ભુજોડી પાસેના આ ક્રાફ્ટ વિલેજમાં શું આયોજન કરવું તે માટે સંસ્થા અને સરકારી આર્થિક સહયોગ નિગમ સાથે બેસીને હેન્ડિક્રાફ્ટ વિલેજની યુનીક યુનિટ બનાવવાની ડિઝાઈન નક્કી કરશે.

*(સોમવાર, તા. ૨૦-૨-૨૦૨૩)*

## કચ્છમાં ગુજરાતી, કચ્છી, સિંધીભાષી લોકોના વસવાટ માટે પણ આ ભાષાઓના જતનની જરૂર

**ગુજરાત સાહિત્ય અકાદમી અને મહારાવ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલયના સંયુક્ત ઉપક્રમે વ્યાખ્યાનમાળામાં વ્યક્ત કરાયો સૂર...**

નવી પેઢી માતૃભાષા ગુજરાતી પ્રત્યે વાંચન રસ કેળવે તે માટે શિક્ષકો, વાલીઓ અને ભાષાના સર્જકોની વિશેષ જવાબદારી છે. ભુજ ખાતે મંગળવારે વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી અને મહારાવ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલયના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા મહોત્સવ અન્વયે યોજાયેલા વ્યાખ્યાનમાળામાં બોલતાં વક્તાઓએ આ પ્રકારનો સૂર વ્યક્ત કર્યો હતો.

મહિલા સર્જક રમીલાબેહેને માતૃભાષાના ગૌરવગાનની વાત રજૂ કરતાં કહ્યું કે, ચોંત્રીસ સ્વર, બાર વ્યંજન અને સમૃદ્ધ વ્યાકરણથી શોભતી આપણી ગુજરાતી ભાષાનું સૌને ગૌરવ હોવું જોઈએ. વિવિધ સાહિત્ય પ્રકાર અને સમર્થ સર્જકોના સર્જનની વાત કરતાં એમણે કચ્છના ડૉ. ધીરેન્દ્ર મહેતા, વીનેશ અંતાણી, ડૉ. જયંત ખત્રી, માવજી મહેશ્વરીના સર્જનની પણ વિગત આપી હતી.

*(શનિવાર, તા. ૨૫-૨-૨૦૨૩)*

## ઝાકળવર્ષા જારી : નખત્રાણા, દયાપર, માંડવીમાં ધુમ્મસ ● કાલથી દિવસ અને રાત્રિનું તાપમાન ૨થી ૩ ડિગ્રી વધવાની સંભાવના

કચ્છમાં કેટલાક સમયથી મોડી રાત્રિથી થઈ રહેલી ઝાકળ વર્ષાને પગલે વહેલી સવારથી ધુમ્મસનું સામ્રાજ્ય છવાઈ જાય છે. શનિવારે પણ ધુમ્મસિયો માહોલ જારી રહ્યો હતો. ભુજ, માંડવી, નખત્રાણા, દયાપર સહિતના વિસ્તારોમાં સવારે ધુમ્મસ બાદ બપોરે ગરમી અને મોડી રાત્રે ગુલાબી ઠંડકના કારણે બેવડી મોસમનો અનુભવ થયો હતો.

માકપટ વિસ્તારના નખત્રાણા તાલુકામાં ભારે ઝાકળના કારણે વહેલી સવારે ધુમ્મસનું સામ્રાજ્ય છવાયું હતું. સવારે ઠંડી અને દિવસે ગરમીની બેવડી મોસમના કારણે શરદી, ઉધરસ, તાવના વાઈરલ રોગમાં વધારો જોવા મળી રહ્યો છે. પશ્ચિમ કચ્છના દયાપરમાં પણ સવાર ઝાકળભીની બની હતી. ધુમ્મસના કારણે મોડે સુધી વાહન ચાલકોને હેડલાઇટ ઑન કરવાની ફરજ પડી હતી. ૧૦ વાગ્યા બાદ સૂર્યપ્રકાશ નીકળ્યો હતો. બપોરે ગરમી અને રાત્રે સામાન્ય ઠંડક અનુભવાઈ હતી.

બંદરીય નગરી માંડવીમાં સવારે ઝાકળવર્ષા સાથે માહોલ ધુમ્મસિયો બન્યો હતો. અહીં પણ અનુભવાયેલી મિશ્ર ઋતુએ લોકોને અકળાવ્યા હતા. દરમિયાન મહત્તમ અને ન્યૂનતમ ઉષ્ણતામાન અનુક્રમે ભુજમાં ૩૫.૬ તેમજ ૧૬.૪, નલિયા ખાતે ૩૧.૨ અને ૧૪, કંડલા બંદરે ૩૦.૨ થતા ૧૭ જયારે કંડલા એરપોર્ટ મથકે ૩૪.૫ તેમજ ૧૫.૩ ડિગ્રી નોંધાયું હતું. કાલે સોમવારથી દિવસ અને રાત્રિનું તાપમાન ૨થી ૩ ડિગ્રી વધવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

*(રવિવાર, તા. ૨૬-૨-૨૦૨૩)*

## ખાવડા હાઇબ્રિડ રીન્યુએબલ એનર્જી પાર્કમાં સરકાર ૧૦૮ કરોડનું રોકાણ કરશે

**વિશ્વના સૌથી મોટા એનર્જી પાર્કની સુરક્ષા માટે ખાસ ૧૦ કરોડની રકમ ફાળવાઈ**

વિધાનસભામાં શુક્રવારે રજૂ કરેલા ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કચ્છની નર્મદા યોજના માટે અત્યાર સુધીની સૌથી મોટી રકમની ફાળવણી કરવામાં આવી છે. તો બજેટનો અભ્યાસ કરતા આ સિવાય પણ કચ્છના જુદા જુદા વિભાગો માટે મોટી અને મહત્ત્વપૂર્ણ રકમો ફાળવાઈ છે.

જેમાં ખાસ તો હાવડા પાસે આકાર લઈ રહેલા દુનિયાના સૌથી મોટા હાઈબ્રિડ રીન્યુએબલ એનર્જી પાર્કમાં મોટા રોકાણની જોગવાઈ કરી છે. આ પ્રોજેક્ટમાં રોકાણ માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમને ૧૦૮ કરોડની રકમ ફાળવાઈ છે. તો આ પ્રોજેક્ટની સુરક્ષા પણ મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. સરહદની ખૂબ જ નજીક આ પાર્ક હોવાથી સુરક્ષા માટે ખાસ ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

વેટરનરી કોલેજ માટે નોંધપાત્ર રકમ ફાળવાઈ.

કચ્છ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ વેટરનરી કોલેજ માટે નોંધપાત્ર

રકમ ફાળવાઈ છે. ભુજની સાથે આણંદમાં વેટરનરી સાયન્સ કોલેજની ઈમારત માટે ૧૧ કરોડની જોગવાઈ કરાઈ છે. ઉપરાંત ભુજ ખાતે પશુ ચિકિત્સા અને પશુપાલન વિદ્યાલયની સ્થાપના માટે પણ ૧૦ કરોડની ફાળવણી કરાઈ છે. આમ ચાલુ વર્ષે જ ભુજમાં વેટરનરી કોલેજની શરૂઆત અને નવી ઈમારતની કામગીરી શરૂ થઈ જવાની સંભાવના છે. રાજ્યના જુદા જુદા સેન્ટરોની સાથે મુંદ્રામાં પણ પશુ વિજ્ઞાન કેન્દ્રના નિર્માણ માટે રકમ મંજૂર કરાઈ છે.

કચ્છ યુનિવર્સિટીએ વિવિધ બાબતો માટે રાજ્ય સરકાર પાસે ૫૧૫ લાખની માંગણી કરી હતી. શિક્ષણ વિભાગે આ દરખાસ્તને મંજૂર કરી હતી. જેના પગલે બજેટમાં યુનિવર્સિટીની ૫.૧૫ કરોડની રકમ ફાળવવામાં આવી છે.

*(રવિવાર, તા. ૨૬-૨-૨૦૨૩)*

## ચોથી આવૃત્તિ વિમોચન
## કચ્છી બોલી સરળ, મધુર અને માખણ જેવી મીઠી

**વિશ્વ કચ્છી ભાષા દિવસે 'કચ્છી હિંદી પાઠાવલી' પુસ્તકની ચોથી આવૃત્તિ વિમોચન કરાઈ ● સરહદી લોકો સાથે સરળ વાતચીત માટે ભુજના કાર્યક્રમમાં બી.એસ.એફ.ના અધિકારી અને કાવ્ય સર્જકોએ બોલીની જણાવી જરૂરિયાત**

વિશ્વ કચ્છી ભાષા દિવસે ભુજના ૫૮ બટાલીયન બી.એસ.એફ.ના પ્રાંગણમાં કચ્છી હિંદી પાઠાવલી પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. કચ્છી સરળ, મધુર અને માખણ જેવી છે અને સરહદી લોકો સાથે સરળ વાતચીત કચ્છીમાં અનુકૂળ હોવાનું બી.એસ.એફ.ના અધિકારી અને કાવ્ય સર્જકોએ જરૂરી ગણાવ્યું હતું.

કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. કાંતિભાઈ ગોરે કચ્છી હિંદી પાઠાવલીની ચોથી આવૃત્તિનું વિમોચન કર્યું હતું અને છેલ્લા પાંચ વર્ષમાં સમગ્ર ભારતમાંથી આવેલા અનેક ભાષાઓના સૈનિકોને કચ્છીની એક મહિના સુધી તાલીમ આપવામાં આવી હતી. આકાશવાણીના પૂર્વ ડાયરેક્ટર મદનકુમાર અંજારિયાએ ૨૪ કલાક દેશની સરહદ પર રક્ષા કરનારાઓને કચ્છી ભાષા પર ઘરોબો કેળવવા પર ભાર મૂક્યો હતો.

સમગ્ર કચ્છના કાવ્ય સર્જકો, બી.એસ.એફ. બટાલીયન-૫૯ના કમાન્ડન્ટ રાજેન્દ્રસિંઘ, ૧૦૨ બટાલીયાનના કમાન્ડન્ટ મનીષ રંજન, કચ્છ જિલ્લા વિકાસ ગ્રામ સમિતિના પ્રમુખ અરવિંદ જોશી સહિત કચ્છના કવિઓ અને આગેવાનોની હાજરીમાં વી.આર.ટી.આઈ.ના ગોરધનભાઈ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, કચ્છ વિસ્તાર સરહદી છે, ત્યારે બી.એસ.એફ.ના જવાનોને દોઢ મહિના સુધી કચ્છી બોલી સરળતાથી શીખી શકે તે માટે કેમ્પ ચલાવવામાં આવ્યો હતો.

*(સોમવાર, તા. ૨૭-૨-૨૦૨૩)*

## સતત ભૂકંપના આંચકાએ ચિંતા વધારી
## કચ્છના લખપતથી ૬૨ કિ.મી. દૂર પાકિસ્તાન સરહદે ૩.૮ની તીવ્રતાનો આંચકો અનુભવાયો

પૂર્વ કચ્છની વાગડ ફોલ્ટ લાઈન પરના રણ વિસ્તારમાં ચાલુ માસ દરમિયાન ૩ કે તેથી વધુની તીવ્રતાના કુલ ૫ આફ્ટર શોક નોંધાયા બાદ આજે પશ્ચિમ કચ્છના છેવાડે આવેલા લખપતથી ૬૨ કિ.મી. દૂર પાકિસ્તાનની સરહદે નવા કેન્દ્રબિંદુ ધરાવતા સ્થળે ૩.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો છે. આજે સવારે ૧૦.૫૯ કલાકે આવેલા આંચકાના પગલે આસપાસનો વિસ્તાર ધ્રૂજી ઉઠ્યો હતો.

કચ્છ જિલ્લામાં ભૂકંપના આંચકા સતત આવી રહ્યા છે. જેથી કચ્છની ધરા અવારનવાર ધ્રુજી રહી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન સરહદ વિસ્તારમાં આ બીજી વખત ધરા ધ્રુજવાની ઘટના બનતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. ઉલ્લેખનીય છે કે, કચ્છને અડીને આવેલા પાકિસ્તાનમાં ગઈકાલે ૪.૨ની તીવ્રતા ધરાવતો આફ્ટરશોક નોંધાયો હતો.

*(સોમવાર, તા. ૨૭-૦૨-૨૦૨૩)*

## સંગત રાખો

*સમય સાથે સંગત રાખો*
*થોડું ભીતર અંગત રાખો.*

*શબ્દો થકી જ થશો અમર*
*કવનમાં જો તમે રંગત રાખો.*

*ખાલી હાથે આવ્યા ને જઈશું,*
*તમે ખુલ્લી કે મુઠ્ઠી બંધ રાખો.*

*ના આવી શકો તો ના આવો ઘરે*
*દૂરથી પણ યાર સંબંધ રાખો.*

*લાગણીઓને વાચા ફૂટી છે.*
*'દર્દેદિલ' ગણતરીઓને અંધ રાખો.*

***દીપક પૂરી 'દર્દેદિલ' - ગાંધીધામ***

*સારા રસ્તે ધન વાપરવું તેના કરતાં સાચા રસ્તે ધન કમાવું એ વધુ મુશ્કેલ છે.*

# અન્ય સંસ્થાના સમાચાર

## ડૉ. કવિતા (મીરાં) સચદે સ્મારક ટ્રસ્ટ

શિક્ષણ, સંસ્કાર અને સેવાના ત્રિવેણી સંગમ સમાન ડૉ. કવિતા (મીરાં) સચદેની ૨૯મી પુણ્યતિથિ પ્રસંગે દિવંગત મહિલા તબીબની સેવાઓને શ્રદ્ધાંજલી આપવા માટેનો કાર્યક્રમ આજરોજ તા. ૨૨-૨-૨૦૨૩ના રોજ ડૉ. કવિતા (મીરાં) સચદે સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે યોજવામાં આવ્યો હતો.

પ્રારંભમાં મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ઉર્મિશ સચદેએ સ્વાગત પ્રવચન કર્યું હતું. શ્રી હિરેન સચદેએ અતિથિ વિશેષ ડૉ. શ્રી કાંતિભાઈ ગોર 'કારણ'નું તથા શ્રી મહેન્દ્રભાઈ ચોથાણીએ કાર્યક્રમના પ્રમુખ શ્રી જયંતીભાઈ જોશી 'શબાબ'નું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું. મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત સૌ વતી અતિથિ વિશેષશ્રી તથા પ્રમુખશ્રીએ ડૉ. કવિતા (મીરાં) સચદે, દિવંગત શારદાબેન જેઠી તથા નરેશ અમુલખરાય પાઠકના તૈલચિત્રોને ફુલહાર કરી શ્રદ્ધાંજલી આપી હતી. શારદાબેન જેઠી પરિવારના શ્રી કલ્પેશ જેઠીનું જ્યારે શ્રી નરેશભાઈ પાઠક પરિવારના શ્રી પાર્થભાઈ પાઠકનું શાલથી સન્માન કરવામાં આવ્યું હતું.

સંસ્કૃત પાઠશાળાના બાળકોને ધાર્મિક શિક્ષણ આપવા માટે ભગવદ્ ગીતા, ગાયત્રી ચાલીસા, હનુમાન ચાલીસા તથા સુંદરકાંડ પુસ્તકો શ્રીમતી જયશ્રીબેન હાથી તથા શ્રીમતી વત્સલાબેન શુક્લને આપવામાં આવેલ હતા.

ગોકુલ આર્ટસ કૉલેજ, માંડવી માટે ડૉ. કવિતા (મીરાં) સચદે સ્મૃતિ ચકલીઘર તથા કુંડા પ્રો. કાર્તિક દર્શક અંતાણીને સુપ્રત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે BHMSમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અતિથિ વિશેષ ડૉ. શ્રી કાંતિભાઈ ગોરના વરદ્ હસ્તે ડો. કવિતા (મીરાં) સચદે મેમોરિયલ સ્કોલરશિપ્સ એનાયત કરવામાં આવી હતી.

BHMS, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, પારૂલ યુનિવર્સિટી - વાઘોડિઆ તથા HSC સાયન્સ (સ્ટ્રીમ-એ)ના વિદ્યાર્થીઓ ઉપરાંત ગાંધી પ્રચારક પ્રતિભાશાળી શિક્ષક કુ. કેશા એસ. છાયા તથા સામાજિક કાર્યકર શ્રીમતી રાખી આર. અંજારિયાને પ્રમુખશ્રી જયંતીભાઈ જોશી 'શબાબ'ના વરદ્ હસ્તે ડૉ. કવિતા (મીરાં) સચદે મેમોરીયલ ઍવોર્ડઝ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અન્યોને પણ ડૉ. કવિતા (મીરાં) સચદે મેમોરિયલ ઍવોર્ડઝ એનાયત કરવામાં વ્વેલ હતા.

અતિથિ વિશેષ ડૉ. શ્રી કાંતિભાઈ ગોરએ સદ્ગતની ટૂંકી પરંતુ યશસ્વી જીવન યાત્રાનો ઉલ્લેખ કરતા જણાવેલ, કે 'નિરર્થક લાંબા જીવન કરતાં ટૂંકું પણ સાર્થક જીવન ઉત્તમ છે. નિરંતર કર્મશીલ રહી, અન્યને ઉપયોગી થઈ શતાયુ થવામાં જ જીવનની સાર્થકતા રહી છે. સમાજમાં ચાર પ્રકારના લોકો હોય છે અને તે પૈકી શ્રેષ્ઠ પ્રકારના લોકો જેવું વિરલ જીવન ડૉ. કવિતા (મીરાં) જીવી ગયા. પોતાના સ્વાર્થને બાધ ન આવે એ રીતે પરોપકાર તો સૌ કરે, પરંતુ પોતાને નુકસાન થાય તો પણ બીજાનું હિત કરે એ જ ઉત્તમ જન છે. ડૉ. કવિતા (મીરાં) એવી વ્યક્તિઓમાંના એક હતા. સદ્ગતના જીવનમાંથી એકાદ સદ્ગુણ પણ જીવનમાં ઉતારીએ તો જીવન સાર્થક બને. રામાયણ, મહાભારત, ચાણક્ય નીતિ, ભગવદ્ ગીતા તથા અન્ય અનેક શાસ્ત્રોના ઉદાહરણો ટાંકી, સરળ અને ભાવવાહી શૈલીથી વહેતા ડૉ. 'કારણ'એ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી ગયા. પોતાની નસકોરી ફૂટ્યાનું ઉદાહરણ આપી તેમણે ડૉ. કવિતા (મીરાં) સચદેની 'કચ્છમિત્ર' માંની લેખમાળાને આજેય સાંપ્રત ગણાવી હતી.

પ્રમુખ સ્થાનેથી મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી જયંતીભાઈ જોશી 'શબાબ'એ જણાવેલ કે, "ડૉ. કવિતા (મીરાં) જેવા વિરલ તબીબો જનકલ્યાણ અને નિસ્બત ઉમેરી સામાન્ય દવાઓને અસામાન્ય બનાવી દર્દીના જીવનમાં શુભ, લાભ અને અમૃત ઉતારતા હોય છે. સ્વ. નરેશભાઈ અમુલખરાય પાઠકે કવિતાની સારવારને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ અર્પતાં પ્રતિવર્ષે કરેલી રૂદ્રી, સચદે પરિવાર અને સદ્ગતના આત્માને શાતાદાયક બની રહી. દિવંગત શારદાબેન જેઠી ડૉ. કવિતા સાથેની ગાંધીધામ મધ્યેની હાજરી માણસાઈની મહેક બની રહી. સ્વ. શિવદાસભાઈ પટેલનું નિરંતર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવું તથા શ્રી વી. આર. મહેતાની મીઠી ઉઘરાણી કે ખૂબ વરસજો, ખૂબ વિસરજો. અમે ખૂબ તરસ્યા છીએ યાદ આવતાં સ્વજનો ગુમાવ્યાની વેદના ઊભી રહે છે. એમને ભાવભીની શ્રદ્ધાંજલિ."

આ પ્રસંગે પૂર્વ સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, શ્રી લલિતભાઈ કોટક, શ્રી અનિલભાઈ અજાણી, શ્રી ડી.પી. ઠક્કર, શ્રી જે. આર. મહેતા, શ્રી મલ્હાર બુચ, શ્રી દિલીપ વૈદ્ય, શ્રી નટુભાઈ વ્યાસ, શ્રી રણજીતસિંહ ભાટી, શ્રી ચંદ્રવદન ધોળકિયા, શ્રી કૃષ્ણકાંત ભાટિયા, શ્રી હરેશ તન્ના, શ્રી અનવર નોડે, શ્રી વિજયભાઈ સચદે તથા શ્રી પુષ્પાબેન વૈદ્ય, કમળાબેન ઠક્કર તથા શ્રીમતી પુષ્પાબેન સચદે વગેરેએ હાજરી આપી હતી.

શ્રી વરૂણ ઉર્મિશ સચદેએ આભારવિધિ કરી હતી. શ્રીમતી કાજલબેન ઠક્કરે સૂત્ર સંચાલન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા શ્રી હિરેન સચદે, શ્રી રમેશભાઈ ભાનુશાલી તથા શ્રી નીલેશ સોલંકીએ સંભાળી હતી. ■

## પ્રતિભાવ

'કચ્છશ્રુતિ' સામયિકનો ફેબ્રુઆરી-૨૦૨૩નો અંક મળ્યો. વાંચીને આનંદ થયો. કોઈ એક જ વિચારધારાને બદલે સજીવસૃષ્ટિ ('સજીવસૃષ્ટિ' શબ્દ એટલા માટે પ્રયોજ્યો છે માનવ-પશુ-વનસ્પતિને લગતું જ્ઞાન પીરસો છો)નાં વિવિધ પાસાંને વરેલું સામાયિક વાંચીને આનંદ થયો. ગમ્યું. નીવડેલા સર્જકોની સાથે નવોદિતોને સ્થાન આપો છો એ સરાહનીય છે. આ અંકમાં નવું જાણવા મળ્યું. ગાંધીજીના મંદિર વિશે માહિતી હતી પણ વિગતે હવે જાણ્યું. લાઈટ્સ વિશેનો લેખ, પાને-પાને પ્રેરક વિચારો ટાંકેલા – આ બધું સામયિકની શોભામાં ચાર ચાંદ લગાવે છે. વાચક/ભાવકને પોતાની તરફ આકર્ષે છે. ખૂબ પ્રગતિ કરો એવી શુભેચ્છાઓ... વંદન... અભિનંદન... *– કેશવ સુથાર*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### અવસાન નોંધ

- **ગુરુવાર, તા. ૯-૨-૨૦૨૩**
  **સુરેશભાઈ પ્રાણશંકર ભટ્ટ** (ઉં.વ. ૮૫) (ગાંધીનગર – ભુજ)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **રવિવાર, તા. ૨૬-૨-૨૦૨૩**
  **કલ્પનાબેન કાંતિલાલ શાહ** (ઉં.વ. ૮૪) (અમદાવાદ – માંડવી)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

***સદ્‌ગતશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.***

## "ગાંધી - ગોડસે : એક યુદ્ધ"

**દીપકભાઈ મધુકાંતભાઈ અંતાણીની ગાંધીજી તરીકેની ભવ્ય ભૂમિકા**

રાજકુમાર સંતોષીનું ચલચિત્ર 'ગાંધી ગોડસે : એક યુદ્ધ' જોયું. એક સફળ દિગ્દર્શક તરીકે તેમનું ઉત્તમ ચલચિત્ર ઘણા વખત પછી મળ્યું. ઉત્તમ કથાવસ્તુના ઉત્તમ સંવાદો, ઉત્તમ દિગ્દર્શન અને ઉત્તમ પાત્ર પસંદગી – એમના વિશે બીજા બધા ઘણું લખશે. પણ એમની 'ગાંધી'ના પાત્રની પસંદગીનું તો કહેવું પડે. ગાંધીજીના પાત્રમાં આપણા પોતીકા કચ્છી માડુ, નાગર જ્ઞાતિના કુળદિપક **દીપકભાઈ મધુભાઈ અંતાણી**... અતિશયોક્તિ વગર કહી શકાય કે કદાચ દિગ્દર્શકની પણ આટલા ઉત્તમ અભિનયની ધારણા નહીં હોય. દીપકભાઈ ચહેરે મહોરે ભલે કુદરતી ગાંધીજી જેવા હોય પણ એમની બોલવાની, હાવભાવની શારીરિક અદા અને પ્રસંગોચિત ચહેરાના આબેહૂબ ભાવ દાદ માંગી લે તેવા છે. પહાડી અવાજવાળા અને તર્કબદ્ધ ગોડસેની સામે મક્કમ અને સ્વસ્થ અવાજથી વાત તો આપણા દીપકભાઈ જ કરી શકે. (જેમણે ગાંધીજીના અસલ ઓડિયો સાંભળ્યા હશે તે આ વાત વધુ સારી રીતે સમજી શકશે.) અલગ અલગ વિષયના, અલગ અલગ પાત્રો સાથે પણ દૃશ્યને ઉચિત કંઠનો રણકો અને વિષય અનુસારની ભાવવાહિતા અદ્‌ભુત નિભાવી છે.

ગાંધીજીની હળવી શૈલી પ્રચલિત છે. દીપકભાઈએ તે આબેહૂબ ગાંધીજીની જેમ જ સહજ અભિવ્યક્ત કરી છે. સાથે સાથે તેમની પ્રસંગોચિત ખિન્નતા પણ પરાકાષ્ઠાએ દીપકભાઈએ ભજવી બતાવી છે. એમના આ ચલચિત્રની ઉત્તમ અભિનયની વિશેષ લાક્ષણિકતાઓ વિશે તો જેટલું લખીએ તેટલું ઓછું પડે.

વર્તમાન સમયમાં આવતી સાવ સામાન્ય અને મોટા જન સમૂહની પસંદગીની સરેરાશ ફિલ્મોની સામે ખૂબ ગંભીર અને પડકારરૂપ કથાવસ્તુ સાથે કામ કરવું કેટલું અઘરું છે, એ અનુભવ દીપકભાઈએ કર્યો જ હશે પણ પડકાર સ્વરૂપે તે તેમણે સ્વીકારીને, અદ્‌ભુત રીતે અભિનીત કરી બતાવ્યો એનું ગૌરવ આંકીએ એટલું ઓછું છે.

પ્રત્યેક વિચારશીલ, સુશીલ, સમજદાર અને રાષ્ટ્રપ્રેમીએ અચૂક આ ચલચિત્ર ગમે તે ભોગે, સમય કાઢીને સમયસર જોઈ જ લેવાય.

અગાઉ દૂરદર્શન અને પછી પોતાની સાહસિકતાથી તેમણે દિગ્દર્શન અને અભિનયમાં ખૂબ સફળતા હાંસલ તો કરેલી જ છે. આપણા દીપકભાઈનો આ ઉત્તમ અભિનય એમના જીવનનો 'માઈલ સ્ટોન' છે અને ચોક્કસપણે તે તેમને શિખર સુધી પહોંચાડશે જ. તેમને શુભ કામના.

*દિનેશ એલ. માંકડ*

### ન શક્યો

*એ ખૂબ ચાહ્યા મને, હું ચાહી ન શક્યો,*
*રસ્તા ઘણા હતા હું બની રાહી ન શક્યો.*

*પાપને પણ છૂટવું ન હતું મારાથી,*
*સામે જ ગંગા હતી ને હું નાહી ન શક્યો.*

*રજનીકાંત ઓઝા – ભુજ, કચ્છ*

*જ્યાં ગતિનું ગાંડપણ વધુ હોય ત્યાં ઠેસ અને ઠોકરની સંભાવના વધુ.*


sharpex
forest & garden solutions
TURN YOUR
GREEN DREAMS
INTO REALITY FOR YOUR FACTORY,
BUNGALOW & FARMHOUSE
INDIA'S LARGEST SELLING
ZERO MAINTENANCE
ELECTRIC LAWN MOWERS
Pot Trolley
Flower Pot
Deko Chips
Toll Free: 1800 313 3303
Follow Sharpex Gardening
Our Online Partners: amazon.in
24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00
CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices
ઍમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઇમરજન્સી : +91-97234 50000
www.facebook.com/cimshospitals
ઈમેલ : info@cims.org | www.cims.org
CIMS Hospital India App on:
JCI (USA)
NABH
Green OT


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
HARSHA
ENGINEERS
www.harshaengineers.com
PRODUCTS & PROCESS EXCELLENCE THROUGH TPM
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
BRASS CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
• TAPER ROLLER CAGES
STEEL CAGES
• DEEP GROOVE CAGES
• TAPER ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
POLYAMIDE CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• TAPER ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
STAMPED COMPONENTS
• AUTOMOTIVE INDUSTRY
• BEARING & SEALING
• ELECTRICAL & APPLIANCE INDUSTRY
• SPECIAL APPLICATION
BRONZE BUSH & CASTINGS
• PRECISE BRONZE BUSHES
• CENTRIFUGAL AND SAND CASTINGS
INDIA
Harsha Engineers International Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar,
Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200
E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Precision Bearing Components (China) Co., Ltd.
No. 10 Fuhua Road, Bixi District Changshu City,
Jiangsu Province, China.
Phone: +86-(0)512-52265381
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com


Shashikant Pindoria
+91 94276 09013
+91 97141 09013
JAY AMBE HIMCHAR PVT. LTD.
Dehgam-Modasa Road, SAMPA, Ta. Dehgam, Dist. Gandhinagar.
Madhusudan
COOL STORES PVT. LTD.
Nr. Ranasan Char Rasta,
Ramosh, Ta. : Dhasura, Dist. Arvalli.
VINOD
Cool Stores Pvt. Ltd.
Ahmedabad - Himatnagar Highway,
N.H. No.-8, Limbadia, Dist. Gandhinagar.


શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
એક સભ્ય એવા
એક શુભેચ્છક તરફથી


શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
ભૂતપૂર્વ હોદ્દેદાર એવા
એક શુભેચ્છક તરફથી


INDOTEX
PAINTS
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh


શુભેચ્છા સહ....
હસમુખ ખીમજી મહેતા


khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE


હસમુખભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૧
કાંતિભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૩
વિનોદભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૪
।। શાશ્વત બિલ્ડર્સ ।।
૫૦૧, શાશ્વત આર્કેડ, ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ.


छुटी भी, जुसी भी और मिल्की भी
सब मस्त है!
MICHI'S
Candies & Toffees
JRJ FOODS PVT. LTD.
Fax : +91-2764-234200
www.jrjfoods.com
facebook.com/MichisTreats

Registered under Postal Registration No. GAMC-1028/2021-2023 Valid Upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division permitted to post at Ahmedabad PSO on 15th of Every Month. ■ RNI No. of RNP is 46515/87 ■ Published on 10th of Every Month


ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 (M) 70432 16674

બેંકની વિવિધ સગવડો
■ FDR વ્યાજ upto 7.75% @ with monthly Interest
■ Flexi બચત ખાતા અને ચાલુ ખાતામાં વ્યાજ Max 5% @*
■ RTGS / NEFT / DD / IBC / Ch. Book charges : Nil*
■ ATM CARD ■ LOCKERS ■ Free SMS Alert
■ રૂા. ૬ કરોડ સુધીની તત્કાલ લોન ■ ગ્રુપ લીમીટ રૂા. ૧૫ કરોડ
■ Online RTGS પેમેન્ટ / Inward રીસીપ્ટની લેટેસ્ટ ફેસેલીટી
■ બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬
*Condition apply
■ ચાલુ વર્ષમાં Fastest Growing Bank - Business Growth 50% @ p.a.

Patel Tours & Travels®
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888

AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT

BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)
PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY
E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in


Parbatbhai Patel
M. : 98240 62711
Shivam Packaging
Shiv Packing Industries
સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી., પી.પી. રોલ અને શીટ,પી.પી. સુતળી, વુડન રોલ ● વાંસની પટ્ટી, H.M., L.D., P.P. Bags, ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ
શિવમ
Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka, Near Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow


• Corporate Office •
B-21, Corporate House,
Opp. Pakvan-2, S. G. Highway,
Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
E-mail : mahalaxmi@miplgroups.com
Website : www.miplgroups.com



AMBICA TIMBER MART
logs. lumber. select veneers.
Opp. The Grand Bhagwati,
S.G. Road, Bodakdev, Ahmedabad-54.
Tel. : 079-26855764, 26852438
E-mail : ambica9002@yahoo.co.in

અમદાવાદની સ્થાપનાથી તેના હેરિટેજ સ્ટેટસ સહિત અને વર્ષ 2022 સુધીના વિકાસની અપડેટેડ વિગતો.


અમદાવાદ
ગૌરવગાથા
કિંમત રૂ. 1600
અજાણિત ફોટોગ્રાફ સહિત રસપ્રદ અને રોમાંચક માહિતી
ડૉ. માણેક પટેલ 'સેતુ'
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-1, ફોન : 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હોલ સામે, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com

ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION
Full Urohephro Solutions

ડૉ.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઇન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ, બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત
ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

JAY ENTERPRISE
Products : Salt Speckles, Rock Salt (Sendha Namak), Rock Salt Sujji, Black Salt (Sanchar) & All Types of Edible & Industrial Salt
C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899


Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)